


# સવિવેચન
# ગુરુગુણઅમૃતવેલી રાસ

નમ્રતામૂર્તિ સ્વ. પૂ. આ. શ્રી **પ્રેમસૂરિ મહારાજે** પોતાની પંન્યાસપદવીના દિને આપેલ

**મનનીય પ્રવચન**

"આ માંગલિક પ્રસંગ તે પંન્યાસપદ માટેનો છે. પંન્યાસપદ એટલે અનુયોગાચાર્ય. એથી વર્તમાનમાં જે શ્રુત વિદ્યમાન હોય તે બીજાને વંચાવવાનો અર્થાત્ વાચના આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ખરેખર મને એવો બોધ નથી અને એવા મહાન પદને માટે મને પોતાને હું જરા પણ યોગ્ય માનતો નથી, તો પણ પદવીદાયક ગુરુદેવશ્રીની કૃપાથી પદને યોગ્ય નીવડી હું કૃતાર્થ થઈશ. મંત્રના આરોપણ પૂર્વક આ પદ અપાય છે. મંત્ર આરોપણથી જડ વસ્તુ પણ ઈષ્ટ સંપાદક બને છે. ગુરુમહારાજના પ્રભાવથી હું જડ હોવા છતાં યત્કિંચિત્ યત્નસાધક બનીશ એવી હું આશા રાખું છું."

સવિવેચન

# ગુરુગુણઅમૃતવેલીરાસ

: રાસકાર :

પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જગચ્ચન્દ્ર સૂ. મહારાજ

: વિવેચન :

પૂજ્ય મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિજયજી મહારાજ

: સંપાદન :

પૂજ્ય મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મહારાજ

: પ્રકાશક :

દિવ્ય દર્શન ટ્રસ્ટ
૬૮—ગુલાલવાડી
મુંબઈ–૪૦૦૦૦૪

पुस्तक परिचय :

પુસ્તક પરિચય :
પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પ્રેમસૂરીશ્વરજી
મહારાજાના જીવન/કવનને
વર્ણવતો
ગુરુગુણઅમૃતવેલીરાસ

નકલ-૧૦૦૦
મૂલ્ય-રૂા. ૨૫
વિ. સં.-૨૦૪૪

: પ્રાપ્તિસ્થાન :

દિવ્ય દર્શન ટ્રસ્ટ
૬૮, ગુલાલવાડી
મુંબઇ-૪૦૦૦૦૪

ભરતભાઈ ચતુરભાઇ
કાળુશીની પોળ
અમદાવાદ-૩૮૦૦૦૧

શાહ બાબુભાઇ કેશવલાલ
૪૬-૫૦, ગુલાલવાડી
રૂમ નં. ૧૯/ ૧લે માળે
મુંબઇ-૪૦૦૦૦૪

અરવિંદભાઇ એમ. શાહ
સંગમ સ્ટોર્સ/બરોડાબેંકની સામે
ફૂવારા પાસે/માણેક ચોક
અમદાવાદ-૩૮૦૦૦૧

: મુદ્રક :

જીતેન્દ્ર બી. શાહ * જીગી પ્રિન્ટર્સ
૩૦૫, મહાવીર દર્શન, કસ્તુરબા ક્રોસ રોડ નં. ૫,
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬
ફોન : C/O. ૩૧૭૮૧૦/૨૯૫૫૭૬

સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજયપાદ

આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની

દિવ્ય કૃપાથી

વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્ય દેવ

શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના

પ્રશિષ્યરત્નો

૧ પૂ. પં. શ્રી જયશેખર વિ. ગણિવરશ્રી

૨ પૂ. પં. શ્રી જગચ્ચન્દ્ર વિ. ગણિવરશ્રી

૩ પૂ. પં. શ્રી ગુણરત્ન વિ. ગણિવરશ્રીને

વિ. સં. ૨૦૪૪/જેઠ સુદ-૧૦/શનિવારના

અનુક્રમે

કોલ્હાપુર/બેન્ગ્લોર/પાદરલી (રાજ.) મુકામે અપાયેલ

આચાર્યપદના મંગલ પ્રસંગની

પુણ્યસ્મૃતિ નિમિત્તે

પ્રગટ થાય છે

સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

પ્રેમસૂરીશ્વરજી મહારાજાના

જીવન કવનને વર્ણવતો

સવિવેચન

# ગુરુગુણઅમૃતવેલીરાસ



અમારા ઉપકારી છે......

- વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ
  **શ્રીમદ્‌વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજા....**
  પ્રસ્તુત પ્રકાશનમાં જેમના અંતરના આશીર્વાદ અમને પ્રાપ્ત થયા છે....

- સંયમમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ
  **શ્રીમદ્‌વિજય જગચ્ચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા....**
  જેઓશ્રીએ આજથી લગભગ ઓગણીસ વર્ષ પૂર્વે આ રાસની રચના કરી....

- **પૂજ્ય મુનિરાજશ્રી જયસુંદર વિજયજી મહારાજા....**
  જેઓશ્રીએ વિવેચન સહિત રાસને સંપૂર્ણતયા તપાસેલ છે....

- **પૂજ્ય મુનિરાજશ્રી મહાબોધિ વિજયજી મહારાજા....**
  જેઓશ્રીએ પ્રસ્તુત પુસ્તકનું સંપાદન કરી આપેલ છે....

- **પૂજ્ય મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિજયજી મહારાજા....**
  જેઓશ્રીએ પ્રસ્તુત રાસ ઉપર વિવેચન લખી આપેલ છે....



પૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ વાત્સલ્યમૂર્તિ સ્વર્ગસ્થ
આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



પૂજય વર્ધમાન તપોનિધિ યુવાપ્રતિબોધક આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા



પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

સ્વ. પૂજ્ય આચાર્ય ભગવંત

**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

ના હસ્તાક્ષરમાં

**શ્રી નમસ્કાર મહામંત્ર**

नमो अरिहन्ताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्वसाहूणं
एसो पंच नमुक्कारो
सव्वपावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवइ मंगलं

द. प्रे. वि

# ✻ પ્રાસ્તાવિકમ્ ✻

સિધ્ધાન્ત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ. સા. ના પવિત્રનામથી શ્વે. મૂ. પૂ. જૈનસંઘમાં ભાગ્યેજ કોઇ અપરિચિત હશે. પર્યુષણના વ્યાખ્યાનમાં લગભગ બધાએ સાંભળ્યું હશે કે તીર્થંકરદેવ શ્રી મહાવીર ભગવાનના શાસનમાં જીવો મોટા ભાગે જડ અને વક્ર હોય છે. તેમાં અપવાદ હશે કે નહીં આવી શંકા એ પૂજ્યપાદશ્રીને જોતા જ શમી જતી હતી. વિદ્યમાન આગમ–પ્રકરણ–ચરિત્ર–કર્મસાહિત્ય વગેરે ગ્રન્થોનું તેઓશ્રીએ માત્ર અવલોકન નહોતું કર્યું, પણ ઊંડાણથી મર્મગ્રાહી અધ્યયન કરેલું. જડતાને તો જાણે સંપૂર્ણ દેશવટો જ દઇ દીધેલો. જૈન સાહિત્યના ટોચના વિદ્વાન રૂપે તેઓશ્રી સંઘમાં સુપ્રસિદ્ધ હતા. પંચમકાળમાં વિદ્વત્તા અને સરળતાનો સુમેળ જોવા મળવો સુદુર્લભ છે.

પોતાને મળેલી વિદ્વત્તાને તેઓશ્રીએ કદીયે દુરુપયોગ કર્યો ન હતો પરન્તુ શ્રી સંઘમાં કયારેક કયારેક સર્જાતી વિષમ સમસ્યાઓને કઇ રીતે હલ કરવી તેમાંજ પોતાની વિદ્વત્તાનો તેઓશ્રીએ સદુપયોગ કરેલો.

એવી વિરાટ નિર્મલ પ્રતિભાના સ્વામી પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામી ગયા પછી તેમના જીવનકવનની ઝાંખી કરાવતા ગુરુગુણ અમૃતવેલી રાસની રચના પૂ. મુનિરાજ શ્રી જગચ્ચન્દ્ર વિજય મહારાજે કરી હતી. આ મુનિરાજશ્રીનો સ્વર્ગસ્થ પૂજ્યપાદ પ્રત્યે સમર્પણનો ભાવ કોઈ ગજબ કોટિનો હતો. સ્વ. પૂજ્યશ્રીના પવિત્ર સાંનિધ્યમાં આ મુનિશ્રીએ પોતાનું જીવન કેવું ઉચ્ચ બનાવ્યું છે તેની ઝાંખી સાથે રાસના વાચકોને રાસ-

કર્ત્તાનો સુંદર પરિચય મળે તે માટે પાછળ પરિશિષ્ટ રૂપે તેમની જીવન ઝરમર જોડવામાં આવી છે. એ મુનિશ્રી ગણી અને પંન્યાસ થયા પછી હવે પૂજ્યપાદ ન્યાયવિશારદ ગુરુદેવ આચાર્યવર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ. સા. ના વરદહસ્તે આચાર્યપદે આરૂઢ થઇ રહ્યા છે ત્યારે આ જીવનઝરમર રૂપ તેમનો કિંચિત્ પરિચય અવસરોચિત ગણાશે. આ પરિચયનું આલેખન મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિજયજીએ કર્યું છે- તેમજ આ સમગ્ર રાસનું વિવેચન પણ તેમણે પોતાની આગવી રોચક છટાદાર શૈલીમાં ખૂબ સુંદર કર્યું છે. વાંચ્યા પછી વાચક જરૂર ધન્યતાને અનુભવ્યા વિના નહીં રહે.

ફક્ત રાસનું પ્રકાશન લગભગ ૧૯ વર્ષ પૂર્વે થયું હતું. તે પછી પૂ. પંન્યાસ શ્રી જયશેખર વિ. મ. તથા પૂ. પં શ્રી જગચ્ચન્દ્ર વિ. મ. તથા પૂ. પં. શ્રી ગુણરત્ન વિ. મ.ની આચાર્ય પદવીના મહોત્સવ નિમિત્તે પુનઃ તે સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીની પવિત્ર સ્મૃતિને તાજી કરાવતા આ વિવેચન સહિત રાસના પુનઃ પ્રકાશનને સૌ કોઇ સંયમપ્રેમી આત્મા આવકારશે. એમાં કોઇ શંકાને સ્થાન નથી.

આ પવિત્ર ચરિત્રના વાંચન-મનન દ્વારા સૌ પોતાના આત્માને ધન્ય બનાવે એ જ શુભેચ્છા.

—મુનિ જયસુંદરવિજય

કોલ્હાપુર દ્વિતીય જેઠ સુદ-૧૦

## મહાસાગરના મીઠા પાણી

સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા એટલે વાત્સલ્યનો મહાસાગર....એ મહાસાગરના પ્રતિબિંબમાં (ફોટામાં) રહેલા બે નેત્રોની સામે પણ આપણા બે નેત્રોને જો મીલાવી દઈએ તો આપણે જાણે કરુણારસથી ભીંજાઈ જતા હોઇએ એવો અનુભવ આજે પણ થાય છે. એ મહાપુરુષની જાદુઈ બે આંખો વાત્સલ્યરસના કુંભ જેવી હતી. દિવસો સુધી એ જાદુઇ કુંભમાં રહેલ વાત્સલ્યરસનું આપણી આંખોથી આચમન કરીએ તોય આપણને તૃપ્તિનો અનુભવ ન થાય.

વિ. સં. ૧૯૫૭ના કારતક વદ-૬ ના મંગલદિવસે સિદ્ધગિરિની તળેટીની પવિત્ર ભૂમિ પર આ મહાસાગરનો ઉદ્ભવ થયો. લગાતાર ૬૮ વર્ષ સુધી એ મહાસાગરે ભારતભ્રમણ કર્યું. સંયમી મહાપુરુષના વિરહથી સંતપ્ત બનેલી એ ગામ-નગર-દેશની ધરા આ મહાસાગરના વિચરણથી સંતૃપ્ત બની.

દરિયા કિનારે નજદીકમાં ઉભેલાને જેમ દરિયાના પાણી ભીંજાવી નાંખે છે તેમ આ મહાપુરુષની નિકટમાં જે ભવ્યાત્માઓ આવતા તેઓ તેમના વાત્સલ્યવારિથી ભીંજાઈ જતા. એ મહાપુરુષના અંગે અંગમાંથી જાણે વાત્સલ્યના વહેણ વહેતા હતા.

દરિયાકિનારે ફરવા ગયેલાને ખબર હશે કે દરિયામાં અમુક સમયે ભરતી અને અમુક સમયે ઓટ આવે છે. કયારેક આંધી અને કયારેક તોફાનો પણ ઉભા થાય છે. આ મહાસાગરના જીવનમાં પણ ભરતી-ઓટ અનેઆંધી-તોફાનના પ્રસંગો ઉભા થયેલા.

પણ સદાય શાન્ત-પ્રશાન્ત ગતિથી જ વહેવા માટે ટેવાયેલા આ મહાસાગરની ગતિમાં એ ભરતી-ઓટ કે આંધી-તોફાનો ક્યારેય રૂકાવટ કરી શક્યા નહિ.

સાગર માટે કહેવાય છે કે એ ક્યારેય મર્યાદાનું ઉલ્લંઘન ન કરે. આ મહાપુરુષ પણ મહાસાગર જ હતા ને! એમના સંયમ જીવનમાં મર્યાદાને ખૂબ ઉંચુ સ્થાન મળેલું. એમને પૂરો ખ્યાલ હતો કે જેમ સીતાજીએ લક્ષ્મણરેખાને ઓળંગી માટે રાવણ એમને ઉપાડી ગયો તેમ સાધુઓ જો સંયમજીવનની લક્ષ્મણરેખાને ઓળંગે તો અનેક દોષો રૂપી રાવણો તેમને ઉપાડી જાય. માટે જ તો તેઓ પોતાના નિશ્રાવર્તી અને આજ્ઞાવર્તી શ્રમણોને સંયમ જીવનની મર્યાદાઓના પાલન માટે ખૂબ ગંભીર અને કડક ચેતવણી આપતા.

કલકલ વહેતી નદીના બે છેડા જોવા મળે પણ સાગરના બે કિનારા તો ક્યારેય જોવા ન મળે. આકાશ જેવી વિશાળતાને ધરાવતો હોવાથી સાગર અનંત છે. સાગર જેમ અનંત છે તેમ અતલ પણ છે. દરિયામાં ગમે તેટલા ઊંડા ઉતરો પણ એનું તળીયું ક્યારેય દેખાય નહિ.

મહાસાગર સમા આ મહાપુરુષના જીવનમાં પણ સાગરની આ બે મહાન વિશેષતાનો સુભગ સંગાથ જોવા મળતો હતો. ઉદારતા, નમ્રતા, સરળતા, નિરીહતા, વિદ્વત્તા, દાક્ષિણ્ય, સંતોષ, ક્ષમા, ઇન્દ્રિયવિજય વગેરે અંત ન આવે એટલા ગુણોથી વિશાળ બનેલું એમનું જીવન સાગર જેવું અનંત હતું. ગંભીરતાનો ગુણ પણ એમના જીવનમાં એવો જ વિકસ્યો હતો. શાસ્ત્રીયપરિભાષામાં તેઓશ્રીને અલબ્ધમધ્ય કહી શકાય. ગમે તેટલી ગંભીર વાતને એક વખત સાંભળ્યા પછી પેટના એવા અતલ

ઊંડાણમાં એ વાતને સમાવી દેતા કે સાથે રહેલા સાધુને પણ એ વાતની ખબર ન પડે માટે જ તો શ્રમણસંઘના પાપભીરુ આત્માઓ પોતાના અપરાધને ખુલ્લા દિલે તેઓશ્રીની પાસે એકરાર કરવામાં ક્યારેય શરમ કે સંકોચ અનુભવતા નહિ.

દરિયામાં ઊંડા ઉતરનાર મરજીવાને ડૂબકી મારતા અનેક મોતીના દર્શન થાય છે. આ મહાસાગરે પણ મોતી જેવા અનેક શિષ્યોને પકવ્યા. મરજીવા બનીને આપણે એ મહાપુરુષના જીવનમાં જરા ઊંડા ઉતરીએ તો મોતી જેવા તેજસ્વી શિષ્ય-પ્રશિષ્યોના દર્શન થશે. જેમાંના કેટલાક ઉચ્ચ સંયમી, તેજસ્વી વક્તા, શ્રેષ્ઠ લેખક, વિશાળજ્ઞાની, ઘોર તપસ્વી અને શાસન પ્રભાવક છે.

આ મહાપુરુષનો શાસ્ત્રપ્રેમ અને શિષ્યપ્રેમ પણ ગજબનો હતો. શાસ્ત્રોના પાનામાં જ્યારે તેઓ ઊંડા ઉતરી જતા ત્યારે કલાકોના કલાકો સુધી તેઓ એવા મસ્ત બની જતા કે ભૂખ, તરસ અને થાકને પણ ભૂલી જતા. શિષ્યપ્રેમ પણ એવો અદ્ભુત હતો કે શિષ્યોને તેમનાથી ક્યારેય એક ઘડી પણ છૂટા પડવાનું મન ન થતું.

૬૮ વર્ષ સુધી નિરન્તર સ્વ-પરનું કલ્યાણ કરતો આ મહાસાગર સ્થંભનપુર (ખંભાત) ની પુણ્યભૂમિ પર વહી રહ્યો હતો. વિ. સં. ૨૦૨૪ ની ગોઝારી સાલ આવી. વૈશાખવદ–૧૧ ની કાળરાત્રિનો ઉદય થયો. ૧૦ કલાક ને ૪૦ મીનીટનો સમય થયો. મહાસાગર ઉપર વંટોળીયો ફૂંકાયો. શ્રમણ સરિતાઓ મહાસાગરને ઘેરી વળી. મહાસાગર સાવધ થઈ ગયો. મહાસાગરના મંગલ મુખમાંથી વીર વીર....નો અંતિમ ઉચ્ચાર નીકળ્યો. મહામન્ત્રનો ઉચ્ચાર ખંભાતની જૈન શાળાની દિવાલ સાથે ટકરાઇને દિગન્તમાં ફેલાઈ ગયો. સાથે સાથે મહાસાગરના આત્માએ પણ પૃથ્વીતલ પરથી વિદાય લીધી. ચારે બાજુ વિરહનો રણ પથરાઈ ગયો. શ્રમણ સંઘની આંખો આંસુઓથી ઉભરાઇ ગઇ.

સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીની પ્રથમ વાર્ષિક તિથિએ અંતરથી ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પવા માટે રાસકાર પૂ. જગચ્ચન્દ્ર વિજયજી મહારાજે (હાલ આચાર્ય શ્રી જગચ્ચન્દ્ર સૂ. મ.) સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ઉત્તમ ગુણમય જીવનને ગુરુગુણ અમૃતવેલી રાસમાં મઢવાનો નિર્ધાર કર્યો. નિર્ધાર મુજબ મનોહર રાસની રચના શરૂ થઈ અને પિંડવાડા મુકામે પ્રથમ વાર્ષિકતિથિએ રાસની સમાપ્તિ થઈ.

પ્રસ્તુત રાસ એ અર્વાચીન કૃતિ હોવા છતા પ્રાચીન કૃતિ સાથે સરખામણી કરી શકાય તેવી સુંદર કૃતિ છે. ભાષા પ્રાસાદિક છે. ગાતા ગાતા સ્વ. પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ અને આદર ભાવ ઉત્પન્ન થાય તેવી મનોરમ કૃતિ છે. સ્વ. પૂજ્યશ્રીના જીવનની મુખ્ય મુખ્ય વિશેષતાઓને આમાં વણી લેવામાં આવી છે. રાસમાં વપરાયેલા વિવિધ પ્રાસો, ઉપમાઓ અને અલંકારો જોતા રાસકારની વિદ્વત્તા પણ જણાઈ આવે છે.

સોળ વર્ષ સુધી નિરંતર આ મહાસાગરના સાંનિધ્યમાં રહેનાર રાસકાર આ મહાસાગરનું મોંઘેરું મોતી છે. તેથી આ રાસની વિશ્વસનીયતામાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. તેઓશ્રીની આચાર્યપદવી નિમિત્તે આ રાસ જ્યારે વિવેચન સાથે બહાર પડે છે ત્યારે તેમનો જીવન પરિચય દર્શાવવો પણ યોગ્ય ગણાય. રાસની પાછળ આ જીવન પરિચય જોડવામાં આવેલ છે. રાસકાર પૂ. આ શ્રી જગચ્ચન્દ્ર સૂ. મ. જૈન શાસનનું ઝળહળતું રત્ન છે. સમુદાયના વિદ્વાન મુનિઓને તેમના પર કેટલો અહોભાવ છે તે તર્કસમ્રાટ પૂજ્ય શ્રી જયસુંદર વિજયજી મહારાજે આચાર્યપદ પ્રસંગે રાસકારના શિષ્યો ઉપર લખેલ એક પત્ર પરથી જાણવા મળે છે. સહુના દિલમાં આચાર્યદેવશ્રી પ્રત્યે અહોભાવ ઉત્પન્ન કરાવે એવો આ પત્ર હોવાથી અક્ષરશઃ અત્રે આપવામાં આવે છે.

"પૂજ્યપાદ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના સમુદાયમાં કોઈ દર્શનમાં કોઈ જ્ઞાનમાં અને કોઈ સંયમમાં પ્રગતિ સાધનારા છે. જ્યારે જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેમાં પ્રગતિ સાધનારા શોધવા હોય તો પહેલી નજર પૂ. મોટાગુરૂદેવશ્રી પ્રત્યે જાય અને પછી બીજી નજર તમારા પૂ. ગુરૂદેવશ્રી ઉપર ઠરે તેમ છે. ખરેખર એ નિઃસ્પૃહતાના આકર છે, સ્વાધ્યાયના ભેખધારી છે અને સંયમની કાળજીમાં સૂક્ષ્મદર્શક યન્ત્ર જેવા છે. ખંભાતમાં પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની નજીક અને બરાબર સામે જ તેમનું આસન રહેતુ હતુ. તમામ તત્ત્વવિચારણામાં પૂજ્યશ્રી તરત જ 'જગચ્ચન્દ્ર !' એમ કહીને એમને બોલાવતા. અને તમારા ગુરૂદેવ પણ એક એક કામમાં પૂજ્યશ્રીને પૂછતા. નાની નાની બાબતો પણ પૂજ્યશ્રીને જણાવતા. ખરેખર તેઓ ખૂબજ ગુણીયલ છે.'

પ્રાન્તે પ્રસ્તુતરાસને વિવેચન સાથે વાંચીને સહુ ગુરુભક્ત આત્માઓ સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના જીવન ભુવનમાં પથરાયેલ ગુણ-વૈભવમાંથી એકાદ ગુણના અંશને પ્રાપ્ત કરે એજ મંગલકામના.

સં. ૨૦૪૪
અષાઢ સુદ-૬
મુલુન્ડ

મુનિ મહાબોધિ વિજય

## સ્વાતી! તારું મોતી

ન 'સ્વાતિ' નક્ષત્રમાં કોઈ વૈભવ છે ! ન આકાશી-આંખનું એક આંસુ લાખેણું છે ! કે ન મહાસાગરની એ છીપ રત્ન-પ્રસૂ છે !

બડભાગી તો એ ત્રિભેટો છે જે ત્રિભેટે જળનું એક બિંદુ સિન્ધુની છીપમાં મોતી બનવા ધરબાઈ જતું હોય છે અને સ્વાતિ એ બિન્દુને મોતી બનાવતું હોય છે.

કોઇ લાખેણી પળ આવે છે અને એ પળ જે સર્જન કરી જાય છે એ યુગ-યુગ પછીય અજર અને અમર ભાસે છે !

કયાં વિરાટ વિશ્વ ? અને કયાં પિંડવાડા ? છતાંય એની રત્નપ્રસૂ ધરતીએ લાખેણી કો પળે એક એવા સંતનું સર્જન કર્યું જે સંતના જીવનમાં સદાય નકલંક ચારિત્રની વસંત હસતી રહી !

જીવન એનું તપોવન હતું ! ચારિત્ર એનું પવિત્ર ગંગા-જળ હતું ! વૃત્તિ-પ્રવૃત્તિમાં એની શાસન કાજેની ન્યોચ્છાવરીનો સિંહ-સાદ હતો !

૩૦૦ ની સાધુ-સેનાનો જે નિડર સેનાની હતો છતાં ય જેનું જીવન એક સાદા સાધુની અદાનુ હતું ! કાળ પ્રભાવે દુર્ગમ થતા 'કર્મ-સાહિત્ય'ની સુગમતા કાજે જ નહિ પણ વિશદ રચના કાજેયજે આજીવન કટીબદ્ધ હતો ! વિરાગ જેનો આશ્ચર્ય જન્માવે એવો હતો !

એક દિવસ જગતની આંખ રોતી જ રહી અને મરૂધરનો એ મહાસંત હસતો હસતો ચાલ્યો ગયો !

'સ્મૃતિ-મંદિરો' કરતાંય 'ચારિત્ર્ય સુવાસ' એની સ્મૃતિને વધુ ચિરંજીવ રાખે એવી છે.

આ એક એવું કવિત છે જેમાં એ સંતની સુવાસ મહેક મહેક કરી રહી છે. કવિ છે આના મુનિપ્રવર શ્રી જગચ્ચન્દ્ર વિજયજી મહારાજ ! સ્વ. ગુરૂદેવશ્રીજીના એક કૃપાપાત્ર મુનિવર.

—પૂર્ણચન્દ્રવિજય

[મૂળ રાસની પ્રથમ આવૃત્તિમાંથી સાભાર]

## ꕥ રાસ અને રાસકારને મળેલા આવકાર ꕥ

તા. ૧૧-૮-૬૯　　　　માંડવી ચોક જૈન દેરાસર રાજકોટ

બહુગુણ સંપન્ન વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જગચ્ચન્દ્ર વિજયજી... ચન્દ્રશેખર વિ. ની સાદર વંદનાવલી સુખશાતામાં હશો.

આપણા તરણ તારણહાર આપણુ સર્વ સર્વસ્વ, પૂજનીય (ગુરુ) માતાજીના ગુણાનુવાદનું ગ્રંથરત્ન જોતા તો અત્યંત આહ્લાદ છાઈ ગયો અંતરમાં !

એ વંદનીય (ગુરુ) માતાજીના સુવિશુદ્ધ ગુણો ઉપર તમે ચિંતન કર્યું, એને ગ્રંથસ્થ કર્યું એ બદલ તમારા ચરણોમાં મારા લાખ લાખ વંદન ! તમે અતીવ સુંદર સર્જન કર્યું છે.

એમાં ય જે વિરહગીત છે એમાં તો કમાલ કરી નાખી છે. ખૂબ જ કરૂણ બનાવ્યુ છે. × × × એજ

ચંદ્રશેખર....ની વંદના

ꕥ

---

શ્રી વીતરાગાયનમઃ

ફા. સુ. ૧૩ પીંડવાડા

પૂજ્ય મુનિરાજ શ્રી જગચ્ચન્દ્ર વિ. મ.ની સેવામાં વન્દના. પરમ કૃપાળુ પ્રાતઃ સ્મરણીય પરમોપકારી પરમ ગુરૂભગવંત આરાધ્યપાદ શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજાની અમૃત વેલીમાં સારૂ અમૃત તારવી તેનું પાન ભકતજનોને અને આમ જનતાને કરાવવામાં ખરેખર સત્યભર સાદશ્ય ગુણોનું જ સિંચન કર્યું છે. અતિશયોક્તિ નહિ અને સકળ દશ્ય ગુણોનું આકર્ષણ એ છે આ લઘુ રાસનો અર્ક.

ખરેખર પરમ ગુરૂદેવના ગુણદેહનું આ હૂબહૂ ચિત્ર છે. એમા છે ભકત હૃદયની સ્વચ્છ ગુણગ્રાહી ભકિત અને સ્થિત-ગુણોને ઉપસાવવાની શકિત......

સેવકને પણ પરમ પુણ્યર્ધિનો કૃપા પરિચય અને ગુણ-શ્રેણિ પ્રગટ-અપ્રગટનો લઘુ પ્રકાશ જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયુ છે.　　　—ભુવનચંદ્રની વંદના

શ્રી બેંગ્લોર નગરે (કર્ણાટક મધ્યે) વર્ધમાન તપોનિધિ, દ્વિશતાધિક મુનિગણ નેતા, અપ્રમત્તા રાધક, શાસન હિત ચિંતક પ. પૂ. આ. દેવ શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે આચાર્ય પદને પ્રાપ્ત કરનાર, પ્રશમનિધિ સંયમમૂર્તિ પ. પૂ. નૂતન આચાર્યદેવ જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના ૩૬ વર્ષના નિર્મળ દીક્ષા પર્યાયની અનુમોદનાર્થે સવિવેચન ગુરુગુણઅમૃતવેલી રાસના

રૂા. • **દ્રવ્ય સહાયકની નામાવલી**

૩૦૦૧ પૂ. આ. ભ૦ જગચ્ચંદ્રસૂરિ મ. ના પદવી પ્રસંગે હાજર રહેલ સંસારી વતન–કરબટીયા–પીંપળદર ના વતની તથા અન્ય સ્વજન સંબંધિ તેમજ જ્ઞાતીય વર્ગ તરફથી.

૨૫૦૧ જૈન પૌષશાળા દાદર આરાધના ભુવન–દાદર મુંબઈ૪૦૦૦૨૮

૧૫૦૧ શાહ પુખરાજ રાયચંદ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ.
પાંચ બંગલા. સાબરમતી અમદાવાદ–૫

૧૦૦૧ પૂ. કનકસુન્દર વિ.મ.ના સંસારી પિતા શ્રી સ્વ. કાંતિલાલ જગજીવન દાસ શાહ બોટાદવાળા....

૧૦૦૧ મહેતા રીખવદાસ અમીચંદજી પિંડવાડા...

૧૦૦૧ સ્વ. કંકુબેન ઓટમલજી જાવાલવાલા હસ્તે–સુપુત્ર
અંબાલાલ રસીકલાલ પરિવાર (વિજયવાડા)

૧૦૦૧ શાહ અમીલાલ રતિલાલ વાધર.
પંચશીલ ઓપ્ટીશીયન મુલુંડ–મુંબઈ.

૧૦૦૧ કુમારપાળ વી. શાહ
દિવ્યદર્શન કાર્યાલય ૩૮, ગુલાલવાડી મુંબઈ–૪૦૦૦૦૪.

૧૦૦૧ દીપચંદજી રીખબદાસજી પોરવાળ જાવાલવાલા હસ્તે
નરેન્દ્રકુમાર દીપચંદજી મહાવીરનગર કોલ્હાપુર.

૧૦૦૧ "અરિહંત ભક્તિ પ્રકાશ" ના ફંડમાંથી બચેલ રકમ.

૧૦૦૧ પૂ. નિર્મોહચન્દ્ર વિજયજી મહારાજની પ્રેરણાથી તેમના સંસારી કુટુમ્બી શાહ મગનલાલ વસંતલાલ. દિનેશચંદ્ર હીરાચંદ, ચંદ્રકાંત કિરીટકુમાર આદિ મનરૂપજી પરિવાર બરલુટ વાલા

૧૦૦૧ સ્વ. સવિતાબેન નેનમલજી, માંડવલા હાલ–બેંગ્લોર

# અનુક્રમણિકા


| ઢાળ | ગાથા | વિષય | પેજ |
|---|---|---|---|
| દુહા | ૫ | રાસનો ઉપક્રમ | ૧ |
| ૧ | ૧૭ | જન્મથી દીક્ષા | ૮ |
| ૨ | ૧૩ | દર્શન-જ્ઞાનગુણ વર્ણન. | ૧૭ |
| ૩ | ૧૯ | ચારિત્રગુણ વર્ણનમાં મૂલોત્તર-ગુણ તથા પંચાચાર વર્ણન | ૨૬ |
| ૪ | ૨૮ | પરિષહાદિ સહનશીલતા, વાત્સલ્ય, બ્રહ્મચર્ય, લઘુતા આદિ વર્ણન. | ૩૬ |
| ૫ | ૨૧ | નિસ્પૃહતા, પરગુણાનુમોદન, સ્વપ્રશંસા અશ્રવણ, આજ્ઞાપ્રતિબદ્ધતા, પરહિત-ચિંતા, ગ્લાન સાધુસેવા, સમાધિદાન, સમુદાય-સંયમ-રક્ષાનું બંધારણ કરવું, દોષશુદ્ધિ, હિતશિક્ષાપ્રદાન વગેરે.... | ૪૮ |
| ૬ | ૪૧ | ગણિપદ-પંન્યાસપદાદિ પદો, ગચ્છપાલન, લોકમાં ગચ્છના ગુણગાન, શિષ્યાદિકની અતિશય ભક્તિ, શાસન રક્ષા, શાસન-પ્રભાવનાદિ ભવ્ય પ્રભાવક ઇતિહાસ. | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ૨૪ | ચરમચાતુર્માસ, સ્વાસ્થ્ય–અસ્વાસ્થ્ય, શિષ્યપ્રશિષ્યાદિ પરિવારનું આગમન, સમાધિ, એકાગ્રતા હેતુ સમાધિ વિચારાદિના સતતશ્રવણ, જીવનનો અંતિમ દિવસ, અંતિમ આરાધના, દેહત્યાગ, સંયમાદિ આધારના વિયોગે શિષ્યાદિના રુદન. | ૭૮ |
| ૮ | ૧૭ | મુનિજગતનો વિલાપ. | ૮૯ |
| ૯ | ૨+૧૦ | ઉત્તરક્રિયા તથા ગુરુવિરહાલંબને ભવ્ય જીવોની આરાધનાઓ. | ૧૦૦ |
| કળશ | ૨ | રાસ રચના, રચના સ્થળ, સમય, રાસકર્તા, રાસ કર્તાના ગુરુ–પ્રગુરુ વગેરે સંબન્ધ. | ૧૦૧ |

॥ નમો નમઃ શ્રી ગુરુ પ્રેમસૂરયે ॥

સવિવેચન

# ગુરુ ગુણ અમૃતવેલી રાસ

### દુહા

શ્રીમતી ! ભગવતિ ! શારદે યાચું વયણ વિકાસ
ગુણગાવા ગુરુરાયના જેણે દીધ પ્રકાશ ૧

"પ્રેમ" નામ જશ શુભ હતું પ્રવચન પ્રેમ અમાન
પ્રેમપૂર જસ પામતાં ભવ્ય જગત દુઃખ હાન ૨

જસ પ્રેમે જગ પામીયા રત્નત્રયી અભિરામ
તસ વિરહો થાતાં જગે દુઃખ પ્રસર્યું અવિરામ ૩

જસ સૂરત પણ અમહતી સંયમ પ્રેરણ દાય
જીવન અગણિત ગુણ ભર્યું અમથી કેમ ગવાય ૪

પણ આધાર અબ એ વિના અમને દીસે ન કોય
તબ ગુણગણ તસ ઉર ધરી ગુણ લહીશું અમે સોય. ૫

## 卐 વિવેચન 卐

કતલખાનાઓ અને મયખાનાઓથી ઉભરાઈ ઉઠેલી આ પૃથ્વીપર મહાપ્રલયો કેમ સર્જાતા નથી ?

હિંસકતા અને નાસ્તિકતાના શિખર પર આરુઢ થયેલી આ દુનિયાને કાળ પુરુષ એકજ કોળીયામાં હજુંય કેમ ગળી જતો નથી ?

દરીયો ગાંડોતૂર બનીને આ પાપપૃથ્વીને હજુ ય કેમ ડૂબાડી દેતો નથી ?

સૂર્યના ગોળામાંથી જલતા અંગારા વરસી ને આ પાપ દુષ્ટ પૃથ્વીને હજુ ય કેમ બાળી નાંખતા નથી ?

અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓના શસ્ત્રાગારોમાં પડેલા વિશ્વનાશક ભયાનક બોમ્બ સ્વયં ફૂટી જઈને હજુ ય પૃથ્વીને નામશેષ કેમ કરતા નથી ?

શું આ દારૂણ પરિસ્થતિનો પ્રસવ કરે તેવો પાપભાર આ પૃથ્વી પાસે નથી ? ના કોણ કહી શકે ?

છતાં ય રોજ નિયમિત સૂર્ય ઉગે છે અને ક્રમથી સૂર્ય ઢળે છે.

પાનખર પછી ક્રમે હજુ ય વસંત ડોકાય છે.

મેઘ વરસીને હજુ ય ધરતીને હરિયાળીથી મઢી દે છે.

વાયુ વાય છે, વૃક્ષો ઉગે છે, નદી છલકાય છે, ધાન્ય પાકે છે, અને ગાયો દૂધ દે છે.

કારણકે આ પૃથ્વીતલ ઉપર મયખાનાઓની સામે ટક્કર ઝીલનારા પવિત્રતાના મંદિરો પણ છે. વિલાસનો પ્રતિકાર વિરાગથી આજે ય થઇ રહ્યો છે. મહાયોગીઓનો શીતલ શ્વાસોશ્વાસ ભીષણ શસ્ત્ર સરંજામના કારમા અગ્નિને ઠારી દે છે.

ઉપાશ્રય, મંદિર કે ગુફાઓના ખૂણામાં બેસીને ઇન્દ્રિય નિગ્રહની ઉચ્ચતમ આરાધના દ્વારા એ અવધૂતો યાંત્રિક કતલખાનાઓની પાશવી તાકાતોને પડકારતા હોય છે, પાંચ ઇન્દ્રિયોના જાલિમ વિષયોના તોફાની દરીયામાં અટવાતા માનવીને એ તેજપુંજોના જીવનમાંથી પ્રસરતો અધ્યાત્મનો દિવ્ય પ્રકાશ દીવાદાંડીની જેમ દોરી રહ્યો છે.

વૈભવ વિલાસમાં બેભાન બનીને જગત વિષપાન કરે છે પણ અજ્ઞાત અને અવ્વલ આત્મસાધકોની પ્રચંડ સાધનાની ઔષધિને કારણે તે ઝેર કોઈ કટુવિપાક ચખાડી શકતું નથી.

એ વિરલ વિભૂતિઓની પવિત્ર આત્મસાધના સમગ્ર વિશ્વના ક્ષેમકુશળની ધરી છે. કેટલાક દર્શનો માને છે કે શેષનાગના મસ્તક પર આ સમગ્ર પૃથ્વી ટકેલી છે. અધ્યાત્મયોગી આત્માઓની વિરલ આત્મસાધના એજ શેષનાગનું મસ્તક છે જેના આધારે વિશ્વ ટકી રહ્યું છે.

આવા યોગીઓની યોગસાધના એજ જગતની મંગલમયતાનો પ્રાણ છે. એવા અવધૂતોએ ઘૂંટેલા સાધનાના અમૃતથી જ જગત તંદુરસ્ત છે. આ મહાપુરુષો દુનિયાના દેહ પરનું મનોહર આભરણ બને છે, કારણ કે દુનિયા તે મહાપુરુષોથી શોભી ઉઠે છે.

પણ...જન્મ પછી મૃત્યુનો સનાતન અબાધિત ક્રમ મહાપુરૂષોને પણ છોડતો નથી. તે ક્રમ સચવાય છે અને મહાપુરુષો દેહથી વિલય પામે છે. તે જ્યાં જાય છે ત્યાંની શોભા તો સોળે કળાએ ખીલી ઉઠે છે પણ અહીંની શોભા ખરી પડે છે. દુનિયા ઉના આંસુ સારીને તે વિભૂતિને અંજલી આપે છે.

પૃથ્વી પરનું એવું જ એક અનુપમ આભરણ સં. ૨૦૨૪ વૈશાખવદ ૧૧ની અંધાર રાત્રિએ ખરી પડ્યું હતું વાત્સલ્ય

વારિથી છલકાતી જેની હૃદય સરિતા પરથી વહેતો શીતલ સમીર ત્વચાને સુખદ સ્પર્શની અનુભૂતિ કરાવતો, જેના ગુણોનું કીર્તન જીહ્વાને પરમ માધુર્યનો આસ્વાદ આપતું, જેના નૈષ્ઠિક બ્રહ્મચર્યની સુવાસ ઘ્રાણેન્દ્રીયનો અપ્રતિમ વિષય હતો, જેનું અનુપમ આત્મ-સૌંદર્ય દર્શકની દૃષ્ટિમાં પાવિત્ર્યનું અંજન પૂરતું, જેની સમગ્ર જીવન વીણામાંથી પ્રસરતું સમત્વનું અસ્ખલિત દિવ્ય સંગીત કર્ણયુગલને પરમાહ્લાદ પમાડતું, તે પરમ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** આ ધરતી ઉપરનું એક અનુપમ આભૂષણ હતા.

તેઓશ્રીનું પવિત્ર અસ્તિત્વ ન જાણે પ્રેમની એક વિરાટ સૃષ્ટિ હતી. શાસન પ્રત્યેનો અને જીવમાત્ર પ્રત્યેનો પ્રેમ તેઓશ્રીના હૃદયમાં ઠાંસીને ભર્યો હતો. તેઓશ્રીની પ્રેમપૂર્ણ દૃષ્ટિ જાણે વિશ્વના દુઃખડુંગરાઓને ઉખેડી નાખતી વજ્રકુહાડી હતી. તે મહાપુરુષની કરૂણા નીતરતી દૃષ્ટિમાં એક જાદુ હતો, તે જાદુઇ દૃષ્ટિ જેના પર પડતી તેનું મોહઘેન ઉતરવા લાગતું. રાગદ્વેષના બંધનો શિથિલ બનવા માંડતા. તે મહાપુરુષની કરૂણા જેના પર ઉતરતી તેના અંતરમાં વૈરાગ્યની જ્યોત પ્રગટતી. સર્વ જંજાળમાંથી મુક્ત થવાની ઉત્કટ ઝંખના તેના હૃદયમાં જાગતી અને તેથી આ મહાવિભૂતિની કરૂણાદૃષ્ટિથી પવિત્ર અને ભાવિત બનીને કૈંક આત્માઓ મોહમાયાના જાળા સમા આ સંસારને તિલાંજલી આપીને મહાપંથના યાત્રિક બન્યા હતા. સઘળાય સંસારને શિવનિર્માલ્ય ગણીને મહાભિનિષ્ક્રમણ દ્વારા સેંકડો આત્માઓએ પરમશ્રેયને કાજે એ પુનિત પુરુષના પવિત્ર ચરણોનું શરણું સ્વીકાર્યું. આ રાસના કર્તા પણ એ સેંકડો શ્રમણોમાંના જ એક ધન્ય પુરુષ છે. તેથી ત્રીજા દુહામાં તેમણે એ પરમ ઉપકારને કૃતજ્ઞ ભાવે યાદ કર્યો છે.

સહુના હૃદયની અદ્ભુત ચાહના પ્રાપ્ત કરીને આ અજાતશત્રુ મહાપુરુષ જ્યારે આ મર્ત્યદેહને અહિં છોડીને પરલોક સીધાવ્યા ત્યારે સહુના હૃદય ભાંગી પડયા, આંખો છલકાઇ ઉઠી અને મુખપર શોકના વાદળ છવાઈ ગયા ! વૈશાખની તપ્તધરા ઊંડો નિસાસો નાખી રહી. આ મહાપુરુષનો દેહ વિલય કોને વિષાદ ન ઉપજાવે ?

જેમનું અસ્તિત્વ માત્ર પણ પુનિત પ્રેરણાનું નિર્મળ ઝરણું હતું. જેમનો સૌમ્ય, તેજસ્વી અને ગંભીર ચહેરો પણ નિરંતર વહેતુ એક પ્રવચન હતું જાણે ! પુષ્પ ભલે ખરી પડયું, સુવાસ તો પ્રસરેલી જ રહી. તે મહાવિભૂતિનો દેહ વિલય પામ્યો, પણ ગુણગણની સુવાસથી તે અમર જ રહ્યા. તેઓશ્રીએ આપેલા સુવિશુદ્ધસંયમધારક શ્રમણોના વિપુલ વારસાથી તે ચીરંજીવ બની રહ્યા. તેઓશ્રીએ આપેલો કર્મસાહિત્યનો વિરાટ વારસો જોયા પછી તેમને મૃત કોણ માને ? એ મહાપુરુષના એ અનુપમ ગુણોનું કીર્તન એ સાક્ષાત્ તેમની પૂજા સમાન જ છે. અને સત્પુરુષોના ગુણોનું કીર્તન એ ગુણોને પામવાનો રાજમાર્ગ છે.

વનસ્પતિ દુનિયામાં કેટલીક આશ્ચર્યજનક વેલડી જોવા મળે છે. પોષણ અને ખોરાક માટે તે પોતાના મૂળીયાને જમીનમાં ઊંડે સુધી નાખવાની મહેનત કરતી નથી, છતાં તે હંમેશા લીલીછમ રહે છે. કારણકે ઊંડે સુધી મૂળ પહોંચાડીને ખાતર અને પોષણ પામેલા કોઇ ઘટાદાર વૃક્ષના થડ સાથે તે પોતાના મૂળીયાનો સંપર્ક જોડી દે છે. આ વેલડીને લોકો પરોપજીવી વેલડીના નામથી ઓળખે છે. બીજાના વિકાસ પર પોતાનો નિર્વાહ ચલાવવાની એકેન્દ્રિય વનસ્પતિની ચાલાકી કેવી ?

તેમ કોઈપણ ગુણનું પ્રાગટ્ય જીવનમાં પ્રચંડસાધનાની અપેક્ષા રાખે છે. તે પ્રચંડ સાધના ફોરવવાનું કમસત્વ જીવે નું ગજું તો કયાંથી હોય ? પણ જેમણે પ્રચંડ સાધના ફોરવીને નિર્મળ ગુણ ગણને આત્મસાત્ કર્યા છે. એવા મહાપુરુષોના ગુણપુષ્ટ જીવન સાથે જે ગુણકીર્તન દ્વારા સંપર્ક જોડી દે છે તેનામાં તે અનુપમ ગુણોનું સંક્રમણ થાય છે.

તેથી ગુરૂવિરહથી અતિવ્યથિત બનેલા કવિ મુનિવર પણ આ સ્વર્ગસ્થ મહાન ગુરુદેવનાં ગુણકીર્તન દ્વારા પોતાના આત્માને ગુણોથી ભાવિત કરવા ઉલ્લસિત બને છે. તે પરમબ્રહ્મનિષ્ઠ તેજપુંજમાં અનુપમ ગુણોનું કીર્તન કરવા કવિ ઉલ્લસિત તો બન્યા પણ હવે એક મૂંઝવણ અનુભવે છે.

"તે ધન્ય પુરૂષનું જીવન તો ગુણગણના ઉત્તુંગ ગિરિવરિયા જેવું હતું. હું મંદબુદ્ધિ એટલે એક પંગુ, પંગુ એવો હું એ ગુણગિરિની મહાઉંચાઇ સુધી શે પહોંચીશ ? તેઓશ્રીનું જીવન તો અતિ ભવ્ય હતું અને હું તો ભાષાનો દરિદ્ર છું. તેના ગુણોનું કીર્તન કરવા જતાં અલ્પોક્તિ આદિ દોષોથી તેઓશ્રીનાં ઉચ્ચ જીવનનું અવમૂલ્યન તો હું નહિ કરી બેસું ને ?"

તેથી કવિરાજ મા શારદા પાસે વર્ણનસામર્થ્યની યાચના કરે છે.

"હે ! મા સરસ્વતિ ! જે તેજ પુંજે અમારા અંધારા જીવન ભુવનમાં પ્રકાશ રેડયો છે તેના ગુણ ગાવાના મનોરથ આજે દિલમાં જાગ્યા છે. પણ હું તો શબ્દોથી દરિદ્ર છું, ઉપમાઓ અને અલંકારોની મને ઝાઝી સૂઝ નથી.

મા ! શબ્દો, ઉપમાઓ અને અલંકારોના નિધાનની તું જ અધિષ્ઠાત્રી છે. મને વચનના વિકાસનું દાન કર કે હું એ મહાન

ગુરૂદેવના ભવ્ય જીવનને લેખિની વડે કાગળ પર આંશિક પણ ચીતરી શકું ?"

અને પ્રસન્નવદના સરસ્તીએ તુષ્ટ થઈને જાણે પોતાના સઘળાંય નિધાનની ચાવી જ કવિને સોંપી દીધી. અને હવે અદ્‌ભુત કાવ્ય રચનાથી કવિ મુનિવર શ્રીમદ્‌વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજાના જીવનની ભવ્યતાને નવ ઢાળના આ રાસમાં યત્કિંચિત્ આલેખે છે.

## જન્મથી માંડીને દીક્ષા સુધીની જીવન યાત્રાના મનોહર શબ્દચિત્રને દર્શાવતી

### * ઢાળ પહેલી *

(રાગ–ધન ધન તે દિન કયારે આવશે, જપશું જિનવર નામ)

પુણ્યક્ષેત્ર બહુ **ભરતભૂમિ** આ, જિહાં થયા જિનવર દેવ
આજ તિંહા **ભારત** દીસે ભલું જિહાં મલે શાસન સેવ ૧

જિનપડિમા જિનઆગમ કેરાં જિંહા દીસે બહુ ઠામ
**મરુસ્થલનામ** મધુરું લોકે **રાજસ્થાન** શુભ ધામ ૨

પ્રસિદ્ધનામ **અર્બુદગિરિ** જિહાં રમણીયતર અતિ શોભે
જગવિખ્યાત જિનેશ્વર ચૈત્યો જોતાં ભવિ મન લોભે ૩

તસ પરિકરશ્યાં તીરથ પંચ પંચ નહી છોટા
**નાંદિયા દિયાણા** પ્રમુખને **રાણકપુરાદિ** મોટાં ૪

સંવત ઓગણીસ ચાલીસ વરસે સુદિ ફાગણ પુનમના
**કંકુબાઈ** કુંખે જનમ્યા પ્રગટયા પૂર હરખનાં ૫

તાતશ્રાદ્ધ **ભગવાનજી** મ્હોટા ન્યાયાદિ ગુણ ભરિયા
વાત સુણી તસ હૈયે ઉમટયાં હર્ષામૃતના દરિયા ૬

**પ્રેમચંદ્ર** શુભનામ જ કીધું પ્રેમપાત્ર થયા સહુના
ચન્દ્ર આલ્હાદ મુખ કાન્તિથી મન જીત્યાં તેં બહુના ૭

નિજ મોસાળે જન્મ પામી તેં નાંદીયા કીધ પવિત્ત
વતનથી પૂત કીધું પિંડવાડા તે તો જગનાં મિત્ત ૮

માત તાત નિજકુળ ઉજાળ્યાં પ્રસરી આનંદવાત
બહુ દીઠા જગમાં કુલનંદન તુજથી અનેરી ભાત ૯

ભડ વૈરાગી બાળપણાથી જિનવાણી ચિત્તવાસ
સદ્‌ગુરુના સત્સંગને પામી જાણ્યા મોહના પાસ ૧૦

નિત નિત તસ ચિંતનને કરતાં સંયમનો રંગ વાધ્યો
કુટુંબીઓના વિઘ્ન જાણીને [1]બીજો મારગ સાધ્યો ૧૧

એક દિન અઢાર ગાઉ ચાલીને બાષ્પયાન[2] આરોહી
પહોંચી શીઘ્ર સુગુરુના ચરણે નમી પડ્યો નિર્મોહી
તું તો નમી પડ્યો નિર્મોહી ૧૨

દેવગુરૂ જિનશાસન છોડી નવિ લાગે કંઇ પ્યારૂં
સંયમ સંયમ મન તુજ ઝંખે લાગે જગત અકારુ
તુજને લાગે જગત અકારુ ૧૩

મનખોલીને વાત બધી તેં કીધી ગુરુની પાસ
સંવત ઓગણીસ સત્તાવનનો આવ્યો કાર્તિકમાસ ૧૪

સત્તર વર્ષની વયે પરાક્રમે કીધું અગમ અમાન
માત તાત જગ મોહ વિછોડી ભાળ્યા ગુરુવર દાન ૧૫

વદી છટ્ઠ દિન પુણ્ય મુહુર્તે છોડી સવિ સંસાર
સંયમ સિદ્ધગિરિ સાંનિધ્યે લીધું ન કીધી વાર ૧૬

પ્રેમવિજય શુભ નામ ધરીને ભવ્ય જગત સુખ કીધ
સંયમ પ્રેમ સહિત જગતને દીધું મુનિપદ હિત. ૧૭

---

૧ અપવાદ માર્ગ ૨ ટ્રેઈન

# 卐 વિવેચન 卐

મોક્ષમાર્ગની કલ્યાણકર સાધનાની સામગ્રી કર્મભૂમિમાં જ સાંપડે છે. શાસ્ત્રોક્ત ૧૫ કર્મભૂમિઓમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રનો પણ સમાવેશ થાય છે. વર્તમાન ચોવીશીના શ્રી ઋષભદેવથી માંડીને શ્રી વર્ધમાન સ્વામી સુધીના ૨૪ તીર્થંકરો ભરતક્ષેત્રની આ ધન્યધરા પર જ ઉત્પન્ન થયા, જન્મપામ્યા, દીક્ષિત બન્યા, કેવલી થયા અને નિર્વાણ પામ્યા. તીર્થંકર ભગવંતો, ગણધર ભગવંતો, યુગપ્રધાન આચાર્ય ભગવંતો અને મહાતપસ્વી શ્રમણ ભગવંતોના પવિત્ર પદાર્પણથી પુનિત થયેલી આ ભરતક્ષેત્રની પાવન ભોમકાને ધન્ય છે. એ ભરત ક્ષેત્રની પવિત્ર ભૂમિપર આજે ભવ્ય ભારતદેશ તેની આગવી અસ્મિતાથી વર્તમાન વિશ્વમાં ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે.

આર્યાવર્તની ભૂમિપર રહેલા રેતીના કણ જેટલા અહિં સંતો અને મહંતો થયા છે. પરલોકદ્રષ્ટિ આર્યજનોમાં જીવનની પ્રત્યેક પહેલીમાં વણાયેલી વરતાય છે. અહિંસાનો સંદેશ આર્યજનોમાં જીવન વ્યવહારમાંથી ધ્વનિત થઈને ચોમેર પ્રસરે છે. હૃદયમાં કરૂણા, આંખોમાં પવિત્રતા અને જીવનમાં પ્રામાણિકતા આર્યજનોનાં જીવનમાં સહજ હોય છે !

આર્યવર્તના ગામ ગામના પાદરે ઊભેલા પાળીયાઓ શૌર્ય અને સદાચારના કર્ણમધુર સંગીતને દિગંતમાં વહેતો મૂકે છે. પાપભીરૂતાનો ગુણ અને મોક્ષનું ધ્યેય એ આર્ય સંસ્કૃતિનો પ્રાણ છે. આ ભારત દેશની ધરતીના ખૂણે ઊભેલા મંદિરો, જિનાલયો, દેવળો, ઉપાશ્રયો, મઠો, પાઠશાળાઓ અને પાંજરાપોળો આર્યજનોની ધાર્મિકતાના દસ્તાવેજી પુરાવા છે.

એ ભારત દેશની પવિત્ર ભૂમિમાં પણ રાજસ્થાન પ્રાંતની ગરિમા ગજબની છે. ઇતિહાસના પાનાં ખોલતા કાન સરવા અને

છે, આંખો વિસ્ફારિત થાય છે અને હૃદય હરખાય છે. મહારાણા પ્રતાપને રાણા જેસલના પરાક્રમો, ભામાશાનું અપાર ઔદાર્ય અને પવિત્રતા તથા સૂરિપુરંદર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાની ગૌરવવંતી સર્વતોમુખી પ્રતિભાનો ગરવો ઇતિહાસ વાંચીને મસ્તક અનાયાસે તે ધન્ય ધરાને ઝૂકી જાય છે.

રાજસ્થાનની ભૂગોળ તરફ દૃષ્ટિ કરતાં ટેકરી, ટેકરા અને ડુંગરાઓ ઉચ્ચ જીવનનો આદર્શ સુણાવે છે અને ખમીર તથા ખડતલપણાની ભેટ ધરે છે. અર્બુદગિરિ પરના દેલવાડાના મનોહર જિનાલયોના તોરણો, કમાનો અને કોરણી પર નયનો સ્થિર થઇ જાય છે. ૧૪૪૪ કલાત્મક સ્થંભોની દિવ્ય રચનાથી શોભાયમાન નલિનીગુલ્મ વિમાનના અવતાર સમુ રાણકપુરનું ભવ્યજિનાલય દર્શકના હૃદયમાં અદ્‌ભુત પ્રસન્નતાનો ચેપ લગાડે છે. જીરાવલાજી, નાકોડાજી, કોરટાજી, નાણા, દિયાણા, નાંદીયા, બેડા, બ્રાહ્મણવાડા, કાપરડાજી આદિ સંખ્યાબંધ તારક તીર્થો મરુભૂમિ પર કલ્પતરુની જેમ શોભી રહ્યા છે. એ તીર્થોમાં બિરાજમાન નયનરમ્ય જિનબિંબોને નિહાળતા ચક્ષુ અને ચિત્ત પ્રફુલ્લિત બને છે.

આ મરૂભૂમિ પર ચૌદમાં સૈકામાં વસેલું જાજરમાન પિંડરવાટક નગર સમૃદ્ધિથી આજે પણ છલકાયેલું છે. વર્તમાનમાં પિંડવાડા નામથી ઓળખાતી આ પવિત્ર ભૂમિ મનોહર જિનચૈત્યો અને અદ્‌ભુત ધર્મસ્થાનોથી શોભી રહી છે. આ નગરના જૈનોની ધનવાન, ધર્મવાન અને ધીમાન તરીકે સમસ્ત જૈન સંઘમાં સારી ખ્યાતિ છે.

વિક્રમ સં. ૧૮૭૨ની સાલમાં વ્યવસાય અર્થે સોલંકી ચેલાજીએ પિંડવાડાને પોતાની કર્મભૂમિ બનાવી. ચેલાજીના વંશનો અને વ્યવસાયનો અહિં વિકાસ થયો. તેમને ગુમાનજી અને

ધનરૂપજી નામના બે પુત્રો હતા. ધનરૂપજીના પૌત્ર નરસિંગજીના જયેષ્ઠ પુત્ર ભગવાનજી ધનથી સમૃદ્ધ હતા અને ધર્મથી સંસ્કૃત હતા. ન્યાય નીતિના પવિત્ર આદર્શોને તેમણે જીવનમાં અપનાવ્યા હતા. વ્યવહારમાં કુશળતા, ધર્મમાં નિષ્ઠા અને સમાજમાં તેમની પ્રતિષ્ઠા હતી. શીલ અને સહિષ્ણુતાના સાક્ષાત્ અવતાર સમા કંકુબાઈ તેમની ધર્મપત્ની હતા. પવિત્ર તીર્થભૂમિ નાંદીયા કંકુબાઇનું પિયર હતું.

સં. ૧૯૪૦ ફાગણ શુકલ પૂર્ણિમાની ઉજ્જલ રજની વધુ ઉજ્જવલ બની. કારણ કે ગગનમાં એક ચાંદલીયો તો શોભી રહ્યો હતો, નાંદિયામાં કંકુબાઇની કૂખે પણ જાણે બીજો ચંદ્ર જ અવતર્યો! પણ આ ચંદ્ર તો નિષ્કલંક હતો! એ નવજાત શિશુની સૌમ્ય આકૃતિ, મુખ પરની તેજઆભા અને કોઈને પણ પ્રેમ ઉપજાવે તેવો નાજુક અને નમણો દેહ જોઈને સહુ હરખાયા. આ શશી જેવા શિશુને નીરખી નીરખીને કંકુબાઈનું હૈયુ તો હર્ષનો મહાસાગર બની ગયું. પૂર્ણચંદ્રની ઉપસ્થિતિથી દરિયામાં ભરતી જ આવેને ?

પિંડવારામાં શ્રાદ્ધવર્ય ભગવાનજીભાઈને પણ પુત્ર-જન્મના વધામણા પહોંચ્યા. આ સંદેશથી શ્રી ભગવાનજીભાઇ ખૂબ ખુશી પામ્યા. મોસાળ નાંદીયા આ પ્રતિભાસંપન્ન બાળકની જન્મભૂમિ બનવાના ગૌરવને ધારી રહ્યું અને પિંડવાડા પણ એ બાળકની વતન ભૂમિ હોવાથી ધન્ય બન્યું. માતાનું કુળ પણ સુશોભિત બન્યું. પિતાનું કુળ પણ અલંકૃત બન્યું. એક રત્નથી બે કુળ અલંકૃત બન્યા ! કુલદિપક તો ઘણા હોય પણ આ કુલદિપકની તેજપ્રભા તો અનોખી હતી.

અને, નમણાં બાળકને કેડમાં તેડીને કંકુબા શ્વસુરગૃહે પધાર્યા. ભગવાનજીભાઈના કુળને ઉજાળનારા આ દીવડાને નીર-

ખવા સહુ ટોળે વળ્યા. ભાલપ્રદેશની અદ્ભુત કાન્તિ અને ચહેરાની રેખાઓથી ચીતરાયેલી અદ્ભુત સૌમ્યતા જોઈને સહુ મુગ્ધ બન્યા.

હવે બાળકના નામકરણ વિધિનો દિવસ આવ્યો. તે માટે અધિકૃત ફોઈબાને બાળકને માટે નામ શોધવા નામકોષના પાના ઉથલાવવા ન પડયા કે બે ચાર સખીઓને પસંદગી પૂછવી ન પડી. જેના ચંદ્ર જેવા સૌમ્યવદનને જોતાં સહુ કોઈના દિલમાં પ્રેમ ઉભરાઇ જાય તે બાળકનું નામ પ્રેમચંદ સિવાય બીજું શું રાખી શકાય ? ફોઈબાએ બાળકનું પ્રેમચંદ નામ જાહેર કર્યું.

ભવિષ્યના આ પરમ યોગીશ્વરની ખુમારી શૈશવની સુકુમારતા વચ્ચે પણ છાની નહોતી. વિરાગની મસ્તી આ શિશુના મુખથી તેજરેખાઓમાં ચીતરાયેલી હતી. બુદ્ધિની તેજસ્વિતા શાળાના પરિણામોમાં અભિવ્યક્ત થતી હતી. પરમાત્મા સમક્ષ કાલીઘેલી ભાષામાં કાકલુદી કરતા આ બાળકનું દર્શન સહુને આનંદ ઉપજાવતું. પાયાના ધાર્મિક સંસ્કારો તો આ બાળકના જીવનમાં જડબેસલાક બેસી ગયેલા. જિનવાણીના શ્રવણની માત્ર રુચિ કે શોખ નહિ પણ વ્યાસંગ બનેલો. ગુરુભગવંતોના સત્સંગ માટે હૈયું સદાય ઝૂરતું. અને તેની ધાર્મિકતાની અનુકુળતામાં વૃદ્ધિ થાય તેવું સંયોગોમાં પણ અનુકુળ પરિવર્તન થયું.

પિતાશ્રી ભગવાનદાસભાઇ કુમાર પ્રેમચંદને લઈને સુરત જિલ્લાના વ્યારા ગામમાં વ્યવસાયાર્થે પહોંચ્યા. આ કિશોર યોગીને અધ્યાત્મની વધુ અનુકૂળતાઓ મળતી ગઈ. પરમવત્સલ પરમાત્મા પાસે નિત્ય તે ઉચ્ચતમ જીવનની યાચના કરતો. ગુરુજનોનાં મુખેથી ભવતારિણી જિનવાણીનું પાન કરીને તેને પચાવતો.

એકદા સકલ કામદાયક તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય ગુરુમુખેથી સાંભળીને તે ગિરિરાજને ભેટવા પ્રેમચંદ થનગની

રહ્યો. પિતાશ્રીની અનુજ્ઞા પામી પ્રેમચંદ પાલીતાણા પહોંચ્યો. અનંત આત્માઓનાં પરમશ્રેયના સાક્ષી બનેલા પવિત્રતમ રજ-કણોની સ્પર્શનાથી આ કુમાર પ્રેમચંદનો દેહ પવિત્ર બન્યો અને હૈયું હર્ષાન્વિત થયું. પાલીતાણાની પુણ્યભૂમિ પર શ્રી સિદ્ધિમુનિનો પરિચય થયો.

તીર્થાધિરાજની સ્પર્શનાથી વિકસિત બનેલી વિરાગની જ્યોત મુનિરાજના સત્સંગથી વધુ દેદીપ્યમાન બની. પંદર વર્ષના આ કિશોરે દોઢમાસીતપ, ૪ ઉપવાસ, અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યા સાથે ભાવ વિભોર બનીને ગિરિરાજની યાત્રાઓ કરી. વૈરાગ્યનું બીજ અંતરમાં પડેલું તો હતું જ. બધી અનુકુળ સામગ્રીઓ પ્રાપ્ત થતાં તે અંકુરિત, પલ્લવિત, પુષ્પિત અને ફલિત થયું. ઉત્કટ સંયમાભિલાષા આ કિશોરના હૃદયમાં પ્રાદુર્ભાવ પામી. અંતરની ઉચ્ચતમ ભાવના ઉપકારી પૂ. શ્રી સિદ્ધિમુનિ પાસે રજૂ કરી. ત્યારે તેમણે આ તેજસ્વી યુવાનના હિતની કાળજી કરીને કહ્યું "તું આશાસ્પદ યુવાન છે. તારામાં વિનિયોગ કરી શકાય તેવી જ્ઞાનની બહુલતા મારી પાસે નથી. ઘોઘામાં બિરાજમાન પૂ. વીરવિજયજી મ. તથા પૂ. દાનવિજયજી મ. તારા માટે ઉચિત સ્થાન છે."

અને સંયમાર્થી પ્રેમચંદ ઘોઘા તે પૂજ્યોના સાંનિધ્યમાં પહોંચ્યો. સંયમની સુંદર તાલિમનો આરંભ થઇ ગયો. સ્વાધ્યાયનો યજ્ઞ આરંભાઇ ગયો. સ્વાધ્યાય, સંયમ, તપ, ત્યાગ, વિનય અને વૈયાવચ્ચના સ્વસ્તિકોથી જીવનનું આંગણું શણગારવા લાગ્યા. પણ તેમના એ ધન્ય દિવસો લાંબા ન ટક્યા.

પાલીતાણા ગયેલો પ્રેમચંદ ઘણા દિવસ થવા છતાં પાછો ન ફરતા ચિંતિત બનેલા ભગવાનદાસભાઇ તેને શોધવા નીકળ્યા.

તપાસ કરતા કરતા ઘોઘા આવ્યા. વિનય અને દાક્ષિણ્યના ભંડાર સમા પ્રેમચંદ પિતાશ્રીની ઈચ્છાને અનુકુળ બનીને ત્યારે તો વ્યારા પહોંચ્યા. પણ પરમશ્રેયની ભવ્ય મહેલાત ઉભી કરવાના અરમાનોમાં રાચતા પ્રેમચંદને પેઢીની ગાદી પર સુખ કયાંથી ઉપજે ? અને આત્મગુણોના સાક્ષાત્કારની સાધના માટે ઉલ્લસિત બનેલું મન હવે ક્ષુદ્ર વિષયોમાં કયાંથી રાચે ? પેઢીની ગાદી કે ઘરની ખાટ પર પ્રેમચંદને સહેજ પણ મઝા નથી. પણ દાક્ષિણ્યથી આ પ્રેમચંદ પિતાશ્રીની કરડાકી આગળ લાચાર હતો.

પ્રવજ્યાની અનુમતિ આપવાની અનેક વિનવણી છતાં પિતાશ્રી તરફથી ઇન્કાર જ થતો રહ્યો, ત્યારે લાચાર બનેલા વિરાગમગ્ન કુમાર પ્રેમચંદ અપવાદ માર્ગનો આશરો લેવા વિચારી રહ્યા. અને સદ્દનસીબે સુંદર તક પણ સાંપડી ગઈ. પ્રસંગવશાત્ કુટુંબના અન્ય સર્વ સભ્યો બહારગામ જતાં પ્રેમચંદ ઘરમાં એકલો જ રહ્યો. આ સુવર્ણ તક સાંપડી છે તેમ માની પ્રવજ્યા અંગીકાર કરવા તલપતા કુમાર પ્રેમચંદે ઘર, દુકાન અને વ્યારાને છેલ્લી સલામ ભરી દીધી. દિલમાં વિરાગ ઉછાળા મારતો હતો. સર્વ વિરતિ અંગીકાર કરવા દિલ થનગની રહ્યું હતું. આ ધન્ય તક સાંપડતા તેની કમનીય કાયામાં અપાર સત્વ પ્રગટયું. વ્યારાથી સુરતની ૪૫ કીલોમીટરની લાંબી મજલ એક જ દિવસમાં પગે ચાલીને પૂર્ણ કરીને સુરતથી ટ્રેનમાં પાલીતાણા પહોંચ્યા. ત્યાગની કેવી ઉન્નત ભાવનાઓએ કોમળ કાયાના નાજુક હૃદયમાં ઉછળી રહી હશે ? નાનકડા કિશોરમાં આ હિંમત કયાંથી આવી હશે ?

સિદ્ધગિરિની શીતલ છાયામાં પહોંચીને ગુરૂદેવના ચરણોમાં શિર ઝૂકાવ્યું. સંયમપ્રાપ્તિ કાજે ખેડેલું અદ્ભુત પરાક્રમ નિહાળીને પૂજ્ય ગુરૂદેવો પણ મુગ્ધ બન્યા. તેની ઉત્કટ ઝંખનાને તેઓશ્રી પણ મનોમન વંદી રહ્યા અને વચનથી અભિનંદી રહ્યા. આ સુખ,

વૈભવ અને સમૃદ્ધિથી છલકાતા સંસારમાં પણ જાલીમ કારાવાસની કેવી તીવ્ર અનુભૂતિ આ કુમારે કરી હશે? અવદ્ય ક્રિયાઓમાં તેનું મન કેવો ભારે રંજ અનુભવતું હશે? સ્વાર્થ, પાપ અને દુ:ખથી ખદબદતા સંસાર પ્રત્યે કેવી જુગુપ્સા તેણે અનુભવી હશે? હવે આ દીક્ષાર્થીની પાત્રતા અંગે બીજી શું કસોટી કરવાની હોય? આ સુયોગ્ય કુમારને પ્રવ્રજ્યા પ્રદાન કરવા મુનિપ્રવરશ્રી વીરવિજયજી મ. સહર્ષ સંમત થયા અને અત્યંત કૃપા વરસાવી.

વિ. સં. ૧૯૫૭ ના કાર્તિક વદ ૬ ના પવિત્ર દિવસે સઘળા સંગને ત્યજીને કુમાર પ્રેમચંદે સર્વવિરતિના કષ્ટમય, કલ્યાણકર સાધના માર્ગ પર પદાર્પણ કર્યું. સિદ્ધગિરિનું શુભકર સાંનિધ્ય હતું. મહા પ્રભાવક ગુરૂવર્યોનો અપાર અનુગ્રહ હતો. વિરાગનો વારિધિ અંતરમાં ઉછળી રહ્યો હતો. પરમ પાવની પ્રવ્રજ્યાની પ્રાપ્તિ માટે દિલ થનગની રહ્યું હતું. જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ પણ ઉચ્ચયોગો પ્રવર્તી રહ્યા હતા. જ્યારે ૧૭ વર્ષના કુમાર પ્રેમચંદે બાહ્યઅભ્યંતર ગ્રન્થિઓનો ત્યાગ કરીને નિર્ગ્રન્થપદ અંગીકાર કર્યું. ત્યારે તેના મુખ પર ફરકતા સ્મિતમાં મોહ વિજયનો આનંદ પ્રતિબિંબિત થતો હતો. શ્રમણના સ્વાંગમાં સજ્જ બનેલા આ કુમાર પ્રેમચંદ હવે મુનિવર બન્યા. મુનિશ્રી પ્રેમવિજયજી તેમનું નામ પાડયું. સકલાગમરહસ્યવેદી મુનિશ્રી દાનવિજયજી મહરાજના તેઓ પ્રથમ શિષ્ય બન્યા.

卐

અંતર્મુખતાનું લોખંડી બખ્તર પહેરીને રત્નત્રયીની સુવિશુદ્ધ આરાધનામાં ખોવાઈ ગયેલા મુનિશ્રી પ્રેમવિજયજી આ બીજી ઢાળમાં આપણને જડે છે.

## * ઢાળ બીજી *

(રાગ–ચન્દ્રપ્રભુ જિન ચન્દ્રમા રે ઉદયો સહજ સનૂર)

ગુરુજી ! તુજ પ્રણમે સુખ થાય

હું ગાઉં ગુણ સમુદાય, સૂરિજી ! તુજ પ્રણમે સુખ થાય...

રત્નત્રયી તુજ નિર્મલ અતિશય શ્રદ્ધા અપરંપાર
રોમ રોમ જિનશાસન વાસ્યું ક્ષણ ક્ષણ તાસ વિચાર ગુરુજી ૧

"અહો અહો આ શું મુજ મળીયું અદ્ભુત અતિશય જહાજ
ભવસાગર ઉતરવા ભવીને કીધું શ્રી જિનવર રાજ" ગુરુજી ૨

જ્ઞાનદીપ હૃદ્ગેહે પ્રગટયો પ્રસર્યો તત્ત્વ પ્રકાશ
સ્યાદ્વાદ–સિદ્ધાન્ત રહસ્યે થયો બહુ ગુણ વિકાસ ગુરુજી ૩

અંગ ઉપાંગ છેદાદિક સૂત્રો જૈનાગમ વિસ્તાર
ભણી ભણાવી પામ્યા તેહનો ભાવવિશુદ્ધ પ્રકાર ગુરુજી ૪

પરોપકાર નિજ ચિત્ત વસાવી કરતા આતમ કામ
ગુરુએ દીધું શ્રી 'સિદ્ધાન્ત મહોદધિ' પદ તામ ગુરુજી ૫

કર્મગ્રન્થ અને કર્મપ્રકૃતિશતકાદિક જે શાસ્ત્ર
સૂક્ષ્મ બુદ્ધિ વિણ નવિ સમજાયે અર્થ જેનો તિલ માત્ર ગુરુજી ૬

તેહ તણા રસિયા તમે ભારી શ્રમ તેહમાં બહુ કીધ
એક ચિત્ત થઈ હાર્દને પામ્યા જાણે અમૃત પીધ ગુરુજી ૭

કર્મશાસ્ત્રનિષ્ણાત થયા તુમે વર્ત્યો જગ જશવાદ
શિષ્યાદિક પણ બહુ શિખવીયા દૂર કરાય પ્રમાદ ગુરુજી ૮

કર્મ તત્ત્વનાં શાસ્ત્ર રચ્યાં તુમે આગમને અનુસાર
સંક્રમકરણને કર્મસિદ્ધિવળી માર્ગણાદ્વાર ઉદાર ગુરુજી ૯

કર્યા મનોરથ ગ્રન્થ રચાવવા શિષ્યાદિકની પાસ
કરી પ્રયત્ન દેઇ પ્રેરણા રચાવિયા પણ ખાસ ગુરુજી ૧૦

ખવગસેઢિને બંધ વિહાણું શ્રુત સાગરનાં મોતી
લાખોશ્લોક વિવેચન જેહનું પ્રગટી જગ જસ જ્યોતિ ગુરુજી ૧૧

શ્રુત સમૃદ્ધ થયું અતિભારી શાસન શોભા વાધી
સંશોધન તેહનું કરી આપે જ્ઞાનભક્તિ બહુ સાધી ગુરુજી ૧૨

દર્શન જ્ઞાન પ્રકાશે કીધું સંયમ શુદ્ધ ઉદાર
દર્શન જ્ઞાન પ્રકાશે જગતના કર્મ કઠિન વિદાર ગુરુજી ૧૩

## 卐 વિવેચન 卐

ગુરૂની મૂર્તિ એ ધ્યાનનું શ્રેષ્ઠ આલંબન છે. ગુરૂચરણ વિશ્વની પરમોપાસ્ય ચીજ છે. ગુરૂવચન એ પરમારાધ્ય મંત્ર છે અને ગુરૂકૃપાએ મોક્ષસાધક પરમોત્તમ રસાયણ છે. ગુરૂની ઉપાસના પરમસુખનું નિધાન છે અને ગુરૂના ગુણનું કીર્તન એ પરમ સુખનું ધામ છે. તેથી કવિ અહિં ગુણગણનિધિ ગુરૂદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ગુણગાથાને આ ઢાળમાં આગળ વર્ણવે છે.

નૂતન મુનિરાજશ્રી પ્રેમવિજયજીના મુખારવિંદ પરથી પ્રસન્નતાની સુવાસ મહેંકી રહી છે. ચૌદ રાજલોકના મહાસામ્રાજ્યનો યશસ્વી તાજ મળી ગયા જેવી ખુમારી એ અનુભવી રહ્યા છે. વિશ્વની સર્વ શ્રેષ્ઠ સંજીવની પ્રાપ્ત થઈ ગયા પછી પૂર્ણ આરોગ્યને

પામવા મુનિવરનો આત્મા તલસી રહ્યો. ઉછળતા બહુમાનથી સંયમના પ્રત્યેક યોગની આરાધના ચાલી રહી. પાંચ મહાવ્રતોના વજ્રભારને ખૂબ આસાનીથી વહન કરવા લાગ્યા. મનના પ્રત્યેક વિચારમાં, વાણીના પ્રત્યેક શબ્દમાં અને વર્તનના પ્રત્યેક અંશમાં આ મહાવ્રતોની વફાદારીનો વિચાર છે.

અષ્ટ પ્રવચન માતાના સુવિશુદ્ધ પાલનમાં અત્યંત જાગૃત છે. વિનય, વૈયાવૃત્ય અને હાર્દિક બહુમાનથી ગુરૂજનોની અવ્વલ ઉપાસના કરી રહ્યા છે.

જીવમાત્ર પ્રત્યેની કરૂણા હૃદયમાં ધારીને પ્રમાર્જના આદિમાં ખૂબ ઉપયુક્ત બન્યા અને જાત પ્રત્યેની અત્યંત કઠોરતા કેળવીને તપ ત્યાગમાં ખૂબ ઉજમાળ બન્યા.

દેહના પ્રત્યેક રોમમાં જિનશાસન પ્રત્યેના ઉલટપૂર્ણ બહુમાને જાણે થાણા નાંખી દીધા. પરમકલ્યાણકર જિનશાસન પામ્યાની ધન્યતા પ્રત્યેક પળે તે અનુભવી રહ્યા.

પરમશ્રેયનો પુનિત પંથ પ્રાપ્ત થઈ ગયાનો આનંદ તે ક્ષણે ક્ષણે અનુભવી રહ્યા. વિરાટ ભવોદધિથી પાર ઉતરવા આ સંયમ એ તો સુરક્ષિત જહાજ છે. જહાજના નિર્માતા અરિહંત પરમાત્મા પ્રત્યેનો અત્યંત કૃતજ્ઞભાવ તે હૃદયમાં ધારી રહ્યા.

બાવીસ પરિષહોને જીતવા જવાંમર્દ બનીને જંગે ચડયા. કોમળ કાયાને કસીને સાધનાનું અમૃત તે ઘૂંટવા લાગ્યા. બાહ્ય ભાવોથી પર બનીને શ્રુત સાગરમાં ડૂબકી મારી. બાહ્ય ભાવ એ તો મહામહેનતે ઉભા કરેલા સાધનાના મહામૂલા પાકને બગાડી નાખનાર તીડના ટોળા છે. તેથી અંતર્મુખતાને આત્મસાત્ કરવા સ્વાધ્યાયયોગને પ્રાણ બનાવ્યો.

અજબની અંતર્મુખતા હતી. વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા હતી અને જ્ઞાનદાન કરનારા વિદ્વદ્ શિરોમણી પૂજ્ય ગુરૂદેવશ્રી દાનવિજયજી મહારાજાનો સુંદર સુયોગ હતો. સંસ્કૃત ભાષા, કાવ્યો, ન્યાય, પ્રકરણો, આગમો, છેદસૂત્રો આદિ વિવિધ શાસ્ત્રોની ગહનતામાં પ્રવેશ કરીને વિશદ વિદ્વતા પામ્યા. સ્વદર્શનની સાથે પરદર્શનનો ઊંડો અભ્યાસ કર્યો, એકાંતના અંધકારમાં અટવાઈ રહેલા અન્ય દર્શનો કયાં અને અનેકાન્તની જયપતાકા જગમાં લહેરાવતું સર્વજ્ઞકથિત જિનશાસન કયાં? સર્વજ્ઞ શાસન પ્રત્યેના વર્ધમાન અનુરાગથી હૃદય વધુને વધુ આર્દ્ર થતું ચાલ્યું. જેમ જેમ નવા નવા શ્રુતનું અવગાહન કરતા ગયા તેમ તેમ સંવેગ અને વૈરાગ્યના રંગો આત્મપટ પર વધુને વધુ જામ બનતા ગયા. પ્રસન્નતા અને પ્રમોદ અધિકતર વધતા ચાલ્યા. હૃદયના ઓરડામાં જ્ઞાનદીપ ઝળહળી રહ્યો. દિનપ્રતિદિન તે વધુને વધુ દેદીપ્યમાન બનતો ગયો.

શ્રુત અને શાસ્ત્રોનું તેઓશ્રીએ માત્ર અવગાહન કે અધ્યયન જ નહોતું કર્યું પણ પ્રત્યેક શાસ્ત્રપંકિતની ઊંડા ઉહાપોહથી અનુપ્રેક્ષા કરીને ઐદંપર્ય સુધી તેઓશ્રી પહોંચતા.

ગુરૂવર્યોની અસીમકૃપા, અદ્ભુત સ્મરણશકિત, વિશિષ્ટ ધારણા શકિત, ખંતીલો પરિશ્રમ અને પુનરાવર્તનની પણ અત્યંત ચીવટ હોવાના કારણે જ્ઞાનયોગમાં ખૂબ પ્રગતિ સાધી શકયા.

પ્રથમ ચાતુર્માસ પાટણમાં થયું હતું. વડોદરાના ચાતુર્માસમાં પંડિતશ્રી બદ્રીનાથજીનો સુયોગ સાંપડતા ન્યાયના ગ્રન્થોનું અધ્યયન કર્યું. તેઓશ્રીની અદ્ભુત બુદ્ધિ પ્રતિભાથી તે વિદ્વાન પંડિત પણ પ્રભાવિત થયા. અને જ્ઞાન પ્રાપ્તિની અદમ્ય ઝંખના કેવી કે છાણી રોકાવાનું થતાં ન્યાયનો પાઠ લેવા રોજ છાણીથી વડોદરા ૯ માઇલની મજલ કાપીને જતા.

જ્ઞાનની બહુલતાની સાથે પરિણતિનો પ્રકર્ષ પણ વધતો ચાલ્યો. અધ્યયનમાં જેમ તેજસ્વી હતાં તેમ અધ્યાપનમાં પણ અત્યંત કુશળ હતા. શાસ્ત્રોના સારને અંતરમાં ઝીલતા મુનિશ્રી પ્રેમવિજયજી સ્વ-પરનું કલ્યાણ કરતા રહ્યા. અને શાસ્ત્રજ્ઞાનના વિશદ જ્ઞાતા આ વિદ્વાન અને પરિણત મુનિવરશ્રી પ્રેમવિજયજીની સુયોગ્યતા જાણીને ગુરૂદેવ પૂજ્યપંન્યાસ પ્રવરશ્રી દાનવિજયજી મહારાજે સં. ૧૯૭૬ માં મહેસાણા મુકામે તેમને સિદ્ધાંત-મહોદધિનું યથાર્થ બિરૂદ અર્પણ કર્યું.

કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, બંધશતક, આદિ ગ્રન્થમાં જૈન દર્શનનું ગહન કર્મવિજ્ઞાન આલેખાયેલું છે. પણ તે ગહન અને કઠિન ગ્રન્થોને ઉકેલવાનું કાર્ય ઘણું કપરૂં હતું. આ પૂજ્યશ્રીએ સૂક્ષ્મ બુદ્ધિથી ઊહાપોહ આદિ દ્વારા તે કર્મસાહિત્યના પદાર્થોને આત્મસાત્ કર્યા. દિવસભર સ્વાધ્યાયની સાધના કર્યા પછી રાત્રે પણ ત્રણચાર કલાક તેનું અખંડ પુનરાવર્તન કરતા. વળી દિગંબર આમ્નાયમાં સુપ્રસિદ્ધ કર્મસાહિત્યનું પણ ઊંડુ અધ્યયન કર્યું. અને ભારે પરિશ્રમથી આ પ્રજ્ઞાસંપન્ન મહાપુરૂષે કર્મસાહિત્યમાં અત્યંત નિપુણતા પ્રાપ્ત કરી. કર્મસાહિત્યનિષ્ણાત તરીકે જૈન સંઘમાં તેઓશ્રી સુખ્યાત બન્યા.

કર્મસાહિત્ય વિષયક વિપુલ જ્ઞાનનો ખજાનો તેમણે માત્ર પોતાના પૂરતો સીમીત ન રાખ્યો, બુદ્ધિમાન શિષ્યો અને પ્રશિષ્યોને કર્મસાહિત્યનું અધ્યાપન કરાવ્યું અને તેઓને પણ કર્મસાહિત્યમાં નિપુણ બનાવ્યા કર્મસાહિત્યનિષ્ણાત આ પૂજ્યશ્રીએ કર્મવિષયક શાસ્ત્રોનું સર્જન કર્યું. સંક્રમકરણ, કર્મસિદ્ધિ અને માર્ગણાદ્વાર નામના ગ્રંથો તેઓશ્રીએ જૈન સંઘને ધરેલી અપ્રતિમ ભેટ છે.

શ્રમણો પણ બાહ્ય ભાવમાં લપેટાઇને મહામૂલા રત્નત્રયને

દૂષિત ન કરી બેસે માટે શિષ્યાદિ પરિવારને આલંબન અને પ્રેરણાઓ દ્વારા સ્વાધ્યાયનો વ્યાસંગી બનાવ્યો. કર્મગ્રંથની ગહન ગૂંચોને ઉકેલવામાં મગ્ન બનેલા ભેજામાં વિષયની ઈચ્છાઓ જ કયાંથી ઊભી થાય ? એકતો સહુ શ્રમણો અંતમુર્ખતાને કેળવી રત્નત્રયમાં વધુ ઉજમાળ બન્યા અને વળી વિશિષ્ટ જ્ઞાનના ધારક બન્યા.

હવે આ મેધાવી શ્રમણોને આ મહાપુરુષે નૂતન કર્મસાહિત્યના સર્જન કાર્યમાં જોડી દીધા. બહુશ્રુત વિદ્વાન પૂ. મુનિરાજ શ્રી જયઘોષ વિજયજી, પૂ. મુનિરાજશ્રી ધર્માનંદ વિજયજી અને મુનિ-રાજશ્રી હેમચંદ્ર વિજયજી આદિ પદાર્થોની સંકલના કરવા લાગ્યા. પૂ. મુનિરાજશ્રી વીર શેખર વિજયજી પ્રાકૃત ભાષામાં શ્લોકોની રચના કરતા અને પૂ. મુનિરાજશ્રી વિચક્ષણ વિ., પૂ. મુનિરાજશ્રી જીતેન્દ્ર વિજયજી મ., પૂ. મુનિરાજશ્રી જયશેખર વિજયજી, પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્ર વિજયજી, પૂ. મુનિરાજશ્રી રાજશેખર વિજયજી, પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી આદિ મુનિવરો તે શ્લોકો પર સંસ્કૃત ટીકા રચતા. લાખો શ્લોક પ્રમાણ કર્મસાહિત્યનું આ સહુ મુનિવરોએ સર્જન કર્યું. પૂજ્યશ્રી તે ટીકાઓનું સંશોધન કરી આપતા. ખવગસેઢી અને બંધવિહાણ જેવા ગ્રંથ રત્નોથી જૈન સાહિત્યની રમણીય સૃષ્ટિ વધુ રમણીય બની—તા-૩૦-૧૧-૬૬ ના દિવસે અમદાવાદની પ્રકાશ હાઈસ્કુલના પટાંગણમાં ભવ્ય સમારોહ પૂર્વક આ ગ્રંથોનું પ્રકાશન થયું હતું.

આચાર્ય ભગવંતો પંચાચારનું સ્વયં પાલન કરે છે અને અન્યની પાસે કરાવે છે. આ ઢાળમાં પૂ. ગુરૂદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની જ્ઞાનાચારની ઉપાસનાનું પ્રતિબિંબ પડે છે. બહિર્મુખતાથી સર્વથા વિમુખ બનીને સ્વયંતો રાતદિન સ્વાધ્યાયમાં રક્ત રહેતા. શિષ્યવૃંદને પણ ઉત્કૃષ્ટ આલંબન, અવસરોચિત પ્રેરણાઓ અને

ભકિત સ્વીકારવાની પ્રશસ્ત લાલચો દ્વારા સ્વાધ્યાયના રસિક અને વ્યાસંગી બનાવ્યા.

સંગમનેરમાં મુનિશ્રી ધર્માનંદવિજયજી તથા મુનિશ્રી હેમચંદ્ર વિજયજીને એકવાર પૂજ્યશ્રીએ કહ્યું " જો દશ દિવસમાં બે ટીકા અને ટીપ્પણ સાથેની કમ્મપયડીની પ્રત તમે બન્ને વાંચી લાવો તો હું ૧૦ દિવસ નવકારશી કરીશ" વર્ષોથી નિત્ય પરિમિત દ્રવ્ય ના એકાસણા કરનારા આ પરમતારક ગુરૂદેવની નવકારશીમાં ભકિત કરવાની આ સુવર્ણતક આ ભકત શિષ્યો કયાંથી ચૂકે ? ૩૦,૦૦૦ શ્લોક પ્રમાણ આ ગહન ટીકા ૧૦ દિવસમાં વાંચી લેવાનું કાર્ય દુ:શકય પ્રાય:હતું.કારણકે કર્મપ્રકૃતિનાં ગણિતની ગૂંચોને ઉકેલીને તથા પદાર્થોને સ્પષ્ટ કરીને આ ટીકા વાંચવાની હતી. પણ તારક ગુરૂદેવશ્રીની નવકારશીમાં ભકિત કરવાની એક લોભામણી લાલચે ખૂબ સત્વ પ્રગટાવ્યું. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સખત પરિશ્રમ ઉઠાવીને બન્ને મુનિવરો લાગી પડયા અને દશમા દિવસના સૂર્યાસ્ત પહેલાં એ વિસ્તૃત પ્રતને પૂર્ણ કરી બન્ને મુનિવરોએ કૃતકૃત્યતાનું સ્મિત વેર્યું. તેમના મુખ પર ૧૦ દિવસના પરિશ્રમનો થાક ન હતો પણ ત્યાગી ગુરૂદેવનો ૧૦ દિવસ નવકારશીમાં ભકિત કરવાનો લાભ સાંપડયાનો સંતોષ હતો.

શિષ્યો પર અપાર વાત્સલ્ય હતું અને શિષ્યોની તેઓશ્રી પર અપાર ભકિત હતી. તેથી તપસ્વી અને ત્યાગી આ ગુરૂદેવની ભકિત માટે શિષ્યો સદા તત્પર જ રહેતા. અને શિષ્યોની આ તત્પરતાનો લાભ ઉઠાવી કોઈ'ક અવસરે ગાથા કંઠસ્થ કરવાની, સ્વાધ્યાય વાંચન આદિ કરવાની કઠિન શરતો મૂકીને પોતાનો એકાદ નાનો ત્યાગ એકાદ દિવસ માટે છોડવાનું કબૂલ કરતા. થોડું'ક ગુમાવી મોટું વળતર વસૂલ કરનારા તેઓશ્રી કુશળ વ્યાપારી હતા

શિષ્ય અમુક ગાથા કંઠસ્થ ન કરી આપે તો પોતે અમુક ત્યાગ કરશે તેવી બીક બતાવીને પણ શિષ્યોને સ્વાધ્યાયના રસીયા બનાવ્યા. દિવસની પાંચ ગાથા પણ ન કરી શકનારા સાધુને કલાકની ૨૫ ગાથા કરતા કરી દેતા તેવો તેઓશ્રીના વચન અને કૃપામાં જાદુ હતો. પોતાના અમુક શિષ્યો ૪૫ આગમ સંપૂર્ણ ન વાંચે ત્યાં સુધી અમુક ત્યાગનો નિયમ પોતે સ્વીકારેલો.

અને સ્વયં તો સ્વાધ્યાયમાં સદામસ્ત હતા.

આચાર્યપદવી પછી પ્રથમ ચાતુર્માસ પાટણમાં કર્યું. તે ચોમાસામાં રોટલી અને દાળ એ બે દ્રવ્યનાજ એકાસણા કરવાનો કઠોર અભિગ્રહ કર્યો. તે તપ ત્યાગની સાથે સ્યાદ્વાદરત્નાકર નામના મહાન તાર્કિક ગ્રંથનું વાંચન શરૂ કર્યું. આ ગ્રન્થની કોઈપણ પંક્તિ બરાબર સ્પષ્ટ ન થાય તો પાટ ઉપરથી નીચે ઉતરીને પંડિતજીને પૂછતા. તેઓશ્રીની આ લઘુતા અને નમ્રતા જોઇને બ્રાહ્મણ પંડિત પણ સ્તબ્ધ બની જતા.

શાસનના મહત્વના કાર્ય માટે જૈન સંઘના આગેવાનો આવે અને તેઓશ્રીને સ્વાધ્યાયમાં મગ્ન થયેલા જોઇને તેઓ પણ મુગ્ધ બની જતા. કયારેક તો મહત્વનું કાર્ય પણ ગૌણ માનીને સ્વાધ્યાય તરબોળ સૂરિપુંગવને તે જોયા કરતા. કલાક વીતી જાય છતાં આ સૂરિવરને ખ્યાલ પણ ન હોય કે કોઈ આગેવાન વ્યક્તિ મહત્વના કાર્ય માટે સામે આવીને બેઠા છે કસ્તુરભાઈ લાલભાઇ કે જીવતલાલ પ્રતાપશી જેવા આગેવાનોએ પણ આ અનુભવ કર્યા હતા.

જીવનના અંતસુધી આ સ્વાધ્યાયની પ્રીતિ અખંડ રહી. વ્યાધિની વેદના જ્યારે વધતી ચાલી ત્યારે દેહ–આત્માના ભેદ

જ્ઞાનની સતત પ્રતીતિ રહે તે માટે જ્ઞાનસારનું વિવેકાષ્ટક, ઉપમિતિ-ભવ પ્રપંચા, કથા, સમાધિ વિચાર આદિ ગ્રન્થોનું મુનિવરો પાસેથી રોજના આઠ આઠ કલાક શ્રવણ કરતાં.

હે ગુરૂદેવ ! હે સૂરિદેવ ! આપે તો આમ દર્શનજ્ઞાનના સુયોગે આપના સંયમને પવિત્ર અને શ્રેષ્ઠ બનાવી અઢળક કર્મ-નિર્જરા સાધી. તો ભક્ત જગતની એ પ્રાર્થના છે કે એ રીતે અમને કઠિન કર્મોની નિર્જરામાં સહાયક બનો.



## સ્વર્ગસ્થ સૂરિપુંગવના ઉચ્ચતમ સંયમ (ચારિત્ર) ગુણની સૃષ્ટિનું વર્ણન દર્શાવતી

### * ઢાળ ત્રીજી *

(રાગ-વિનતિ મારી સુણજો સાહિબા ! સીમંધર જિન રાજ)

અમે અજ્ઞાની તુમે બહુ જ્ઞાની પ્રેમસૂરિ ગુરુરાજ !
ગુણગણમાં તુજ લુબ્ધ બનીને ગાઈએ ગુણ સમાજ...અમે...૧

ક્ષણ ક્ષણ સ્વાધ્યાય ધ્યાને રમતા ઇન્દ્રિયગણને દમતા
સંયમ શુદ્ધ નગરના વાસી વિષય વને નવિ ભમતા...અમે...૨

સ્પર્શાદિક જે રુડા રૂપાળા જગ પાગલ જેણે કીધું
અવગણના તેહની કરી આપે સંયમ સાધ્યું સૂધું...અમે...૩

વસ્ત્ર પાત્ર આહારને ઉપધી નિરખતા સંયમહેતુ
સંયમ સાધન ભલે વિરુપ હોય મનડું તિહાં તુજ ઠરતું...અમે...૪

મિષ્ટ અન્ન મેવાને ફલાદિ પ્રતિજ્ઞા પૂર્વક ત્યાગ્યાં
સાઠ વરસના વ્હાણા વાયા ઔષધ બહાને ન ચાખ્યાં...અમે...૫

સમિતિ ગુપ્તિ પણ સુંદર સાધી ગમનાદિક કરતાં
જિનવચણ નિજ ચિત્તવસાવી જીવરક્ષા બહુ કરતા...અમે...૬

આશ્રિત મુનિ ગણ કેરૂ સંયમ નિર્મલ તર જિમ થાય
સારણવારણ ને પડિચોયણ કરતાં કોટી ઉપાય...અમે...૭

પંચાચાર પાલન તુજ ચરણે શુદ્ધસ્વરુપે દીઠું
દર્શન જ્ઞાન આચાર દેખંતા થયું અમ મનડું મીઠું...અમે...૮

અકાળ ભણુતાં વાર્યા કેઈને કાળ ભણુંતા કીધા
વિનયાદિક કીધાં કરાવીયાં જ્ઞાનાચાર દૃઢ દીધા...અમે...૯

ગામ નગર વિહાર કીધા જિહાં તીરથવળી જે ફરસ્યાં
જિન પડિમા નિરખી નિરખીને હઈડા તારા હરખ્યા...અમે...૧૦

નિત્ય ચૈત્યતે ગામ તીરથના સ્મરણુ કરીને જુહારે
ભાવદર્શન તું ભવ્યકરીને સમકિતને અજવાળે...અમે...૧૧

ઉપબૃંહણુ ગુણિજનનું કરીને તસગુણુ વૃદ્ધિ કરે તું
ભાવચલિત મુનિજનને ચિત્તે સ્થિર ભાવ ભરે તું...અમે...૧૨

તપાચાર બહુ ભેદ ભરેલો જિનવચણે તે સાધ્યો
એકાસન તપ નિત્ય કરતાં તાસ સ્નેહ મન વાધ્યો..અમે...૧૩

પચાસ વરસતો અવિરત કીધાં સ્વાસ્થ્યની થઈ જબ હાનિ
પરિચારકના નિષેધ પર પણુ ઝંખના ન રહી છાની...અમે...૧૪

દ્રવ્ય સંકોચ હતો તુજ ભારી કદીક દ્રવ્ય દ્વયીનો
માસના માસ કીધો તે નિયમ ઇંદ્રિય રાગે જયીનો...અમે...૧૫

અભ્યંતર તપ પણુ તુજ મોટો વર્ણવીયો નવિ જાય
સ્વાધ્યાયાદિક નિત્યકરંતા મનડું તુજ હરખાય...અમે...૧૬

ઓઘ નિર્યુંક્તિ ને કમ્મપયડિના પાઠ અખંડ કરંતા
પોષ માસની લાંબી રાતો પણુ ક્ષણુની જેમ વહંતા...અમે...૧૭

વીર્યાચાર અબાધિત ગુરુ તુજ પ્રમત્તતા નવિ દીસે
વિધિ શુદ્ધ અનુષ્ઠાન કરંતા હઇડું તા'હરું હીસે...અમે...૧૮

મૂલોત્તર ગુણુના હે ! સાધક સંયમ શુદ્ધિ પ્રધાન
જીવનદર્શન કરી તુજ પાયે જગત નમે તજી માન...અમે...૧૯

# 卐 વિવેચન 卐

શ્રુતોદધિનું મંથન કરીને તેના અર્કને આત્મસાત્ કર્યો હતો આ સૂરિદેવે, પ્રચંડ પ્રતિભાથી પ્રાપ્ત થયેલી પ્રકૃષ્ટ પ્રજ્ઞાની પ્રકર્ષપ્રાપ્ત પરિણતિના પતિ હતા આ સૂરિદેવ ! શાસ્ત્રની થોકબંધ વિગતોને માત્ર મગજની વખારમાં ખડકી દીધી નહોતી, જ્ઞાનના દરીયાને હૃદયમાં ઝીલ્યો હતો. શરીરમાં રહેલી ધમની તથા શીરાઓમાં વહેતા લોહીમાં પણ એ પરિણત જ્ઞાનની પ્રભા ચમકતી હતી જાણે ! પ્રત્યેક શ્વાસોશ્વાસમાં એ જ્ઞાનગરિમાની સુવાસ મહેંકતી હતી જાણે ! હૃદયના પ્રત્યેક ધબકારામાં એ જ્ઞાનગરિમા ધ્વનિત થતી હતી જાણે !

એમનું જીવન એક મનોહર બગીચો હતું. વિચાર, ઉચ્ચાર અને આચારના પ્રત્યેક છોડવે મનોહર પુષ્પો ખીલી ઉઠયા હતા ! એ પુષ્પોની મહેકમાં સહુ મુગ્ધ બનતા ! એ પુષ્પોની પ્રશસ્તિ જાણે ગાયા જ કરીએ. એ ગુણોના ગંગાજળમાં નાહ્યા જ કરીએ.

સ્વાધ્યાયનું દિવ્યામૃત આરોગવામાં જ જાણે આ પરમર્ષિની પાંચેય ઇન્દ્રિયો તન્મય બની ગઈ હતી. જ્ઞાનામૃતં ભોજનમ્ ની અનુભૂતિ તે ક્ષણે ક્ષણે કરી રહ્યા હતા. જાણે થાળ ભરીને પકવાન આરોગી રહ્યા હોય તેવી પ્રસન્નતા સ્વાધ્યાય યોગથી તે અનુભવતા. પણ પકવાન આરોગતા તો થાકી જવાય, ધરાઈ જવાય પણ આ તો સ્વાધ્યાય કરતા જતા તેમ સ્વાધ્યાયની ભૂખ વધતી જતી અને જ્ઞાનામૃતનાં કુંડા આરોગવા મળે ત્યારે ઇન્દ્રિયો વિષયના એઠવાડમાં મોં કયાંથી ઘાલે ? અંતર્મુખતાના અમોઘ શસ્ત્રથી આ સૂરિવરે ઇન્દ્રિયોનું દમન કર્યું. આ સૂરિવર તો સુવિશુદ્ધ સંયમના રમ્ય નગરના વાસી હતા. વિષયના ભયાનક જંગલમાં તે કયાંથી અટવાય? ઇન્દ્રિયોના વિષયના જાલિમ

અંજામ તેઓશ્રીએ જ્ઞાન ચક્ષુથી નીરખ્યા હતા, વિષ સમા વિષયોમાં એ કયાંથી ફસાય ?

ઇન્દ્રિયના વિષયોમાં કાળોતરા નાગ, ભયાનક અજગર કે બીહામણી ડાકણના દર્શન તેમણે કરી લીધા હશે? નહિ તો પ્રત્યેક પળે અને પ્રત્યેક પગલે તે વિષયોથી ડરવાની અત્યંત સાવધાની કયાંથી આવે? સુંવાળો સ્પર્શ એટલે જાણે સિંહનું જડબું ! મધુર સ્વાદ એટલે જાણે વિષપાન! મનોહર સુગંધ એટલે જાણે ઝેરી વાયુ! નયનરમ્ય રૂપ એટલે જાણે અગ્નિના ભડકા ! અને સુરમ્ય શબ્દ એટલે યમના ડાકલા ! સમગ્ર જગતથી આવો તદ્દન વિપરિત અનુભવ તે કરી રહ્યા. તેથી જ એ પાંચેય વિષયોથી તે ડરતા અને બચતા. અને ઇન્દ્રિયનિગ્રહના આ અદ્ભુત પરાક્રમથી જ શુદ્ધ સંયમના તે સ્વામી બન્યા.

વસ્ત્ર પાત્ર આહાર અને ઉપધિ સંયમસાધનામાં સહાયક છે. તે ચીજોનો ઉપયોગ સંયમના નિરાબાધ પાલન માટે કરવાનો છે. પણ એ ઉપકરણોનાં રૂપ રંગ સ્વાદ કે સુગંધમાં સાધક જો લેપાઈ જાય તો તે ઉપકરણ પણ અધિકરણ બની જાય છે અને રાગદ્વેષ કે મોહ મમત્વથી જીવ કલુષિત બને તો તે તારક ઉપકરણ પણ મારક બની જાય ! તેથી આ મહાવિરાગી સૂરિરાજ પળે પળે સાવધ રહેતા.

રસનાની લોલુપતાથી ખાળના યક્ષ બનેલા પ્રભાવક આચાર્ય મંગુના કરૂણ રકાસ તેઓશ્રીની નજર સમક્ષ હતા.

કમરપટ્ટાના મમત્વથી અનાર્ય દેશમાં જન્મજાત અપંગ થયેલા સુમંગલાચાર્યના ચરિત્રો તેઓશ્રીના હૃદયમાં બરાબર કોરાઈ ગયા હતા.

તેથીજ વિરૂપ ઉપકરણને પહેલી પસંદગી આપતા. સેંકડો શિષ્યોના ગુરૂપદે, જિનશાસનના એક પ્રભાવક આચાર્યપદે અને

એક સુવિશાલ ગચ્છના અધિપતિ પદે બિરાજમાન હોવા છતાં પોતાના કપડાનો કાપ ૧૫ દિવસ પહેલા કાઢવા આપતા નહિ. બહારથી ઉજળો રહું તો ભીતરથી મલિન થાઉં એ ડર તેમને સદા રહેતો. આ મહાવિરાગી ગુરુદેવના પાત્રમાંથી ત્યાગ સુવાસ પ્રસરતી હતી. તેઓશ્રી મેવા મિઠાઈ કે ફળફળાદિના આજીવન ત્યાગી હતા. ઔષધ, અનુપાન કે ઉપચારના કારણથી પણ સાઠ વરસ લગી આ ચીજોને તેઓશ્રીએ ચાખી પણ નથી! મહિનાઓ સુધી તો માત્ર રોટલી અને દાળ બે દ્રવ્યનાં જ એકાસણા કરનાર આ મહાત્યાગી ગુરૂદેવને એકાસણામાં ૧૦-૧૫ મીનીટ જેટલો સમય પણ નહોતો લાગતો. સાપ દરમાં પ્રવેશ કરે તે અદાથી તે ભોજન કરતા. સાદા ભોજનમાં પણ રસ લુંટવાની નફ્ફટાઈ જીભડી ન કરી બેસે તે માટે કોળીયાને મુખમાં ફેરવ્યા વિના ઉતારી દેતા.

વૈદ્યની સલાહથી આરોગ્ય માટે મમરા વાપરવાનું અનિવાર્ય થઇ પડયું ત્યારે શિષ્યોના આગ્રહથી વાપર્યા તો ખરા પણ ગભરાઇ ઉઠયા. "આરોગ્ય ભલે બગડે, પણ મને હવે આ ચીજ ન વપરાવો મને તેમાં રાગ થાય છે" સાધક આત્માની આ કેવી આત્મજાગૃતિ? અને ખરેખર તેઓશ્રીએ બીજા દિવસથી ઉપચાર રૂપે પણ મમરા વાપરવાના બંધ કર્યા!

એકવાર આ વ્હાલસોયા ગુરૂદેવને પીપરમીંટ વપરાવવા એક બાલમુનિએ જીદ પકડી. બાળહઠ આગળ સ્પષ્ટ નન્નો કાંઈ અસર કરે નહિ તેથી સૂરિદેવે યુક્તિ વાપરી. બપોર સુધીમાં તે બાલમુનિ ૧૦૦ ગાથા કંઠસ્થ કરી આપે તો પોતે પીપરમીન્ટ વાપરવાની તૈયારી બતાવી. આટલી આંગળી મળી ગઈ પછી આ ભક્તિઘેલા બાલમુનિ કાંઈ બાકી રાખે? સવારથી ધૂણી ધખાવીને બેસી ગયા અને બપોરે ગુરૂદેવના એકાસણાનો સમય થતાં પહેલાં તો ટકોરાબંધ ૧૦૦ ગાથા સંભળાવી દીધી! વચનબદ્ધ ગુરૂદેવ

હવે પીપરમીંટનો ઇન્કાર કેવી રીતે કરી શકે? અને મમરાથી પણ ડરનારાં સૂરિદેવ પીપરમીંટ વાપરે પણ કેવી રીતે? દ્વિધાનો ઉકેલ તેઓશ્રીએ તુરત શોધી કાઢયો. કવીનાઇનની કડવી ટીકડી ઉતારે તેમ વચ્ચેની દલાલ રસનાને સહેજ પણ દલાલી આપ્યા વિના પીપરમીંટ ગળામાં ઉતારી દીધી.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના તેઓશ્રી અણિશુધ્ધ પાલક હતા. બોલતાં ચાલતાં કે કોઇપણ પ્રવૃત્તિ કરતાં સમિતિ અને ગુપ્તિની કાળજી તે સતત રાખતા. સ્વયં તો અષ્ટ પ્રવચન માતાના સુવિશુધ્ધ પાલક હતા, શિષ્યોને પણ તેમાં અત્યંત ઉપયુકત બનાવ્યા. શ્રમણોને ગોખાવી રાખ્યું હતું કે...

"જોઈ નીચે ચાલવું ને ચાલતા ન બોલવું,
ને બોલવું મુહપત્તી રાખી એ જરા ન ભૂલવું.

પેસતાં ને નિકળતા તો નિસિહી ને આવસ્સહી,
અણુજાણહ અને વોસિરે ભૂલો ન પરઠવતાં વળી.

મૌન રાખી બોલ બોલીને પડિલેહણ કરો,
પૂંજો પ્રમાર્જો વસ્તુ લેતા–મૂકતા જયણા ધરો.

બે વાર ઉભા પ્રતિક્રમણ અને વસતી જોવી સાંજના,
દશવાત સહેલી પહેલી પાળો તો થશે આરાધના."

જિનવચન અને જીવરક્ષા તેઓશ્રીની રગરગમાં વસી ગયા હતા. તેથી જિનાજ્ઞા પાલન અને જીવ રક્ષામાં સદા'ય ઉદ્યત રહેતા હતા. આશ્રિત શ્રમણોનાં આત્મહિતની અત્યંત કાળજી તેઓશ્રીના હૈયે ખૂબ વસી હતી! સહુ શ્રમણોનું સંયમ પણ કોઇ વિષય કષાયના કાદવથી મલિન ન થઇ જાય તેની અત્યંત કાળજી તેઓશ્રી રાખતા. શ્રમણોના સંયમને નિર્મલતર કરવા તે સદા'ય મથતા. સારણા વારણા ચોયણા અને પડિચોયણાથી શ્રમણોને

સંયમમાં સ્થિર કરતા સમિતિ ગુપ્તિના પાલનમાં વધુ ચોક્કસ બનાવતા. સ્વાધ્યાદિમાં તલ્લીન બનાવતા. તપ ત્યાગના સાધક બનાવતા તથા વિનયાદિ ગુણુમાં ઉજમાળ બનાવતા.

એકદા એક નૂતન દીક્ષિત શ્રમણનું પાતરું પોતે કેરીના રસથી ભરી દીધું. આ વિરાગી શ્રમણે ગભરાઈને કહ્યું "ગુરૂદેવ આપ જ કહો છો કે ફળ તો મહારાગનું નિમિત્ત છે. તો રાગના પાપથી હું ભારે થઈશ, આપે આ શું કર્યું !" અને આત્મહિત ચિંતક આ ગુરૂદેવે તે શ્રમણને કહ્યું "રાગના પાપથી બચાવવા જ મેં આજે તને આ ચીજ વપરાવી છે. બોલ કેટલા કાળ માટે બચવું છે ?" "ગુરૂદેવ ! જીવનભર માટે બચવું છે. માત્ર કેરી નહિ માત્ર ફળ ફળાદિ નહિ પણ સર્વ લીલોતરીના આજીવન ત્યાગના મને પચ્ચક્ખાણ આપો" અને તે જ ક્ષણે તે શ્રમણની યોગ્યતા જાણીને પૂજ્ય સૂરિદેવે તેની ઇચ્છા મુજબનો એ અભિગ્રહ આપી દીધો !

આવા તો અનેક ઉપાયોથી શિષ્યવૃંદને તપ, ત્યાગ, સ્વાધ્યાય, વિનય, સેવા, પ્રમાર્જના આદિમાં ઉજમાળ બનાવ્યા.

પૂજ્ય સૂરિદેવ સુવિશુદ્ધ પંચાચારના પાલક હતા. આશ્રિત શ્રમણોની પાસે પંચાચારનું શુદ્ધ પાલન કરાવવામાં પણ સુનિપુણ હતા. સ્વાધ્યાયના લોભમાં કદાચ કોઇ સાધુ અકાળે ભણવા બેસી જાય તો હિતવચન સંભળાવી તેને અટકાવતા અને કાળવેળાએ કોઈ સાધુ પ્રમાદ કરે તો વાત્સલ્યથી તેને સ્વાધ્યાયમાં જોડતા. પોતાની શક્તિને નહિ ઓળખવાથી કોઇ સાધુ સ્વાધ્યાયાદિમાં શક્તિ ગોપવે તો પ્રેરણા અને પ્રોત્સાહનથી તેની ઉત્કૃષ્ટ બુદ્ધિ શક્તિનો ખ્યાલ કરાવી તે મુજબનું વળતર બુદ્ધિ પાસેથી લેવા તેને પ્રેરતા.

તારક ગુરૂદેવ પર્યાયથી લઘુ એવા પણ વિદ્યા ગુરૂમુનિવરોનો કે વિદ્યાદાતા ગૃહસ્થ પંડિતોનો વિનય અને ઔચિત્ય ખૂબ જાળવતા. તેઓશ્રીનો આ અનુપમ વિનય ગુણ જોઇ સહુ મુગ્ધ બનતા. શિષ્યોને પણ વિનયાદિક આચારો શીખવીને જ્ઞાનાચારમાં દૃઢ બનાવ્યા. જ્ઞાનગરિષ્ઠ આ ગુરૂદેવની દર્શન શુદ્ધિ પણ નિર્મળતર હતી. પરમાત્મ મૂર્તિ સામે એક બાળકની જેમ કાકલૂદી કરતા.

ક્ષણં સક્તઃ ક્ષણંમુક્તઃ ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં ક્ષમી ।

મોહાદ્યૈઃ ક્રીડયૈવાડહં કારિતઃ કપિચાપલમ્ ॥

આત્મનિંદાની આવી સ્તુતિઓ બોલતા ગદ્‌ગદ્ બની જતા. પરમાત્માની સ્તુતિ કરતા અત્યંત હર્ષિત બની જતા. જીવનમાં અનેક તારક સ્થાવર તીર્થોની સ્પર્શના કરીને નિજના સમ્યગ્દર્શનને નિર્મળતર બનાવ્યું હતું. તારક તીર્થો તથા તે તીર્થાધિપતિ તીર્થંકર ભગવંતોનું સ્મરણ કરવા દ્વારા તેઓશ્રી નિત્ય ભાવયાત્રા કરતા હતા. તે તે તીર્થો અને તે તે પરમાત્મા તેમની દૃષ્ટિ સમક્ષ સ્પષ્ટ ઉપસ્થિત થતા અને તેઓશ્રી બે હાથ જોડીને ભાવથી વંદન કરતા. સમ્યગ્દર્શનની વિશુદ્ધિ કાજે આ ભાવયાત્રા તેઓશ્રીનો નિત્યક્રમ હતો.

સ્વાધ્યાયાદિ કોઈ પણ સંયમ યોગમાં પ્રગતિ સાધતા. શ્રમણોની ઉપબૃંહણા તેઓશ્રી સતત કરતા રહેતા. આ ઉપબૃહંણાથી શ્રમણના ગુણો વધુ વૃદ્ધિ પામતા.

કોઇ શ્રમણના પરિણામ મંદ પડે અથવા કોઇ યોગમાં અસ્થિરતા પામે તો આ તારક ગુરુદેવશ્રી ઉપબૃંહણા, પ્રેરણા અને વાત્સલ્યથી તે સાધુને સ્થિર કરતા. શ્રમણોના સ્થિરીકરણની અદ્‌ભુત કળા તેઓશ્રીએ હસ્તગત કરી હતી. ચારિત્રાચારના સુવિશુદ્ધ

પાલક આ ગુરુદેવ ચારિત્રાચારનું પાલન કરાવવામાં પણ ખૂબ કુશળ હતા.

આ ધન્ય પુરુષ પરમ તપસ્વી હતા. આહારને દેહડીના ભાડાની રકમ તુલ્ય જ તે ગણતા. તેથી જરુરી ભાડુ આપી દઈને અનશન આદિ બાર પ્રકારના તપ દ્વારા શરીરનો કસ કાઢતા. બાહ્ય અને અભ્યંતર તપની સાધનાથી મન-વચન અને કાયાને અત્યંત પવિત્ર કરતા.

તેઓશ્રી નિત્ય એકાશન કરતા. એકાશન સાથે એવી ગાઢ પ્રીતિ બાંધેલી કે પ્રતિકુળ સંયોગોમાં પણ તેને વેગળું મુકતા નહિ. સંયમ પર્યાયના ૫૦ વર્ષ સુધી તો નિરંતર એકાસણા કર્યા. અનેક પ્રકારના દોષોથી આત્માને મલિન કરનારી સવાર સાંજની ગોચરીને તેઓશ્રીએ જાણે આજીવન જાકારો જ આપી દીધો હતો.

સ્વાધ્યાયાદિ અભ્યંતર તપની સાધના પણ અતિ ઉગ્ર હતી. દિનભર સ્વાધ્યાયરકત રહેતા આ આચાર્યદેવની સ્વાધ્યાયપ્રીતિથી સહુ સુપરિચિત હતા. અને સ્વાધ્યાય યોગથી અંતરમાં ઉભરતી અપારમસ્તી ચહેરાની રેખાઓ પર પ્રસન્નતા રૂપે પથરાયેલી રહેતી.

પરાવર્તના અને અનુપ્રેક્ષા સ્વાધ્યાય પણ જીવનમાં ખૂબ જડાઈ ગયા હતા. પોષ માસની હિમ ઝરતી લાંબી રાત્રિમાં કલાકો સુધી ઓઘનિર્યુકિત અને કમ્મપયડિ જેવા ગ્રન્થના પદાર્થોનો પાઠ કરતા. અને સ્વાધ્યાયની આ મસ્તીમાં શિયાળાની દીર્ઘરાત્રિ પણ તેઓશ્રીને ક્ષણના ટુકડા જેવી લાગતી.

વીર્યાચારના પણ અવ્વલ ઉપાસક હતા આ ગુરૂદેવ. ક્રિયાઓ પ્રત્યે અત્યંત આદર હતો અને વિધિની વિશુદ્ધિ હતી. તેથી તેઓશ્રીની પ્રત્યેક ક્રિયા એક જીવંત આકૃતિ સમી બની જતી.

પ્રમાદ અને વિકથા આદિથી તે મુક્ત હતા. મૂલ ગુણોના તેઓ અખંડ આરાધક હતા. તેમ ઉત્તરગુણોને પણ તેઓશ્રીએ ખૂબ આરાધ્યા હતા અને સાધ્યા હતા. આ મૂળોત્તર ગુણોની સાધનાથી તેઓશ્રીનું સંયમ નિર્મલતર હતું.

આવી અતિરમ્ય છે આ મહાસાધકની આંતરસૃષ્ટિ ! આવો અપાર ગુણવૈભવ તેઓશ્રીના જીવન ભુવનમાં પથરાયેલો હતો. એ ભવ્ય આંતર જીવનનું દર્શન કરતાં ભક્તજગતનું દિલ તેઓશ્રીના પરમપવિત્ર ચરણોમાં ઝૂકી પડે છે.

સહિષ્ણુતાના સાક્ષાત્ અવતાર રૂપે પૂજ્યપાદશ્રીનું આ ચોથી ઢાળના પૂર્વાર્ધમાં દર્શન કરાવીને ઉત્તરાર્ધમાં કવિરાજ તેઓશ્રીની પરમબ્રહ્મનિષ્ઠાનો આછો પરિચય આપે છે.

## * ઢાળ ચોથી *

(રાગ–શાન્તિ જિનેશ્વર સાચો સાહિબ...)

પ્રેમસૂરીશ્વર ગુણના આકર ગુણ દેઈ અમ દુઃખ મીટાવો<br>
ધીર પુરુષ તેં સહન કર્યું જે તેહ તણી અમ રીતિ બતાવો પ્રેમ-૧

પરિષહ તો તેં વેઠયા ભારી વાયુ ફરતો દેહે હો ગુરુવર<br>
પીડે અતિશય માઝા મૂકીને દુશ્મન જિમ નિજગેહે હો ગુરુ પ્રેમ-૨

વરસ પચાસ વીતાવ્યા શમથી માસના માસ ઘણેરા હો ,, ,,<br>
રાતની રાત ઉજાગર કીધા ભાવ્યા ભાવ ભલેરા હો ,, ,, ૩

પીડા શમે નહિ કિમ કરતા એકદિન મનમાં ભાવ્યું હો ,,<br>
અસહ્ય વેદના મરણ તણી બહુ શ્રીજિનવયણે આવ્યું ,, ,, ૪

સહન કરું અબ દઢ કરીમન ઉપાય ન કોઈ કરવો હો ,,<br>
વેદના બાધે ભલે ઘણેરી દેહભેદ મન ધરવો હો ,, ,, ૫

આતમ છે મુજ એહ અનેરો દેહાદિક પાડોશી હો ,,<br>
તસ પીડનથી મુજ શું બગડે મૈં તો થિર અવિનાશી હો ,, ,, ૬

હૃદયરોગ પણ સહ્યો જીવનમાં ખટ અંતિમ વરસમાં હો ,,<br>
વેગ વધે જબ તેહતણો તબ દુઃખ આવે બહુ વસમા હો ,, ,, ૭

તસકેરી પીડા શું કહીયે તુંહિજ તે તો જાણે હો ,,<br>
સમભાવે તે સહન કરીને આતમ આનંદ માણે હો ,, ,, ૮

પ્રોસ્ટેટ ગ્રન્થીનો રોગ સહ્યો વળી સદાય સાવધ ચિત્ત હો ,,
રોગ વધે જબ કહે તું હિ તબ આવ્યો એ મુજ મિત્તહો ,, ,, ૯

સદાય સ્થંડિલ ભૂમિ જ તો તું બાર એકને ગાળે હો ,,
ચૈતર વૈશાખાદિકે માસે તાપતો ચરણ પ્રજાળે હો ,, ,, ૧૦

નહિ કાયર તું વીર સુભટ જિમ અડગપણે ડગ ભરતો હો ,,
ધીર પણું ધરી ચિત્ત અનેરૂં કર્મનું ચૂરણ કરતો હો ,, ,, ૧૧

દેહાદિક પીડાને સહંતા નહિ ઉદ્વેગ લગાર હો ,,
દીઠો તુજ મુખડા પર મેં તો અચરિજ એહી અપાર હો ,, ,, ૧૨

સંયમ દોષ લઘુ પણ નિજનો મન કલ્પીય મહાન હો ,,
મન ઉદ્વેગ કરીને તું તો સદા રહ્યો સાવધાન હો ,, ,, ૧૩

તુજ હૃદયે વાત્સલ્ય અપૂરવ માતની પ્રીત ભૂલાવે હો ,,
વાત્સલ્ય નીરે સ્નાન કરાવી અજબહેજ દરસાવે હો ,, ૧૪

વૃદ્ધ ને વૃદ્ધપણુ નવિ લાગે તુજ વાત્સલ્ય ઝીલંતા હો ,, ,,
બાલ યુવાનની વાત શી કરવી તુજ ચરણે લોટંતા હો ,, ,, ૧૫

તુજ મુખમુદ્રા હરખી નિરખે જાણે પૂરણ ચંદ હો ,,
પ્રસન્નતાનું પૂરજ ઉમટ્યુ સરળતા ય અમંદ હો ,, ,, ૧૬

બ્રહ્મચર્યનું તેજ વિરાજે જે મૂલ સર્વગુણોનું હો ,,
મનવચ કાય વિશુદ્ધ જ એ તો ચિત્તહરે ભવિજનનું હો ,, ,, ૧૭

ગુણ ગાતાં મેં કેઈ જન દીઠા અહો મહા બ્રહ્મચારી હો ,,
આ કાળે દીઠો નહિ એહવો વિશુદ્ધ વ્રતનો ધારી હો ,, ,, ૧૮

સ્ત્રી સાધ્વી સન્મુખ નહિ જોયું વૃદ્ધ પણે પણ તેં તો હો ,,
વાત કરે જબ હેતુ નિપજે દૃષ્ટિ ભૂમિએ દેતો હો ,, ,, ૧૯

શિષ્યવૃંદને એહ શીખવીયું દઢ આ વિષયે રહેજો હો ,,
તેહ તણા પાલનને કારણ દુઃખ મરણ નવિ ગણજો હો ,, ,, ૨૦

સંયમ મહેલ આધારજ એ તો દષ્ટિ દોષે સવિ મીંડુ હો ,,
કરમકટકને આતમ ઘરમાં પેસવા મોટું છીંડું હો ,, ,, ૨૧

બ્રહ્મમાં ઢીલા પદવી ધર પણ જાય નરક ઓવારે હો ,,
શુદ્ધ આલોયણ કરે નહિ તેહથી દુઃખ સહે તિંહા ભારે હો ,, ,, ૨૨

વિજાતીયનો સંગ ન કરજો સાપ તણી પરે ડરજો હો ,,
કામ કુટિલનો નાશ કરીને અવિચલ સુખડાં વરજો હો ,, ,, ૨૩

લઘુતા તારી હતી બહુભારી જાણે બાળ નાનકડો હો ,,
ગુર્વાદિકની આગે તો દીસે ગૌતમ ગુણનો ટૂકડો હો ,, ,, ૨૪

લઘુ મુનિ પણ દૂરથી આવે અભ્યુત્થાન તું કરતો હો ,, ,,
ગચ્છાધિપ હું છુ મોટેરો એહવું માન ન ધરતો હો ,, ,, ૨૫

ગ્રન્થ શોધતા તત્ત્વ સમજવા આસન નીચું કરતો હો ,, ,,
ઊંચે આસન જ્ઞાન ન આવે એવું એવું તું ભણતો હો ,, ,, ૨૬

રચિત ગ્રન્થમાં રહી ક્ષતિને સમજી જયારે સાચી હો ,,
ભવભ્રમણ બીધેલા તેં તો ક્ષમા સંઘમાં યાચી હો ,, ,, ૨૭

સહનશીલતા વાત્સલ્ય તાહરૂં બ્રહ્મચર્ય વિશુદ્ધ હો ,,
વેગે વરજો જગત જીવનમાં લઘુતા વળી અદ્‌ભુત હો ,, ,, ૨૮

## 卐 વિવેચન 卐

સ્વર્ગસ્થ સૂરિદેવજી તો ચમકતા રત્નોના આકર હતા. તેઓશ્રીનું જીવન એટલે કેટલા'ય ઉચ્ચત્તમ ગુણોનો મોટો મેળો! અપ્રતિમ સ્વાધ્યાયની સાથે નિરંતર તપ પણ હતો. તપની સાધના

પણ ત્યાગથી અલંકૃત હતી. પ્રત્યેક પળે પાપથી ડરનારા પાપભીરૂ આ સૂરિદેવ સહિષ્ણુતાની સાક્ષાત્ આકૃતિ હતા. પોતાની માલીકીની એક પેનસીલ પણ નહિ રાખનારા અકિંચન આ ગુરૂદેવ હૃદયના અતિ ઉદાર હતા. ગુણરત્નોના આ ખજાનામાંથી એક પછી એક રત્નો કાઢતા જઈને કવિરાજ આપણને આ રાસની ઢાળોમાં ગોઠવીને દેખાડે છે.

આ ધીર અને વીરપુરૂષે વ્યાધિની વેદનાઓ અને પરિષહોના પરિતાપ જીવનમાં ખૂબ સહન કર્યા છે, અત્યંત પ્રસન્નતાથી સહન કર્યા છે, કર્મ સંયોગે આવી પડેલા પરિષહોને'ય પ્રસન્નતાથી સહ્યા છે અને સામેથી આમંત્રણ આપીને પણ પરિષહોને સહન કર્યા છે. પરિષહોને પ્રસન્નતાથી સહન કરવાની તેઓશ્રીએ હસ્તગત કરેલી અદ્દ્ભુત કળા જો હાથમાં આવી જાય તો ભાવરંકનું દળદર ફીટી જાય.

ત્યાગ, તપ અને નિયમિતતાથી પૂર્ણ જીવન હોવાથી મોટી ઉંમર સુધી શરીર બીજી રીતે ઘણું અનુકુળ રહ્યું. પણ દેહડી પર અત્યાચાર ગુજારવા કર્મસત્તાને વ્યાધિની મોટી ફોજ મોકલવાની જરૂર નથી હોતી. ફરતા વાનો એક દુઃખાવો જ બસ હતો. કોઇ ઝનૂની દુશ્મન ઘરમાં પેસીને રંજાડી મૂકે તેમ શરીરના એક એક ગાત્રમાં આ દુઃખાવાએ પીડાનો પ્રસાર કર્યો. અત્યંત પીડાથી શરીરના ગાત્રો ગ્રસ્ત બની જતા, છતાં એ ભારે વેદનાની કોઇ નોંધ મુખમંડળના બેરોમીટર પર નોંધાતી નહોતી. ચહેરાની એ સૌમ્યરેખાઓમાં તો નરી પ્રસન્નતાજ ચીતરાયેલી રહેતી. દેહની આ અસહ્ય પીડા વચ્ચે મન તો ઉપશમમાં જ લીન રહેતું. કોઇ ઉકળાટ મનના વિચારમાં'ય નહોતો કે મુખમાંથી કોઇ હાયવોયના શબ્દો'ય નીકળતા નહોતા.

પચાસ પચાસ વરસ સુધી આ વ્યાધિની વેદનાને તેઓશ્રી

પ્રસન્નતાથી સહતા રહ્યા. વ્યાધિની વેદનાએ કેટલી'ય રાતોમાં ઉંઘમાં અટકાયત કરી પણ એ રાતભરના ઉજાગરાઓને પણ આ મહાપુરુષે અધ્યાત્મના જાગરણમાં ફેરવી દીધા. દેહ તેનો ધર્મ બજાવે ત્યારે પણ સાધક આત્મા પોતાના ધર્મમાં સ્થિર રહે. સ્વાધ્યાય, અનુપ્રેક્ષા અને ભાવયાત્રા દ્વારા એ વેદનાની રાતોમાં પણ આ મહાપુરુષ કર્મનિર્જરાની લખલૂટ કમાણી કરી લેતા.

ભકત શિષ્યો અને શ્રાવકોના આગ્રહથી ડોકટર અને વૈદ્યના ઉપચારો સતત ચાલતા રહ્યા પણ બળવાન વેદનીય કર્મ આગળ એ ઉપાયો પાંગળા પૂરવાર થયા. ઉપચારો છતાં વેદના યથાસ્થિત રહેતી. તો પણ આ મહાયોગી સહેજ પણ અકળાતા નહિ. તેઓશ્રી તો નરકાગારોમાં આત્માએ સહન કરેલી સહનાતીત વેદનાઓ અને મૃત્યુટાણે સહન કરવાની ભયાનક વેદનાને નજર સમક્ષ લાવીને સમતામાં લીન રહેતા.

જીવલેણ પરિષહોમાં પણ નિજભાવમાં આત્માને સ્થિર રાખી પરમ શ્રેયને વરી ચુકેલા પૂર્વના ભડવીર મહાપુરુષના જ્વલંત આદર્શોને દૃષ્ટિ સમક્ષ ખડા કરીને પોતે પણ નિજ ભાવમાં સ્થિર રહેતા.

દેહ આત્માના ભેદજ્ઞાનથી તેઓશ્રીએ સ્વાત્માને અત્યંત ભાવિત કરી દીધો. વેદના છે તેથી પણ અનેક ગણી ભલે વૃદ્ધિ પામે મારૂં કાંઇજ બગડતું નથી. દેહ એતો પુદ્ગલનો પિંડ છે અને હું તો પરમ ચૈતન્યનું ધામ છું. દેહ ક્ષણભંગુર છે અને હું તો અવિનાશી છું. વેદનાની ભયાનક આગ ભલે પ્રજ્વળે મારા આત્માના એક પ્રદેશને પણ તે ખાખ નહિ કરી શકે. દેહ એ તો પાડોશી છે ગમે તેટલી વેદનાઓ તેના પર ઉતરી પડે મારૂં શું બગડવાનું છે? દેહ આત્માના ભેદ જ્ઞાનની આવી તીવ્ર પ્રતીતિ તેઓશ્રી કરી રહ્યા. તેથી અસહ્ય વેદના છતાં તેઓશ્રીના સ્વાધ્યાયાદિ સર્વ યોગો અબાધિત રહેતા.

વેદનામાં રાહતમાટે ભક્ત શિષ્યો ગરમ પાણીની કોથળીથી શેક કરવાનો આગ્રહ કરે, તો પણ સદા જાગ્રત આ મહાપુરુષ સ્પષ્ટ મના કરી દેતા. અત્યંત ગંભીર માંદગીમાં કોઇ પંખો નાંખે તો પણ સાવધાન થઇ અટકાવી દેતા. પોતાની અત્યંત અશાતામાં પણ વાયુકાય જેવા એકેન્દ્રિય જીવોને અશાતા ન પહોંચે તેની કેવી અનુપમ કાળજી ? ઉપચાર રૂપે કોઈ દોષિત ચીજ લેવી પડે તો'ય તેઓશ્રીનો આત્મા કકળી ઉઠે. દોષિત દ્રવ્યના બુંદથી પણ દેહને કલંકિત કરવા કરતાં ભયાનક વેદનાને જ તેઓશ્રી મુબારક માનતા.

જીવનના અંતિમ છ વર્ષોમાં હૃદય રોગે પણ દેહડીમાં આવીને થાણું નાખ્યાં. તેના દુખાવાની પીડા જ્યારે માઝા મૂકે ત્યારે વેદના અસહ્ય બની જતી. પણ સહિષ્ણુતાના આ અવતાર તો પ્રસન્નતાથી તે સહી લેતા. ભયંકર વ્યાધિમાં પણ ત્રણ આસનથી વધારે ન વાપરવાનો નિયમ કરી લીધો.

વળી પ્રોસ્ટેટ ગ્રન્થીનો રોગ પણ દેહાલયનો અતિથિ બન્યો. તેનું પણ ભાવભીનું સ્વાગત કર્યું. કઠિન કર્મોના ભારને હળવો કરી આપનારા વ્યાધિને તેઓશ્રી મિત્ર સમાન ગણતા.

સહન કરવું એ તો તેઓશ્રીના શોખનો જ વિષય હતો જાણે ! આહાર કર્યા બાદ બપોરે બાર એકના ગાળે તેઓશ્રી સ્થંડિલ ભૂમિએ જતા. વૈશાખ જેઠના ધોમધખતા તડકાથી અતિ-તપ્ત બનેલી ધરતી પર ચાલતાં તેઓશ્રી બહાર સ્થંડિલ ભૂમિએ જાય. પગ બળી જાય તેવી તપ્ત ધરતી ઉપર પણ વીરની જેમ તેઓશ્રી મક્કમ પગલે ચાલતા. તે ઉગ્ર તડકામાં પણ વીર સુતની જેમ ધીરપણે ચાલતા આ સૂરિદેવના દર્શન કરવાનો એક અનુ-પમ લ્હાવો હતો.

વિનમ્રતા અને લઘુતા ગુણુથી અતિમહાન આ ગુરૂદેવ આત્મનિંદા ખૂબ કરતા, પોતાનો નાનકડો પણ દોષ તેઓશ્રીના મનના માઇક્રોસ્કોપમાં અનેક ગણો મોટો થઇને દેખાતો. સંયમ એ તો જહાજ છે. જહાજમાં નાનકડું પણ કાણું પડે તેની ઉપેક્ષા ન કરાય તેથી આ સૂરિદેવ સ્વના અતિ સૂક્ષ્મ દોષથી પણ અત્યંત વ્યથિત બનતા અને દોષને ટાળવા અત્યંત પુરુષાર્થ ફોરવતા, પોતાના નાનકડા દોષને પણ આગળ કરીને ખૂબ આત્મનિંદા કરતા.

આ પૂજ્યપાદશ્રીનું હૃદય એટલે વાત્સલ્યનો ઉછળતો દરિયો ! સહુ કોઇ પ્રત્યે અપાર વાત્સલ્ય તેઓશ્રી વરસાવતા. આ વાત્સલ્યથી જે કોઇ ભીંજાય તેનામાં અનેક વિશિષ્ટ શક્તિઓ પ્રાદુર્ભાવ પામતી. આ વાત્સલ્યના જાદુથી શ્રમણોના જીવનમાં સંયમની શુદ્ધિ પ્રધાન બની. વ્હાલસોયા માતપિતાને તજીને આવેલા શ્રમણોને પૂજ્યપાદશ્રી પાસેથી એવું વ્હાલ અને વાત્સલ્ય પ્રાપ્ત થતાં કે માતપિતાનાં વાત્સલ્ય પણ તેની આગળ ઝાંખા પડતા. વૃદ્ધ સાધુને પણ એક નાના બાળકની જેમ અપાર વાત્સલ્ય પીરસતા. અને બાલ શ્રમણો અને યુવાન શ્રમણો માટે તો તેઓશ્રીના ચરણુનું શરણુ એટલે પરમસુખનું ધામ ! તેઓશ્રીના મુખચંદ્ર પર પ્રસન્નતાની ચાંદની ચોમેર પ્રસરાતી અને તે પ્રસન્નતાનો ચેપ આશ્રિત શિષ્યોને પણ લાગેલો રહેતો. લઘુતા આદિ ગુણોની સાથે તેઓશ્રીની સરળતા પણ ગજબની હતી.

સંયમ ધર્મની મહેલાત પાવિત્ર્યના પાયા પર નિર્ભર છે તેથી જ પાંચ મહાવ્રતમાં ચતુર્થ મહાવ્રત નિરપવાદ છે. ગમે તેવા સંયોગોમાં પણ આ મહાવ્રતમાં સ્હેજ પણ છૂટછાટ શાસ્ત્રસંમત નથી. નિજસ્વભાવરમણુતા આ બ્રહ્મચર્ય ગુણુને આધીન છે. આ મહારત્નની રખેવાળી માટે અરિહંત પરમાત્માએ નવવાડથી તેનું રક્ષણુ કરવાનો આદેશ કર્યો. નવમાંથી એક વાડમાં સ્હેજ

પણ છીંડુ પડતાં કામચોર આતમઘરમાં પ્રવેશી જવાની ઘણી શકયતા છે. મહાવ્રત જગતમાં ઉદ્યોત કરનારો દીવડો છે.

સ્વર્ગસ્થ સૂરિદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા કલિકાલમાં અનન્ય કોટિની બ્રહ્મચર્યની વિશુદ્ધિ ધરાવતા હતા. તેઓશ્રીના મુખારવિંદ પર એ પરમપાવિત્ર્યની તેજપ્રભા ચમકતી હતી. તેઓશ્રીની નિર્મળ આંખોમાં નકરી નિર્વિકારિતા પ્રતિબિંબિત થતી હતી. કાયા અને વચન તો સર્વથા પવિત્ર હતા જ, પણ મનના કોઈ ખૂણામાં પણ કયારેય કોઇ કુવિકલ્પનો ક્ષણિક પડછાયો પણ નહોતો પડયો. શરીરના એક રૂંવાડામાં પણ કયારેય વિકારનો ક્ષણિક ઝબકારો પણ તેઓશ્રીએ નહોતો અનુભવ્યો. બ્રહ્મચર્ય તેઓશ્રીના સ્વભાવમાં અત્યંત સ્થિર બની ગયું હતું. પગથી મસ્તક સુધી સર્વથા પવિત્ર આ પરમબ્રહ્મસ્વામી મહાપુરુષ કલિકાળનું એક મહાન આશ્ચર્ય હતા.

તેઓશ્રીના પુનિત પાવિત્ર્યનો પ્રભાવ હતો કે કોઇપણ વ્યકિતના દિલમાં અત્યંત આદરપૂર્ણ સ્થાન તેઓશ્રી પ્રાપ્ત કરી લેતા. તેઓશ્રીનું કોઈપણ વચન હરકોઇને ઉપાદેય બનતું. તેઓશ્રીનું વચન અચૂક ફળતું, નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકેની તેઓશ્રીની ખ્યાતિ સર્વ વ્યાપક બની હતી. નવવાડનું અણિશુદ્ધ પાલન, નીરસ ભોજન, ભાવવિભોર જિનભકિત, સ્વાધ્યાય રકતતા અને ગુરૂવર્યોની અત્યંત કૃપાના બળે આ મહાપુરૂષ આ દુરારાધ્ય ગુણને આત્મસાત્ કરી શકયા.

૮૦ વર્ષની પાકટ વયે પણ આ બ્રહ્મનિધિએ સ્ત્રી કે સાધ્વી સામે દૃષ્ટિ કરીને વાત કરી નહોતી. અતિ જાગૃત આ મહાપુરૂષ શકયતયા તો વિજાતીય સાથે વાર્તાલાપનો પ્રસંગ ટાળતા. કદાચ પ્રસંગ ઉપસ્થિત થાય તો પણ દૃષ્ટિ ભૂમિસન્મુખ રાખીને વાત કરતા.

એકદા એક સાધ્વીજી ભગવંત આલોચના કરવા આવ્યા. પોતે મહાગીતાર્થ અને આચાર્યપદે બિરાજમાન હોવાથી પાપ-શુદ્ધિ માટે આવેલા શ્રમણીને ઇન્કાર તો કેમ કરી દેવાય ? તેથી વિરુદ્ધ દિશામાં મુખ રાખીને સાધ્વીજીના મુખેથી આલોચનાનું શ્રવણ કરીને પ્રાયશ્ચિત આપ્યું. પરમોત્તમ ગુણની રક્ષાની કેવી ઉત્કૃષ્ટ ખેવના તેઓશ્રીના રગરગમાં વસી હશે.

એકદા વ્યાખ્યાનમાં કર્મની પ્રકૃતિઓ સંબંધી થોડી વાત કરી. વ્યાખ્યાન પૂર્ણ થતાં એક બેન તે અંગે કોઈ શંકા પૂછવા આવ્યા, આ પ્રસંગથી ચેતી ગયા અને વ્યાખ્યાન જ બંધ કરી દીધા. આ રીતે શંકાના સમાધાનના બહાને પણ વિજાતીય સાથે વાત કરવાનો પ્રસંગ ઉભો થાય તો મારું નિર્મળ ગુણરત્ન મલિન થઇ જાય! કેવી પરમ બ્રહ્મનિષ્ઠા?

અને આ પરમ શુદ્ધિનો વારસો શિષ્યોમાં પણ ઉતાર્યો. શિષ્યવૃંદને આ મહાવ્રતની રક્ષા કાજે સતત પ્રેરણા કરતા. ગચ્છની વ્યવસ્થામાં પણ આ ગુણની રક્ષાનું ખાસ લક્ષ્ય રાખતા.

શ્રમણસમુદાય તો ઘણો મોટો હતો. રાત્રે સંથારાના ક્રમની વ્યવસ્થા વૃધ્ધ-પીઢ સાધુને સોંપતા. બે યુવાન શ્રમણોની વચ્ચે એક વૃધ્ધ સાધુનો સંથારો થતો. વળી રાત્રે આ મહાન ગુરૂદેવ મકાનમાં એકાદ આંટો લગાવી સૂતેલા સાધુઓનું નિરીક્ષણ કરી લેતા. આશ્રિત શિષ્યોના શીલનું પણ કેવું રૂડું જતન ?

શિષ્યવૃંદને આ વ્રતની રક્ષા માટે સતત પ્રેરણા કરતા હતા કે "સંયમ ધર્મના ભવ્ય મહેલનો પાયો આ વ્રત છે, તેનું ખૂબ જતન કરજો. સંયમનો પ્રાણ બ્રહ્મચર્ય છે. તે પ્રાણના રક્ષણ કાજે કદાચ, દેહના પ્રાણનું બલિદાન આપવું પડે તો આપી દેજો પણ આ વ્રતને સદા'ય નિર્મળ રાખજો. દૃષ્ટિદોષ જેવા

પાપો જીવનમાં પ્રવેશ પામશે તો તેની પાછળ દુષ્કર્મોની મોટી સેના પણ આત્મઘરમાં પ્રવેશ કરશે.

તપ ત્યાગ જ્ઞાન ધ્યાનના મહાસાધકો પણ જો આ વ્રતમાં જરા ગાફેલ બને તો ભયાનક નરકાગારના અતિથિ બની જાય. અનાલોચિત વ્રતભંગના પાપે મહાન પદવીધરોને પણ દુર્ગતિની કાળજાળ વેદનાઓ સહન કરવી પડે છે.

વિજાતીયનો સ્હેજ પણ પરિચય મહામારક છે. તેથી હંમેશા વિજાતીયથી ડરીને દૂર ભાગજો, નારીના દર્શનમાં વિકરાળ નાગણનું દર્શન કરીને તેનાથી ખૂબ સાવચેત રહેજો.

અનાદિકાળથી આત્માને સતાવતાં કામચંડાલને પરાસ્ત કરજો. આત્માના અવિચલ સુખની પ્રાપ્તિમાં એજ મુખ્ય પ્રતિબંધક છે. માટે તેનાથી ખૂબ સાવધ રહેજો."

આવી માર્મિક પ્રેરણા દ્વારા શિષ્યોના અંતરમાં પણ અજબની બ્રહ્મનિષ્ઠા તેઓશ્રીએ કરી હતી.

પરમ પાવિત્ર્યના ધામ આ ગુરૂદેવશ્રીનું નામ પણ એક મંત્ર છે. એ નામમંત્રનું જે સ્મરણ કરે છે, તેનાથી કામશત્રુ દૂર ભાગે છે. બિહાર પ્રાંતમાં એક શ્રાવક યાત્રાર્થે ગયા હતા. ૨૦ કીલોમીટરનું અંતર ઘોડાગાડીમાં પસાર કરવાનું હતું. ઘોડાગાડીમાં બીજા એક અપરિચિત બેન તેમની બાજુમાં બેઠા હતા. એકાંત અને અનુકૂળતા હોવાથી તે શ્રાવકના મનમાં કામશત્રુએ પ્રવેશ કર્યો. પણ શત્રુથી સાવધાન બનીને આ શ્રાવકે તુરતજ પૂજ્યપાદ ગુરૂદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના નામ મંત્રનો જાપ શરૂ કીધો અને ખરેખર ચમત્કાર થયો. એકજ ઝાટકે કામવિચાર અદૃશ્ય થયો અને પવિત્ર ભાવોથી ચિત્ત વાસિત બની ગયું.

વિદેશના એક વિખ્યાત જ્યોતિર્વિદ ભારતમાં પધાર્યા ત્યારે

અમદાવાદના આ પૂજ્ય ગુરૂદેવશ્રીના એક પરમભક્ત શ્રાવકે આ સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીની જન્મકુંડલી તેને બતાવી. કુંડલીને જોતાંજ આશ્ચર્ય મુગ્ધ બનેલા આ વિદેશી જ્યોતિર્વિદે તુરત કહ્યું.

"આ જેની કુંડલી હોય તે મહાપુરુષના દર્શન કરાવો. તે પરમપવિત્ર પુરુષના ચરણોની રજ મસ્તકે ચઢાવીને મારે પુલકિત થવું છે. આ કુંડલી કહે છે કે, તે મહાપુરુષને જીવનની કોઇપણ ક્ષણમાં પણ દેહના રૂવાડામાં પણ મામુલી પણ વિકાર ઉદ્ભવ્યો નથી. એ ધન્ય પુરુષ પરમપાવિત્ર્યનો પૂંજ છે. મારે તેઓશ્રીના દર્શન કરી કૃતાર્થ બનવું છે. મને દર્શન કરાવો" પણ આ પરમ બ્રહ્મચારી ગુરૂદેવ તો ત્યારે સ્વર્ગે સીધાવી ચૂકયા હતા.

પૂજ્ય મહાન ગુરૂદેવની લઘુતા પણ ગજબની હતી. ગુણ-ગરિમાથી ભરેલા આ ગુરૂદેવ અત્યંત નમ્ર હતા. કંદર્પ વિજેતા આ ગુરૂદેવે દર્પને પણ પછાડયો હતો. વિશિષ્ટવિદ્વત્તા, વિશાળ શિષ્યવૃંદ અને માનપૂર્ણ સ્થાન છતાં ગુરુભગવંતો અને પૂજ્ય વડીલ મુનિઓની તો વિનયમૂર્તિ બનીને ઉપાસના કરતાં.

મોટા આચાર્ય થવા છતાં અવસરે નાનકડા શ્રમણનું કોઇ કાર્ય કરી લેવામાં સ્હેજ પણ લઘુતા અનુભવતા નહિં. પર્યાયમાં નાના એવા પૂ. લબ્ધિસૂરિ મ., પૂ. કનકસૂરિ મ. અને પૂ. મેઘ સૂરિ મ. ને વ્યવહારવત્ વંદન કરતા હતા. ઉનાળાના દિવસોમાં વિહાર દરમ્યાન મકાનમાં પહોંચીને ગોચરી આદિ લાવવાના કાર્યોમાં શ્રમણો રોકાયા હોય ત્યારે પોતે પાણી ઠારવા પણ બેસી જાય. અને થોડીવારમાં પાણી અત્યંત ઠંડુ કરીને તૃષાતુર સાધુઓની ભક્તિ કરતા. શાસન પ્રભાવના કરીને દૂરથી કોઈ નાનકડો પણ સાધુ આવી રહ્યો હોય ત્યારે વિશાળ ગચ્છના આ અધિપતિ આસન પરથી ઉઠીને તે લઘુમુનિનો પણ સત્કાર કરતાં. પોતે મહાન ગચ્છાધિપતિ છે તેવું માન તેઓશ્રીએ કયારે'ય રાખ્યું નહોતું.

ગ્રંથનું સંશોધન કરતાં કોઈ વિષય સ્પષ્ટ ન થતાં રચયિતા શ્રમણો પાસે સમજવું હોય તો પોતે પાટ ઉપરથી નીચે ઉતરીને સમજવા બેસતાં. ઊંચે બેસવાથી જ્ઞાન પ્રાપ્ત થતું નથી, વિનય અને નમ્રતાના પ્રવેશદ્વારોથી આત્મામાં જ્ઞાન પ્રવેશ પામે છે તેવું તે કહેતા.

આ સૂરિદેવના અંતરમાં પાપભીરૂતા પણ ખૂબ જડાયેલી હતી. ઉત્સૂત્ર વચન અનાભોગથી પણ ન બોલાઇ જાય તેની ખૂબ સાવધાની રાખતા. પોતે રચેલાં ગ્રન્થમાં કોઈ ક્ષતિ રહી ગઈ અને પાછળથી તેનો ખ્યાલ આવ્યો તો અત્યંત નમ્ર બનીને આ મહાન સૂરિદેવે સકલસંઘ સમક્ષ પોતાની ભૂલની ક્ષમા યાચી.

સહિષ્ણુતાના ભંડાર, વાત્સલ્યના મહાસાગર, સરળતા અને પાપભીરૂતા જેવા અનેક ગુણોના નિધિ આ પરમ બ્રહ્મચારી મહાપુરુષના આ ઉચ્ચત્તમ ગુણોના કીર્તનથી એ ગુણોનો પ્રકાશ આપણા ભક્ત જગતના જીવન ઓરડામાં પણ પથરાય અને એ પરમોત્તમ ગુણોની આંશિક પણ સ્પર્શના થાય તો જીવન ધન્ય બની જાય.

## મહાન સૂરીશ્વરના દુઃસાધ્ય અનુપમ ગુણોની મનોહર મહેંક આ પાંચમી ઢાળમાંથી પ્રસરે છે.

### * ઢાળ ૫ મી *

(રાગ—દિલરંજન જીનરાજજી, સુમતિનાથ જગસ્વામી સલુણા)

પ્રેમસૂરી ગુરુરાજજી નિર્મલ આણાધારી સલૂણા
પરહિતચિંતાને વળી ગ્લાનસેવા તુજ પ્યારી સલૂણા પ્રેમસૂરિ-૧

નિસ્પૃહ! તારો જોટો ન દીઠો આકિંચન્ય તુજ મ્હોટું સલૂણા
લઘુ લેખિની પણ નવિ રાખી ન કહું હું કાંઈ ખોટું ,, ,, ૨

વિદ્યા ભણીયો પર પુસ્તકથી 'મારુ' કરી નવિ રાખ્યું ,,
જ્ઞાનભંડાર ઉપધિ શિષ્યોની વાત હવે હું શું ભાખું ,, ,, ૩

પ્રતિબોધી તું ગુણીજનો પણ શિષ્ય બીજાના કરતો ,,
અહો અહો નિસ્પૃહતા તારી અમ જીવનને વરજો ,, ,, ૪

પર ગુણનું અનુમોદન કરતો સરસવ-મેરુ ન્યાયે ,,
નિજગુણ શ્રવણે રડતો જાણ્યોમેં હોતે ગુણ સમુદાયે ,, ,, ૫

અમે બધા સહુ નિર્ગુણશેખર તેહમાં પણ ગુણ જોતો ,,
નિંદા નિજ આતમની કરતાં થયો તું સૂરિવર મ્હોટો ,, ,, ૬

આણવહંતો શ્રી જિનવરની જિનવચણે જગ પેખે ,,
વચણ વિરોધી યુક્તિસભર પણ વાત ન મનમાં લેખે ,, ,, ૭

મન-વચ-કાયા વૃત્તિ તાહરી હતી વચણાનુસારી ,,
વચણા તુજ હિયડામાં વાસ્યાં કયાં રહે નિજમતિનારો ,, ,, ૮

પરહિતચિંતા સદાયતું કરતો પરને નિજસમ ગણતો ,,
"શાસન પામી જિનવર કેરુ તરે" સૌ મુખ ઇમ ભણતો ,, ,, ૯

નહિ મુખ ભણતો હાથ પકડતો સંયમ સુખડી દેતો ,,
યમ નિયમને બહુ શિખવતો જાણે મોટો મહેતો ,, ,, ૧૦

સંયમરત કીધા બહુ શિષ્યો સંયમોદ્યાને માળી ,,
બહુ ફૂલ વિકસ્યા તુજ આરામે જસ સુરભિ જગસારી ,, ,, ૧૧

જ્ઞાનાભ્યાસ કરાવી કેઇને કીધા મહા વિદ્વાન ,,
કેઇ તપસ્વી ને કેઇ ત્યાગી જગ પ્રસર્યો જસ વાન ,, ,, ૧૨

'ગ્લાનની સેવા છે મુજ સેવા' જે શ્રી જિનવરે ભાખ્યું ,,
તે અવધારી હૃદય કમલમેં ગ્લાન સેવામૃત ચાખ્યું ,, ,, ૧૩

સ્વગણ પરગણ ભેદ વિસારી કીધી સેવા તેં સહુની ,,
ગ્લાન ચિત્ત આશ્વાસન આપી કીધી સમાધી બહુની ,, ,, ૧૪

કાર્ય હજાર મૂકીને કરજો ગ્લાનસેવા નવિ ચૂકજો ,,
એમ શિખવ્યું શિષ્ય સકળને સમાધિ સુખડા વરજો ,, ,, ૧૫

વૃદ્ધમુનિ સેવાને કારણ સાધુ સબલ તેં રોકયા ,,
નિર્યામણા કરાવી સુંદર સદ્ગતિ સોધે મૂકયા ,, ,, ૧૬

કાળવાયુ વિકરાળ વિકારી મુનિજીવને નવિ વ્યાપે ,,
એહ હેતુ નિજ હૃદયે સ્થાપી બંધારણ કરી આપે ,, ,, ૧૭

બંધારણ બખતરથી રક્ષ્યો સમુદાયને સારો ,,
વિષયવિકાર જ્વરનિગ્રહનો બીજો ન દીઠો આરો ,, ,, ૧૮

પૂર્વ અભ્યાસવશે જીવ સેવે દોષસ્થાન મોટેરા ,,
બળતે ચિત્ત આલોયણ કરીને કર્મ કરે છોટેરા ,, ,, ૧૯

દેઇ હિતશિક્ષા આલોયણથી દોષવિષ ઓકાવ્યા ,,
ભવ આલોચણ કરી કેઇનાં જીવન શુદ્ધિને પામ્યા ,, ,, ૨૦

ચરણગ્રહી ગુરૂરાજ તમારા હું પણ માંગુ તેહ ,,
જગતને રાખો બાંહ્ય ગ્રહીને તુમ વિણ નહિ જસકેહ ,, ,, ૨૧

## 卐 વિવેચન 卐

જિનાજ્ઞા એ જ પૂ. સૂરિદેવશ્રીના હૃદયનો ધબકાર હતો. જિનાજ્ઞા એજ તેઓશ્રીના જીવનનો પ્રાણ હતો. જિનાજ્ઞા એજ તેઓશ્રીનો શ્વાસોશ્વાસ હતો. તેથી તેઓશ્રી જિનાજ્ઞાસાપેક્ષ અદ્ભુત જીવન જીવી ગયા. જિનાજ્ઞા પાલનનો ઉચ્ચ આદર્શ મૂકી ગયા અને જિનાજ્ઞાની વફાદારી શિષ્યવૃંદને પણ ભેટ ધરી ગયા. તેઓશ્રીનું સંપૂર્ણ જીવન જિનાજ્ઞાના રાહ પર દોડતું હતું.

પ્રકાંડ-વિદ્વત્તા, અદ્વિતીય પુણ્ય પ્રભાવ, વિશાળ શિષ્ય-સમુદાયનું બહુમાનપૂર્ણ આધિપત્ય, સંઘમાં માનપૂર્ણ સ્થાન જેવી અનેક અનુકૂળતાઓ છતાં આ તારક સૂરિદેવશ્રીના હૃદયનો એક ખૂણો પણ સ્પૃહાના માલિન્યથી મલિન થયો નહોતો. તેઓશ્રી નિસ્પૃહ શિરોમણી હતા. તેઓશ્રીના પુણ્ય, પ્રેરણા કે પ્રેમથી સંયમાર્થી બનેલા કોઈ વ્યક્તિને પોતાનો શિષ્ય બનાવવાની સ્પૃહા તેઓશ્રીએ રાખી ન હતી. સંસારમાંથી ઉદ્ધાર કરવાનું તેઓનું કર્તવ્ય અદા કરી યોગ્ય શ્રમણનો શિષ્ય બનાવતા. માટે જ આ સૂરિદેવ પાટ કે પ્લેટફોર્મથી પર હતા તેમજ આ સૂરિદેવ કોઇ ભક્ત શ્રાવકોના ટોળાઓથી ઘેરાયેલાય રહેતા નહોતા. તેઓશ્રીના હૃદયમાં તો સર્વ સ્પૃહાઓથી સંપૂર્ણ મુક્ત થવાની એક માત્ર સ્પૃહા જાણે રમતી હતી. અનેક શિષ્યોનું ગુરુત્વ, હજારો શ્રોતાઓ સામે પ્રવચન કે સમૃદ્ધભક્તોનું પીઠ-

બળ આ બધું તેઓશ્રીને મન એક પૌદ્ગલિક મહત્તા સિવાય જાણે કાંઇ નહોતું. અને આત્મલક્ષ્યને સદાય યાદ કરનારા આ ગુરૂદેવને એ પૌદ્ગલિક મહત્તાનું કોઈ મૂલ્ય નહોતું. પોતાની અદ્ભુત શક્તિઓ, ગુણો અને ઉપકારોની કોઇ નોંધ લે કે ન લે તેનાથી તે નિરપેક્ષ હતા. નિસ્પૃહતાનો દુર્લભતમ ગુણ તેઓશ્રીએ આત્મસાત્ કર્યો હતો.

અને આ પાપભીરૂ સૂરિદેવ પરિગ્રહના ભારથી ખૂબ ડરતા. સંસારની માલ મ્હેલાતો અને ધન તો ત્યજી દીધાં પણ ઉપકરણોના પરિગ્રહમાં પણ તેઓશ્રી ખૂબ સાવધાન હતા. ગ્રંથોના સર્જક અને વિદ્વદ્શિરોમણિ આ સૂરિદેવ પોતાની માલિકીની એક કલમ પણ નહોતી રાખતા. અનાવશ્યક કે અલ્પાવશ્યક ચીજની માલિકી તેઓશ્રી રાખતા નહિ. શાસ્ત્રોનાં અધ્યયન કરી પ્રકાંડ પાંડિત્ય પ્રાપ્ત કર્યું પણ તેઓશ્રીએ જ્ઞાનભંડાર આદિના પુસ્તકોનો જ ઉપયોગ કર્યો હતો. પોતાની માલિકીના પુસ્તકો પણ તેઓશ્રી રાખતા નહોતા તો પોતાની તાબેદારી હેઠળ જ્ઞાનભંડારો કે ઉપધિના પોટલા તો ક્યાંથી હોય ? અને શિષ્ય પણ એક પરિગ્રહ હોવાથી શિષ્યોનો પરિગ્રહ પણ વધુ વધાર્યો નહિ, પોતે પ્રતિબોધ કરીને પણ અન્યનો શિષ્ય બનાવતા. તેઓશ્રીની માત્ર આ નિસ્પૃહતા જે વ્યક્તિ જીવનમાં પ્રાપ્ત કરે તે વ્યક્તિ પણ ધન્ય બની જાય.

ઉપબૃંહણાનો અનુપમ ગુણ તેઓશ્રીને વર્યો હતો. અન્યના રાઇ જેવડા ગુણને પણ ગુણદૃષ્ટિના માઇક્રોસ્કોપથી તેઓશ્રી મેરૂ જેવડો કરીને જોતા. ગુણાનુરાગ તેઓશ્રીના ગુણ વૈભવનું ઝળહળતું રત્ન હતું. કોઇની નાનકડી પણ સિદ્ધિ જોઇને તેઓશ્રી ઉપબૃંહણા કર્યા વિના ન રહી શકતા. અને આ ગુણને કારણે તેઓશ્રીનો ગુણવૈભવ તો વધ્યો અને તેજસ્વી બન્યો. સાથે ઉપબૃંહણા

દ્વારા સહુ શ્રમણોની શક્તિનો પણ અત્યંત વિકાસ થયો. ઉપબૃંહણાના માધ્યમથી રોજની એક ગાથા પણ માંડ કરી શકનારા સાધુને કલાકની ૨૦-૨૫ ગાથા કરતા તેઓશ્રીએ કરી દીધા.

સહુના ગુણની પ્રશંસા તેઓશ્રીને ગમતી, પણ સ્વના ગુણની પ્રશંસા કદાપિ નહિ. પોતાની પ્રશંસા સાંભળતા જાણે તેઓશ્રીને કાનમાં શૂળ ભોંકાવા જેવી વેદના થતી. અહમદનગરમાં તેઓશ્રીની દીક્ષાતિથિએ ભક્ત શિષ્યો અને ભક્ત શ્રાવકોએ તેઓશ્રીના ગુણાનુવાદની સભાનું આયોજન કર્યું. તેઓશ્રીને આ બાતની જાણ થતાં તેઓ અત્યંત વ્યથિત થયા. અને ખરેખર આ સેંકડો શિષ્યોનાં આ ગુરુના હૃદયની એ વ્યથા આંખોના દ્વારથી આંસુના રૂપમાં નીતરી એટલું જ નહિ શિષ્યવર્ગને ઠપકો આપ્યો કે મારામાં ગુણ ગાવા જેવું છે શું ? પોતાના ગુણાનુવાદથી તેઓશ્રીએ કેવી વેદના અનુભવી હશે ? અને ગુણ ગણથી પોતે ભરેલા છતાં પોતાને સર્વથા નિર્ગુણ માનતા આ મહાપુરુષની લઘુતા પણ કેવી ?

અનન્ય કોટિનો પ્રમોદભાવ ધરનારા આ ગુરૂદેવ આત્મશ્લાઘાથી ડરતા હતા અને આત્મનિંદા ખૂબ કરતા. ગુણના નિધિ હોવા છતાં પોતાના આત્માને દોષોના ઉકરડા જેવો પોતે માનતા.

જિનાજ્ઞાસાપેક્ષ અને ગુર્વાજ્ઞાસાપેક્ષ જીવન જીવનારા આ ગુરૂદેવ જિનવચનને અત્યંત આરાધ્ય માનતા. શાસ્ત્રચક્ષુથી તેઓશ્રી જગતનું દર્શન કરતા. યુક્તિયુક્ત દેખાતા પણ અન્ય ધર્મીના વચનથી તેઓશ્રી ભોળવાતા નહોતા. મનમાં વિચાર, વાણીનો શબ્દ કે કાયાની પ્રવૃત્તિનો નિયંત્રક હતું જિનવચન, હૈયું જિનવચનની અડોલ શ્રદ્ધાથી ઉભરાતું હતું.

પરમાર્થવ્યસની આ પૂજ્ય ગુરૂદેવશ્રી સદા'ય સહુના હિતની ચિંતા કરતા. એ મહાપુરુષના હૃદયનો કોઇ નાનો પણ ખૂણો સ્વપ્નમાં'ય કોઈનું બુરૂ કરવાના વિચારથી ખરડાયો હોય

ખરો ? સહુના કલ્યાણની ભાવના તેઓશ્રીના હૈયે વસી હતી. તેઓશ્રીની કાળજી, પ્રેરણા અને માર્ગદર્શન હરકોઈને માટે કલ્યાણ પંથના સોપાન જ હતા. તેઓશ્રીની મૈત્રી ભાવનાનો વિષય સર્વ જીવો હતા. સહુ કોઈના હૃદયમાં અનંતકલ્યાણકર જિનશાસન વસી જાય તેવી તીવ્ર ભાવના તેઓશ્રીના હૃદયમાં સતત રમતી. કેંક જીવોને ષડ્જીવનિકાયના કતલખાના સમા સંસારમાંથી ઉદ્ધરીને સંયમસુખડીની લ્હાણી કરી. સંયમ આપ્યા પછી પણ આત્મહિતની યોગ્ય પ્રેરણા અને શિક્ષા તેઓશ્રી સતત આપતા.

સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રી પ્રેમસૂરિશ્વરજી મહારાજા એક કુશળ માળી હતા. તેઓશ્રીએ મોંઘેરી માવજત કરીને સેંકડો શ્રમણ પુષ્પો પકવ્યા અને રૂડુ જતન કર્યું. શ્રમણ પુષ્પોની સુવાસ દિગંતમાં ફેલાઈ. આ કુશળ શીલ્પીએ ઘડેલા જીવન શિલ્પો જગતના ચોકમાં શોભી રહ્યા. તેઓશ્રીએ કેળવેલા શ્રમણો વિદ્વાન બન્યા, વકતા બન્યા, લેખક બન્યા, તપસ્વી બન્યા, ત્યાગી બન્યા, ચુસ્ત સંયમી બન્યા અને શાસન પ્રભાવક બન્યા.

ગ્લાન સેવા એ પૂજ્યશ્રીના જીવનભુવનમાં ઝળહળતું ગુણરત્ન હતું. "જો ગિલાણં મન્નઇ સો મમ્" એવું શાસ્ત્રવાકય તેઓશ્રીના હૃદયમાં જાણે જડબેસલાક અંકિત થઈ ગયું હતું. ગ્લાન શ્રમણની સેવામાં સઘળા'ય અગત્યના કાર્યો ગૌણ કરીને તે પહોંચી જતા. નાનકડા પણ ગ્લાન શ્રમણની સેવામાં તેઓશ્રી અત્યંત ગૌરવ અનુભવતા અને આ પૂજ્યપાદશ્રીએ ગ્લાનની સેવામાં ગચ્છ કે સમુદાયના કોઇ ભેદ રાખ્યા નહોતા. પરસમુદાયના પણ ગ્લાન સાધુને ઉપચારકની જરૂર છે તેવી ગંધ આવતા જ તે પોતાના શ્રમણોને મોકલી દેતા. અને આ પૂજ્યપાદશ્રીએ તૈયાર કરેલા સંયમી અને સેવાભાવી શ્રમણોની સ્નેહસભર સરભરા પામીને આરોગ્ય પામતા તે પરસમુદાયના પણ શ્રમણો આંખની

અશ્રુધારાથી આ પૂજયપાદશ્રીના ચરણોનું પ્રક્ષાલન કરીને કૃતજ્ઞતા વ્યકત કરતા.

વ્યાધિની વેદનામાં પણ ગ્લાનનું ચિત્ત સમાધિમાં રહે તે માટે તેઓશ્રી સઘળુ'ય કરી છૂટતા. હજારો કાર્યો ગૌણ કરીને પણ ગ્લાન સેવાને મુખ્યતા આપવાનું કર્તવ્ય શ્રમણોને પણ તેઓશ્રીએ શીખવ્યું હતું. એકવાર અન્ય સમુદાયના એક વૃદ્ધ મુનિ ગ્લાન બનતા પોતાના સમર્થ શિષ્યોને મોકલ્યા. સેવારત તે શિષ્યોએ ગ્લાન શ્રમણનો અંતકાળ આવી જતાં સુંદર નિર્યામણા કરાવી અદ્ભુત સમાધિ આપી.

શ્રમણોના હિતની તેઓશ્રી અત્યંત ચિંતા કરતા. જમાનો દિન પ્રતિદિન બદલાતો ગયો, પશ્ચિમનો ઝેરી પવન ભારતમાં પણ ફેલાયો. લોકોના પહેરવેશ, વર્તન, વિચાર, વાણી, ખોરાક આદિ સર્વ બાબતોમાં વિકારપોષક તત્ત્વોનો પ્રવેશ વધતો ગયો. સુવિશુધ્ધ સંયમનું પાલન દુષ્કર બનશે તેમ તેઓશ્રીએ જાણ્યું. યુવાન શ્રમણોનાં ચારિત્રની રક્ષા માટે પણ તેમને ભય લાગ્યો. શ્રામણ્યની સુરક્ષાનો ભેખ લઈને બેઠેલા આ દીર્ઘદૃષ્ટા ગુરૂદેવે તેથી જ સમુદાયના સાધુઓ માટે એક બંધારણ ઘડ્યું. સંયમ સુરક્ષા માટે કરાયેલ આ પટ્ટક સં. ૨૦૧૮ના ચૈત્રવદ ૫ ના દિવસે જ્ઞાનમંદિરમાં જાહેર કરાયો. જમાનાનો ઝેરીપવન શ્રમણોના સંયમદેહને કોઇ બૂરી અસર ન પહોંચાડે માટે જાણે તેઓશ્રીએ શ્રમણોને આ પટ્ટકનું બખતર પહેરાવી દીધું.

પૂજ્ય ગુરૂદેવશ્રી જાણતા હતા કે અનાદિકાલિન પાપ-સંસ્કારો જાગૃત આત્માને પણ ભૂલવી નાખે. તેથી સાવધાન આત્માના જીવનમાં પણ ભૂલ થઇ શકે છે. પણ ભૂલને સુધારી લેવી તે અત્યંત મહત્વનું છે. સેવાયેલા દોષો માટે અંતર રડવું જોઇએ.

અને રડતા હૃદયે એ દોષોનું ગીતાર્થ ગુરૂસમક્ષ આલોચન કરવામાં આવે તો દોષોની શુદ્ધિ થઇ જાય છે. અત્યંત મોટો દોષ પણ શુદ્ધિના બળથી ક્ષીણ થઇ જાય છે અને તેના કટુવિપાક ચખાડી શકતો નથી.

એકવાર એક શિષ્યે તેઓશ્રી પાસે આલોચના કરી "એક બેનના હાથથી મેં ગોચરી વહોરી, પણ મને પછી ખ્યાલ આવ્યો કે તેમના માથે ફૂલની વેણી હતી. તેથી સચિત્તના સંઘટ્ટાવાળી વ્યક્તિના હાથે વ્હોરવાની ભૂલ મેં કરી છે. એનું મને પ્રાયશ્ચિત આપો."

અને પરમહિત ચિંતક આ ગુરૂદેવે કહ્યું "તેનું પ્રાયશ્ચિત તો ઘણું અલ્પ છે પણ તે બેનના મસ્તકે પુષ્પની વેણી હતી તેનો તને ખ્યાલ આવ્યો તે મોટો દોષ છે. તેનું પ્રાયશ્ચિત વહન કરીને તું શુદ્ધ બન" અને પ્રાયશ્ચિત વહન કરીને શુદ્ધ બનવા ઉપરાંત તે શિષ્ય હંમેશ માટે ખૂબ સાવધાન બન્યો અને ગુરૂદેવની અપાર કરુણાને મનોમન વંદી રહ્યો.

આલોચના અને પ્રાયશ્ચિતનું આ અપાર માહાત્મ્ય બતાવીને કૈંક જીવોના જીવનમાંથી આ સૂરિદેવે માલિન્ય દૂર કર્યું છે. અનેક જીવોને તેઓશ્રીએ આ રીતે શુદ્ધિનો આનંદ પીરસ્યો છે.

ઢાળના પ્રાન્તે કવિશ્રી આ પરમારાધ્ય ગુરૂદેવના પરમોપાસ્ય ચરણોની પરમતારક સેવનાનું સ્મરણ કરીને આત્મ શુદ્ધિ માટે સૂરિદેવના અત્યંત અનુગ્રહની પ્રાર્થના કરે છે.

**સૂરિદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રચંડ આત્મશુદ્ધિ નો કેવો જાદુ હતો ? તેઓશ્રીનું વ્યકિતત્વ માત્ર પ્રભાવનો મહાનિધિ બની ગયું હતું. તેઓશ્રીના પગલે પગલે ફેલાયેલા પ્રભાવના વતુર્ળોને કવિરાજશ્રીએ આ છઠ્ઠી ઢાળમાં કેદ પૂર્યા છે.**

## * ઢાળ છઠ્ઠી *

(રાગ—વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા નહી કીજે હો નયન...)

ગુરુજી પ્યારા હો પ્રેમસૂરીશ્વર વીરા
સમય ન વિસરો હો ધર્મધુરંધર ધીરા
આચાર્યાદિ યોગ્ય મોટકા દેખી ગુણગણ ભરીયા
પ્રભાવના પ્રવચનની કરવા ગુરૂએ પટ્ટધર કરીયા ગુરુજી પ્યારા હો ૧

ઓગણીસોંને છોંતેર વરસે ડભોઇ નગર મોઝાર
ભગવતી યોગ વહાવી તુજને આપે ગણિપદ સાર ગુ૦ ,, ૨

ઓગણીસે એકયાસી વર્ષે રાજનગર શુભસ્થાન
સર્વશ્રુત અનુજ્ઞારુપે પદ પંન્યાસ પ્રદાન ગુ૦ ,, ૩

ઓગણીસે સત્યાસી વર્ષે કારતક વદની ત્રીજે
ઉપાધ્યાયપદ મોહમયીમાં ગુરુ હસ્તે પામીજે ગુ૦ ,, ૪

પ્રબળ મૂરત જાણીને ગુરુજીએ તુજને અજાણ રાખી
પાટણથી બોલાવી પદની વાત હતી તે દાખી ગુ૦ ,, ૫

નિસ્પૃહ તું બહું કરગરીયો પણ, ગુરુજી તુજ પીછાને
પદવી યોગ્ય જાણીને તાહરું, રુદન ધર્યું નહિ કાને ગુ૦ ,, ૬

ઓગણીસે એકાણું વર્ષે રાધનપુર શુભ સ્થાને
ચૈત્ર સુદી ચૌદશના દીધું પદ ત્રીજું ગુરૂ દાને ગુ૦ ,, ૭

થયા સૂરીશ્વર ગુણરયણાગર ગુરૂ તુમ સ્વર્ગ સિધાવે
ગચ્છપાલન નિજશિર પર આવ્યું વહી રહ્યા સમ ભાવે ગુ૦ ,, ૮

શિષ્યપ્રશિષ્યાદિક તુજ વાધ્યા ત્રણસો અંક વટાવ્યો
નિર્મળ શાસનશોભા–ધ્વજને ગગને તેં લહેરાવ્યો ગુ૦ ,, ૯

ક્ષીર–નીર–જિમ સાધુ રહે તુજ એકમેકમાં મળીયા
ક્લેશ કંકાસ કદીયન દીઠો હઈડા સહુના હળીયા ગુ૦ ,, ૧૦

શરીર શિથિલતા આવ્યે તુજને આરોપી નિજ સ્કંધે
સેંકડો ગાઉ લેઈને ચાલંતાં શિષ્યાદિક આનંદે ગુ૦ ,, ૧૧

એ અતિશય ગુરુજી તુજ મ્હોટો દુજે ન એહવો દીઠો
ગચ્છ તણા ગુણગાન કરે તુજ સૌ મન લાગ્યો મીઠો ગુ૦ ,, ૧૨

વાત્સલ્યાદિકનાં ફળ એ તો ભાવદયાના જાણું
પુણ્યરિદ્ધિ અપૂરવ ત્હારી હું તે કોણ વખાણું ગુ૦ ,, ૧૩

અંતરીક્ષ તીર્થની રક્ષાએ મેલ્યા સૂરિવર મ્હોટા
દેવદ્રવ્ય રક્ષાને કાજે પ્રયત્ન નહિ તુજ છોટા ગુ૦ ,, ૧૪

બાલદીક્ષા પ્રતિબંધતણી જબ આવી આપદા ભૂંડી
પ્રતિકાર પ્રબળ કરી કીધી શાસન રક્ષા રૂડી ગુ૦ ,, ૧૫

જબ જબ શાસન આપદ આવી તનમન નિજ લગાવી
રાજદ્વારી પુરુષ પ્રમુખને પ્રભાવ નિજ દરશાવી ગુ૦ ,, ૧૬

ઉપદેશાદિક દેઇ અપાવી ચઉવિહ સંઘ જગાવ્યો
તપજપના આધ્યાત્મિક બળનો પ્રતિકાર અજમાવ્યો ગુ૦ ,, ૧૭

અહો-અહો-તુજ શાસન પ્રીતિ કદીય નહિ વિસરાયે
અમ હૃદયે પણ એહ આવજો ગુરૂદેવાદિ પ્રભાવે ગુ૦ ,, ૧૮

પ્રભાવના પ્રવચનની કીધી વર્ણવી તે કેમ જાય
સંઘ તીરથ યાત્રાના મ્હોટા ઉપધાનાદિક થાય ગુ૦ ,, ૧૯

જિન-બિંબોની પ્રાણ પ્રતિષ્ઠા કીધી તેં સુખદાય
તસ મહોત્સવ દેખીને જનતા શાસન 'ધન ધન' ગાય ગુ૦ ,, ૨૦

જિરાઉલા વરકાણા તીરથ રાણકપુરના દીઠા
મ્હોટા સિધ્ધગિરિના સંઘો ભવિ મન લાગ્યા મીઠા ગુ૦ ,, ૨૧

છરી પાળતા યાત્રા કરંતા યાત્રિક જન બહુ ભાવે
કર્મરાશિનો હ્રાસ કરીને અવિચલ સુખડા પાવે ગુ૦ ,, ૨૨

મરુધરથી ચડવાલ ગામનો સંઘ વિશાલ પ્રસિદ્ધ
બે હજાર યાત્રુએ જેહમાં લાભ અનેરો લીધ ગુ૦ ,, ૨૩

સૂરીશ્વર મુનિવર સાધુ સાધ્વી શ્રાદ્ધ શ્રાવિકા આય
દ્રવિણ લાખ ત્રણેક કીધું વ્યય બીજું કહ્યું નવિ જાય ગુ૦ ,, ૨૪

માર્ગસ્થિત જિન ચૈત્ય વાંદીયા સંઘભક્તિ બહુ કીધી
શ્રી ગુરૂ મુખથી અમૃત મીઠી જિનવાણી તિંહા પીધી ગુ૦ ,, ૨૫

સિલદર પુનામાં તુજ ચરણે થયા મહા ઉપધાન
પંચ શતાધિક તપસ્વી જેહમાં કરતાં ધર્મ વિધાન ગુ૦ ,, ૨૬

અંધેરી ને દાદરનગરે શિવગંજ શુભગામે
પુણ્યભુમિ પિંડવાડા પ્રમુખે ગુરુ તુજ પુણ્ય પ્રકામે ગુ૦ ,, ૨૭

તસઆરાધન કરતાં ગુણિજન જિનવાણી નિત્ય સુણતા
તુજ મુખ પદ્મથી પામી પ્રેરણા વૈરાગ્યે મન ભરતા ગુ૦ ,, ૨૮

સંયમ માર્ગ ચડયા કેઇ ભવિયા કેઇ દેશવિરતિસારી
સમકિત દ્દઢતા વલી કેઇ પામ્યા જિનવયણ અનુસારી ગુ૦ ,, ૨૯

પ્રાણ પ્રતિષ્ઠા રૂપ તુજ હસ્તે થઈ અંજન શલાકા
ઉંચે અંબર જઇને ફરકી પ્રભાવનાની પતાકા ગુ૦ ,, ૩૦

કોલ્હાપુર ધન્ય ધન્ય થયું કંઈ દેવલોક શું શોભ્યું
પિંડવાડા બહુ ધન્ય બન્યું જગ જનમનતિંહા જઈ થોભ્યું ગુ૦ ,, ૩૧

ઈંદ્રપુરી શું મર્ત્યલોકનાં સુખડાં જોવા આવી
તેજભર્યા કે વીરદેવના મુખડાં જોવા ધાવી ? ગુ૦ ,, ૩૨

જયજયકાર થયા ચઉ દિશિએ ગુરુ ! તુજ પુણ્ય પસાયે
ગામનગર દૂર દૂરના ઉમટયાં ગુરુજી તુજ નિશ્રાયે ગુ૦ ,, ૩૩

નિપાણીને મોહમયીમાં લાલબાગ શુભ સ્થાને
રાજનગર હઠીભાઇ વાડીએ તિમ બીજે પણ સ્થાને ગુ૦ ,, ૩૪

અંજન જિનમૂર્તિને આંજયા પ્રતિષ્ઠાઓ પણ કીધી
ભવ્યભાવ હ્રદયે વિકસાવી સ્વરૂપ સુધા તવ પીધી ગુ૦ ,, ૩૫

શાન્તાક્રુઝમાં કીધી પ્રતિષ્ઠા શ્રી ખાપોલી ગામે
પ્રતાપનગરને પાલીતાણા ઇત્યાદિક શુભ ધામે ગુ૦ ,, ૩૬

ભૌતિક વાદના મૂઢ મારથી રક્ષવા ભાવી સંઘ
આધ્યાત્મિક શિક્ષાયતનો જે યોજ્યાં શ્રાવક સંઘ ગુ૦ ,, ૩૭

મોકલીયા તિંહા શિષ્ય પ્રશિષ્યો તે ગીતારથ જાણ
ભાવ દયા નિજ હ્રદય ધરીને પાઇ જિનની વાણ ગુ૦ ,, ૩૮

બાલ યુવાન જનો બૂઝવીયા કીધા શાસનરાગી
તત્વામૃત વૈરાગ્ય પાનથી થયા કેઇ તો ત્યાગી ગુ૦ ,, ૩૯

ભવ્ય તુજ ઈતિહાસ ગુરુજી પ્રભાવક સૂરિ ગણુમાં
પ્રભાવના સ્વસ્તિક તેં પૂર્યા જિનશાસન પ્રાંગણુમાં ગુ૦ ,, ૪૦

હે ગુણુસાગર ભવિકજ દિનકર શુદ્ધ ચરણુના ધારી
કૃપા કરી તુમે કરુણુાસાગર લેજો જગત ઉગારી ગુ૦ ,, ૪૧

## 卐 વિવેચન 卐

જન્મથીજ વિશિષ્ટ યોગ્યતાને ધારણુ કરનારા આ મહાપુરુષ પ્રવ્રજ્યા બાદ અપ્રતિમ આરાધનામાં મગ્ન રહીને આંતર ગુણોનો વૈભવ વધારતાજ રહ્યા અને દિનપ્રતિદિન તેઓશ્રીની યોગ્યતા પણુ વિકાસ પામતી રહી. તેઓશ્રીના હૃદયમાં ઠાંસી ઠાંસીને શાસનરાગ ભર્યો હતો.સર્વજ્ઞકથિત શાસ્ત્રોના એદંપર્ય સુધી પહોંચીને પરમગીતાર્થતાને વર્યા હતા. પાપભીરૂતા, ગાંભીર્ય, વાત્સલ્ય, નિસ્પૃહતા આદિ અનેક અજોડ ગુણોની ઉચ્ચત્તમ ગરિમા તેઓશ્રી પામ્યા હતા.

નિઃસ્પૃહ શિરોમણી આ મુનિરાજશ્રી પ્રેમવિજયજીનો સંકલ્પ હતો કે પોતાના તારક ગુરૂદેવશ્રી અમુક શિષ્યોના ગુરુ ન બને ત્યાં સુધી પોતે કોઇપણુ શિષ્યનું ગુરૂપદ ન સ્વીકારવું. આ મમત્વત્યાગના પરાક્રમનો પ્રભાવ કેવો કે સંકલ્પની પૂર્ણતા પછી અનેક પ્રતિભાસંપન્ન શિષ્યો પ્રશિષ્યોનો પરિવાર તેઓશ્રીને પ્રાપ્ત થયો.

પાદરાના તેજસ્વી યુવાનશ્રી ત્રીભુવનદાસ પૂજ્યપાદશ્રીના વિરલ વ્યક્તિત્વથી પ્રભાવિત થઇને અને મર્મવેધક પ્રેરણાથી વિરક્ત બનીને સંયમપિપાસુ બન્યા પણુ કુટુંબીજનોના અવરોધો ઉભા થતા ગંધારતીર્થમાં વિ-સં-૧૯૬૯ના પોષ સુદ ૧૩ ના શુભદિવસે તે યુવાનની ગુપ્ત દીક્ષા થઈ. અને મુનિરાજશ્રી પ્રેમવિજયજીના આ પ્રથમ પ્રભાવક શિષ્યનું નામ હતું મુનિશ્રી રામવિજયજી.

પૂ. દાદાગુરૂદેવશ્રી કમલસૂરીશ્વરજી મહારાજાએ પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ. સા. ની સર્વતોમુખી પ્રતિભા પેખીને તેઓશ્રીને ગણિપદથી અલંકૃત કરવાનો નિર્ણય કર્યો. ગુરૂદેવ પૂ. પં. પ્રવરશ્રી દાનવિજયજી મહારાજાએ પણ તે નિર્ણયને અત્યંત ઉલ્લાસથી વધાવ્યો.

વિ. સં. ૧૯૭૫માં દર્ભાવતી નગરીમાં ચાતુર્માસ થયું. આ ચાતુર્માસમાં પૂજ્ય મુનિરાજશ્રીએ પૂજ્ય ગુરૂદેવોના આદેશથી શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન કર્યા. સં. ૧૯૭૬ ના કારતક વદ ૬ ના દિને ભવ્યમહોત્સવ પૂર્વક શાસ્ત્રોકત ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું. તે શુભ દિવસે પૂજ્યશ્રીના સંયમજીવનના અઢાર વર્ષની પૂર્ણાહુતિ થઈ હતી.

સંઘસ્થવિર પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાના સાંનિધ્યમાં રાજનગરમાં સં-૧૯૮૧ના કારતક વદ ૬ ના શુભદિને પૂ. ગણિવરશ્રી પ્રેમવિજયજી મ. સા. ને સર્વશ્રુતની અનુજ્ઞા રૂપ પંન્યાસપદ પ્રદાન કરવામાં આવ્યું.

આ મહાપુરુષના દિક્ષા, ગણિપદ, અને પંન્યાસપદના પ્રસંગોથી પ્રખ્યાત બનેલી કારતક વદ ૬ ની તીથી પણ ધન્ય બની ગઈ. રાજનગરમાં પંન્યાસપદ નિમિત્તે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. પંન્યાસપદ પ્રદાન વિધિ પૂર્ણ થતાં નૂતન પંન્યાસપ્રવરશ્રી પ્રેમવિજયજી મહારાજે જે પ્રવચન આપ્યું તે તેઓશ્રીના શબ્દોમાં જ અહિં આલેખાય છે.

"આ માંગલિક પ્રસંગ તે પંન્યાસપદ માટેનો છે. પંન્યાસપદ એટલે અનુયોગાચાર્ય. એથી વર્તમાનમાં જે શ્રુત વિદ્યમાન હોય તે બીજાને વંચાવવાનો અર્થાત્ વાચના આપવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ખરેખર મને એવો બોધ નથી અને એવા મહાન પદને

માટે મને પોતાને હું જરાપણુ યોગ્ય માનતો નથી. તો પણ પદવી-
દાયક ગુરૂદેવશ્રીની કૃપાથી પદને યોગ્ય નિવડી હું કૃતાર્થ થઇશ.
મંત્રના આરોપણુ પૂર્વક આ પદ અપાય છે. મંત્ર આરોપણુથી
જડ વસ્તુ પણ ઈષ્ટ સંપાદક બને છે. ગુરુ મહારાજના પ્રભાવથી
હું જડ હોવા છતાં યત્કિંચિત્ યત્નસાધક બનીશ એવી હું આશા
રાખું છું."

આ શબ્દોમાંથી વ્યક્ત થતી વિનમ્રતા અને પારાવાર લઘુતા
તેઓશ્રીની અદ્ભુત યોગ્યતા અને મહાનતાની જ સાક્ષી પૂરે છે.

સકલાગમ રહસ્ય વેદી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય દાન-
સૂરીશ્વરજી મહારાજા પોતાના પ્રભાવક અને સંયમ શુદ્ધિસંપન્ન
શિષ્યરત્ન પં. પ્રવરશ્રી પ્રેમવિજયજી મહારાજાનો ગુણવૈભવ, જ્ઞાનવૈભવ
અને પુણ્ય વૈભવ જોઇને અત્યંત ખુશી પામ્યા.આ અત્યંત પાત્ર શિષ્ય-
રત્નને ઉપાધ્યાય પદ પ્રદાન કરવાના મનોરથ તેઓશ્રીના અંતરમાં
ઉઠયા. અને વિ. સં. ૧૯૮૭ ના કારતક વદ ૩ ના શુભ દિવસે
વિરાટમેદની વચ્ચે ભવ્ય મહોત્સવ પૂર્વક મુંબઈ નગરમાં ભાય-
ખલાના આદિનાથ જિનમંદિરના વિશાળ રંગમંડપમાં તેઓશ્રીને
ઉપાધ્યાય પદે આરૂઢ કરવામાં આવ્યા.

વિ. સં. ૧૯૯૧માં ચૈત્ર માસની ઓળીની આરાધના કરા-
વવા પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્વિજય દાન સૂરીશ્વરજી મહારાજા
રાધનપુર પધાર્યા હતા. ગ્લાનસેવાવ્યસની પૂજ્ય ઉપા. શ્રી પ્રેમ-
વિજયજી ગણિવરતો પાટણ મુકામે ગ્લાન મુનિરાજશ્રી જિનવિજ-
યજીની વૈયાવચ્ચમાં વ્યસ્ત હતા.

પંચાંગના પાના ફેરવી રહેલા જ્યોતિષ માર્તણ્ડ પૂ. શ્રી
દાનસૂરીશ્વરજી મહારાજા ચૈત્ર સુદ ૧૪ ના શ્રેષ્ઠતમ યોગો જાણીને
ઊંડા વિચારમાં મગ્ન બન્યા. આ શ્રેષ્ઠતમ દિવસે પોતાના શ્રેષ્ઠતમ
શિષ્ય ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજીને શ્રેષ્ઠતમ સૂરિપદપર આરૂઢ કરવાનો

મંગલ મનોરથ તેઓશ્રીની હૃદય ભૂમિમાં ઉગ્યો. પણ આ વિચાર ઉઠતાંજ તેના સંભવિત પ્રત્યાઘાતો પણ તેઓશ્રીની કલ્પના સૃષ્ટિમાં ઉપસ્યા. આ વાત સાંભળતા જ નિઃસ્પૃહ શિરોમણી ઉપા. શ્રી પ્રેમવિજયજી ચોધાર આંસુએ કેવા રડી પડશે તે તેઓશ્રીએ કલ્પનાથી જાણી લીધું. તેથી જ આ નિઃસ્પૃહ ઉપાધ્યાયજીને આ ગૌરવવંતા સૂરિપદની વાત પણ કેવી રીતે કરવી ? અને આવા યોગ્યતમ શિષ્યને જો આ પદ પર અલંકૃત કરવામાં ન આવે તો શાસનની અવિચ્છિન્ન પરંપરા આગળ વધારવાની પોતાની ગંભીર જવાબદારીનું શું ? આ દ્વિધાથી તેઓશ્રી મૂંઝવણમાં મૂકાયા. તેઓશ્રીએ પોતાની મૂંઝવણ રાધનપુરના શાસનભક્ત શ્રાદ્ધવર્ય શ્રી કમળશીભાઈ આગળ રજૂ કરી. અને તે પણ પૂજ્યશ્રીના મંગળ મનોરથોને સાકાર કરવા કૃતનિશ્ચયી બન્યા. પાટણ પહોંચીને અન્ય કારણ આપી પૂ. ઉપા. શ્રી પ્રેમવિજયજી મહારાજનો આ બાહોશ શ્રાવકે પાટણથી રાધનપુર તરફ વિહાર કરાવ્યો અને ઉગ્રવિહાર કરી બીજાજ દિવસે તેઓશ્રી રાધનપુર પહોંચી ગયા.

રાધનપુરમાં ઉપાશ્રયની બંધ ઓરડીમાં આ ગુરૂશિષ્યની મુલાકાત ગોઠવાઇ. પોતાને સૂરિપદે આરૂઢ કરવાનો પ્રસ્તાવ પૂજ્ય ગુરૂદેવશ્રીના મુખેથી સાંભળતાજ આ પરમ નિઃસ્પૃહ ઉપાધ્યાયજી એક બાળકની પેઠે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. આ પ્રસ્તાવ સાંભળી પૂજ્ય ઉપાધ્યાયજીએ વજ્રાઘાત સમો આંચકો અનુભવ્યો. રડતા ચહેરે આ ઉપાધ્યાયજી પોતાના ગુરૂદેવશ્રીને કહી રહ્યા.

"ગુરૂદેવ ! જૈન શાસનના ગૌરવવંતા સૂરિપદનું અપ્રતિમ ગૌરવ ક્યાં? અને મારી અપાત્રતા તો જુઓ. આચાર્યના ૩૬ ગુણોનો એક પણ ગુણ મારામાં ક્યાં છે ? ઉચ્ચ કોટીની સંયમ સાધના મારી પાસે ક્યાં છે ? વિશિષ્ટ તપ-ત્યાગ-કે જ્ઞાનથી હું ન્યૂન છું. કોઇ વિશિષ્ટ પ્રભાવકતા પણ મારામાં નથી. તે મહાન પદની

જવાબદારી વહન કરવાનું સામર્થ્ય મારામાં નથી. એ મહાપવિત્ર સૂરિપદની આશાતના અને વિરાધના થઈ જાય. હું ડરું છું ગુરૂદેવ ! ક્ષમા કરો. આપશ્રીનું પ્રત્યેક વચન મારા માટે ઉપાસ્ય છે. આપશ્રીનો પ્રત્યેક આદેશ મારા માટે શિરસાવંદ્ય છે. પણ આપશ્રીની આ આજ્ઞાને શિરોમાન્ય કરવા મારા રોમ રોમ ઈન્કાર કરે છે. મારા લોહીનું પ્રત્યેક બુંદ આ પદનો ભાર વહન કરવાની અશક્તિ જાહેર કરે છે. મારા પર અનુગ્રહ કરો અને આપશ્રીનો આ પ્રસ્તાવ પાછો....!!"

આંસુઓના રેલા ઉતરતા રહ્યા. ગદ્‌ગદ્ કંઠે કાકલુદી ભર્યા શબ્દો એ બંધ ઓરડીમાં ફેલાતા રહ્યા. પણ ગુરૂદેવશ્રી દાનસૂરિશ્વરજી મહારાજા વજ્ર જેવું કઠોર હૈયું કરીને અંદર બેઠા હતા. શિષ્યના આંસુઓ એ હૈયાને પલાળી શક્યા નહિ કારણકે શાસનરક્ષા અને સંઘરક્ષા માટે સુયોગ્ય વ્યક્તિને રખેવાળી સોંપવાની ગંભીર જવાબદારી તેઓશ્રીના માથે હતી. પૂજ્ય ગુરૂદેવશ્રીની મક્કમતા આગળ દાક્ષિણ્યગુણસંપન્ન આ નિઃસ્પૃહ શિષ્યને મૌન સ્વીકારવું પડ્યું.

અને ચૈત્ર સુદ ૧૪ ના મહાન દિવસે રાધનપુર નગરીની બહાર વિશાળ મંડપમાં વિરાટ મેદની સમક્ષ અત્યંત ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં જૈન શાસનનું ગૌરવપૂર્ણ આચાર્ય પદ પ્રદાન કરવામાં આવ્યું. સિદ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્યદેવશ્રી પ્રેમસૂરિજી તરીકે નૂતન આચાર્યશ્રીને જાહેર કરવામાં આવ્યા. પાટ પરથી નીચે ઉતરીને સકલાગમરહસ્યવેદી પૂજ્યપાદ આચાર્યદેવશ્રી દાનસૂરીશ્વરજી મહારાજા વંદન કરવા લાગ્યા. રોજ જેના વંદન સ્વીકારતા હતા આજે તે શિષ્યને વંદન કરવામાં ગુરૂદેવ દાનસૂરિજી મહારાજા ગૌરવ અનુભવી રહ્યા. વિરાટ જન મેદની જિનશાસનની

આ લોકોત્તર પ્રણાલીને મુગ્ધ બનીને નીરખી રહી. આ વિરલ દૃશ્ય નીરખીને સહુની આંખો ભીની હતી. આ અદ્ભુત દૃશ્ય નીહાળીને લોકોત્તર શાસન પ્રત્યે સહુના હૃદયમાં ઉછળેલા હાર્દિક અહોભાવનું સહુની આંખોમાંથી નીસરેલા આંસુઓમાં પ્રતિબિંબ પડતું હતું.

પૂજ્યપાદ ગુરૂદેવશ્રી દાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર તરીકે નૂતન સૂરિદેવ શોભી રહ્યા.

સં. ૧૯૯૨ માં ખંભાત નગરે ઉપધાન થયા. અષ્ટાહ્નિકા મહોત્સવમાં નિશ્રા આપવા પધારવાની ખંભાતના શ્રેષ્ઠિવર્યથી કસ્તુરભાઈ અમરચંદની આગ્રહ પૂર્ણ વિનંતીને અવધારીને પૂજ્યપાદ આચાર્યદેવશ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ પૂજય આચાર્યદેવશ્રી પ્રેમસૂરિજી આદિનો વિહાર ખંભાત તરફ કરાવ્યો અને પોતે જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પાટડી પધાર્યા. પ્રતિષ્ઠા પ્રસંગના મહોત્સવ દરમ્યાન જ મહાસુદિ ૨ ના દિવસે પૂ. ગુરૂદેવશ્રી દાનસૂરીશ્વરજી મહારાજા પાટડી મુકામે અત્યંત સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાને માતર મુકામે આ હૃદયમર્મભેદી સમાચાર પ્રાપ્ત થયા. જીવનભર જેઓશ્રીના ચરણ યુગલની ઉપાસના કરી તે તારક ગુરૂદેવશ્રીના વિયોગની અને અંતિમ દેહનું દર્શન પામી ન શકયા તેની પારાવાર વેદના તેઓશ્રી અનુભવી રહ્યા.

પૂજ્યપાદ ગુરૂદેવશ્રીની ચિર વિદાયથી વિશાળ શ્રમણ સમુદાયની ગંભીર જવાબદારી પોતાના શિરે આવતા તેઓશ્રી ચિંતિત બન્યા.

પરમાત્માનું શાસન સુવિહિત શ્રમણોથી જ ચાલવાનું છે. સુવિશુદ્ધસંયમના આરાધક શ્રમણોથીજ પરમતારક શાસનની શોભા છે. પડતા કાળના વિપરિત પ્રભાવ સામે આ શાસનના

સુશ્રમણોની સુવિશુદ્ધસંયમસાધના જ ટક્કર ઝીલશે. આ વિચારથી પૂજ્યપાદશ્રીએ પ્રારંભથી સુશ્રમણો પકવવાનું અને તે શ્રમણોનું સુંદર ઘડતર કરવાનું લક્ષ્ય રાખ્યું. તેઓશ્રી એક કુશળ ઝવેરી હતા. ગ્રામાનુગ્રામ વિહાર કરતા પરિચયમાં આવતા નર રત્નોને તે પારખી લેતા. વળી તેઓશ્રીની વાત્સલ્યનીતરતી દૃષ્ટિમાં એ જાદુ હતો કે યોગ્ય આત્માની મોહમૂર્છા ઓગળવા લાગતી. વિરાગભાવ પીરસીને કૈંક બાલ, યુવાન, વૃદ્ધોને તેઓશ્રીએ પ્રતિબોધ કર્યા અને રત્નત્રયનું દાન કર્યું. તેઓશ્રીએ તે સર્વ દીક્ષિતોને તપ, ત્યાગ, સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ આદિ યોગોમાં જોડીને અત્યંત અંતર્મુખ, વિદ્વાન અને પ્રભાવક બનાવ્યા.

અમદાવાદ કાળુશીનીપોળના બે તેજસ્વી યુવાન બંધુઓ કાંતિલાલ અને પોપટલાલ પૂજ્યશ્રીના વાત્સલ્ય વહેણમાં ખેંચાયા. કાંતિલાલે તો C. A. ની સમકક્ષ, પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી. પોળના ઉપાશ્રયે ગ્લાનની વૈયાવચ્ચમાં ગૂંથાયેલા ત્યાગ-વૈરાગ્યમૂર્તિ પૂ. આ. દેવશ્રી પ્રેમ સૂ. મ. ના દર્શનમાત્રથી આકર્ષાયેલા આ બંને ભવ્યાત્માઓ પૂજ્યશ્રીના સંપર્ક અને પ્રેરણા દ્વારા સંસારથી ઉદ્વિગ્ન બની સંયમની ઉત્કટ અભિલાષા સેવવા લાગ્યા. કુટુંબીજનો તરફથી અવરોધ ઉભા થતાં ગુપ્તદીક્ષા લેવા કટીબદ્ધ બન્યા. અને ચાણસ્મા મુકામે વિ. સં. ૧૯૯૧ ના પોષ સુદ ૧૨ ના દિવસે બંને બાંધવો પ્રવ્રજિત બન્યા. વડીલ બંધુશ્રી કાંતિલાલ પૂ. ઉપા.શ્રી પ્રેમવિજયજી ગણિવરના શિષ્ય મુનિશ્રી ભાનુ વિજયજી બન્યા. અને પોપટલાલ જયેષ્ઠબંધુ મુનિશ્રીના ભાનુવિજયજીના શિષ્ય મુનિશ્રી પદ્મવિજયજી બન્યા. આ બન્ને બંધુ મુનિવરો તેજસ્વી બુદ્ધિ પ્રતિભાથી સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, પ્રકરણો, આગમો દર્શનશાસ્ત્રો આદિ અનેક વિષયોમાં પારંગત બન્યા. બન્ને મુનિવરોએ અનેક શ્રમણો ને કુશળતાથી અધ્યાપન કરાવ્યું તથા સુસંયમી બનાવ્યા.

મુનિનિ ભાનુવિજયજી અદ્ભુત વકતૃત્વ શકિત પામ્યા. તેઓશ્રીની વાણીમાં નર્યો વિરાગ નીતરતો હતો. મોહઘેલા માનવીની ભયાનક મોહ મૂર્છા પણ તેઓશ્રીની વાણીથી પાતળી બનતી. પૂજ્યપાદ ગુરૂદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજીએ તેજસ્વી શ્રમણરત્નો પકવવાનો દૃઢ નિર્ધાર કર્યો. મુંબઈમાં પૂજ્ય મુનિરાજશ્રીના વેધક પ્રવચનોની હારમાળા શરૂ થઈ. મોહમયીના નવલોહીયા તેજસ્વી યુવાનો સંસારના મોહપાશથી છૂટવા તલસી રહ્યા. આ ગુરૂશિષ્યની બેલડીએ એવો જાદુ કર્યો કે મોહમયીમાં નિર્મોહી યુવાનોના વરઘોડા શરૂ થયા. એક પછી એક તેજસ્વી યુવાનો સંસારના સ્વાંગને ફગાવીને આત્મકલ્યાણના પુનિત પંથે સંચરવા લાગ્યા.

નૂતન દીક્ષિત યુવાનોનું પૂજ્યપાદશ્રી તથા મુનિશ્રી ભાનુવિજયજી, મુનિશ્રી પદ્મવિજયજી આદિ સુંદર ઘડતર કરવા લાગ્યા. પૂજયપાદશ્રીનું ઉચ્ચતમ આલંબન સહુ શ્રમણોનાં સંયમમાં પ્રાણ રેડતુ રહ્યું. ગામ ગામના આ યુવાન શ્રમણો અત્યંત ભ્રાતૃભાવથી સંયમની ઉચ્ચતમ સાધના કરવા લાગ્યા. સહુને એકબીજા પ્રત્યે અપાર બહુમાન અને ધર્મસ્નેહ હતો. એક બીજાને સહાયક બનવામાં સહુ ગૌરવ અને આનંદ અનુભવતા. જ્ઞાન ધ્યાન અને સંયમાદિ યોગમાં સદા'ય મગ્ન રહેતા. આ તેજસ્વી શ્રમણોના દર્શન માત્રથી ઉપાશ્રયમાં પગ મૂકનાર કોઈપણ ગૃહસ્થ પ્રતિબોધ પામતો. આ સંયમરત શ્રમણોના દર્શનથી કૈંકના સમ્યગ્દર્શન નિર્મળ થઈ જતા. ઉપાશ્રયમાંથી નીસરતા સ્વાધ્યાયના ઘોષ કૈંક જીવોના અંતરમાં આ કલ્યાણકર જીવન પામવાના મનોરથો જન્માવતા હતા.

અને પરમતારક પૂજયપાદશ્રી પ્રત્યે સહુ શ્રમણોના અંતરમાં અત્યંત બહુમાન ઉછળતું. આ ગુરૂદેવશ્રીની સેવા ચાકરી માટે સહુ ઝંખતા. ગુરૂદેવશ્રીનું માત્રુ પરઠવવા માટે પણ શ્રમણો પડાપડી

કરતા અને સ્વાધ્યાય આદિની ઉછામણીઓ દ્વારા તે લાભ કોને મળે તે નક્કી થતું.

કર્મસંયોગે પૂજ્યશ્રીના દેહમાં વય તથા વ્યાધિને કારણે નિર્બળતા આવી ત્યારે આ ભકત શિષ્યો તારક ગુરૂદેવશ્રીને પોતાના સ્કંધ પર અત્યંત ભક્તિથી ઉંચકીને વિહાર કરાવતા. ગુરૂદેવશ્રીને ઉંચકતી વખતે શિષ્યોના મુખ પરનો અસીમ આનંદ કહી રહ્યો હતો કે આ ભાર ઉંચકીને કર્મના મહાભારથી તેઓ હળવા બની રહ્યા છે.

આ અંતર્મુખ વિનિત અને સંયમી શ્રમણોના નાયકની પુણ્યરિદ્ધિ અપાર હતી. પૂજયશ્રીના આ સુવિશાલ ગચ્છની સમસ્ત જૈન સંઘમાં ઊંચી છાપ હતી. સ્વપર સમુદાયના સર્વ આચાર્ય ભગવંતો અને શ્રમણો આ પૂજયપાદશ્રીની મુક્ત કંઠે પ્રસંશા કરતા. પૂજયપાદશ્રીના અપાર ગુણવૈભવને સહુ કોઇ ઝુકી પડતા.

આ મહાપ્રભાવક સૂરિદેવના પગલે પગલે અપૂર્વ શાસન પ્રભાવના થતી હતી. જૈન સિદ્ધાન્તોની રક્ષા કાજે પૂજયપાદશ્રી જીવનના છેડા સુધી ઝઝુમ્યા હતા. જૈન સંઘના ઉત્થાન કાજે તેઓશ્રીનું અતુલ યોગદાન હતું. જૈન શાસનનો પ્રભાવ તેઓશ્રીએ ચોમેર પ્રસરાવ્યો હતો. ઘર ઘરમાં તેઓશ્રીએ પરમાત્મશાસનના બીજ રોપ્યા હતા. જિન શાસન સામે સુધારકો આદિ તરફથી થયેલા અનેક આક્રમણોને તેઓશ્રીએ હિંમતપૂર્વક પડકાર્યા હતા. પ્રતિષ્ઠા, ઉપધાન, સંઘ આદિ અનેક પ્રભાવક સુકૃતો તેઓશ્રીના તારક સાંનિધ્યમાં થયા હતા. ઇતિહાસના સેંકડો પાનાઓ તેઓશ્રીના પ્રભાવક કાર્યોની ગૌરવગાથા ગાઈ રહ્યા છે.

શ્રી અંતરીક્ષજી તીર્થપર દિગંબરો પોતાનો હક્ક પ્રદર્શિત કરી રહ્યા હતા. દિગંબરોના તોફાનોથી આ તીર્થની રક્ષા જોખ-

મમાં મૂકાઇ ત્યારે પોતાનાં પ્રભાવક પ્રશિષ્ય પૂ. આચાર્યદેવશ્રી યશોદેવ સૂરીશ્વરજી મહારાજાને આ તારક તીર્થની રક્ષાકાજે ત્યાં મોકલ્યા. માત્ર વિરોધિઓથી વ્યાપ્ત આ તીર્થમાં સાધુઓને એક દિવસની સ્થિરતા ય મુશ્કેલ હતી ત્યાં ચોમાસાની વાત કેવી ? છતાં તીર્થભકત અને ગુરૂભકત અને ઘણા શ્રાવક કુટુંબો ચોમાસુ આ તીર્થમાં વસી તીર્થરક્ષામાં સહાયક બન્યા હતા. તેથી તીર્થરક્ષા સાથે દેવદ્રવ્યની વૃદ્ધિ આદિ અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો થયાં હતા.

આજથી ૫૦ વર્ષ પહેલા બાલદીક્ષા સામે સુધારકોએ ભારે જેહાદ પોકારી હતી . વિરોધીઓના તોફાનો આસમાને ચડયા હતા. પત્રિકાઓ દ્વારા ગલિચ શબ્દોમાં શ્રમણ સંસ્થાની સામે ધૂળ ઉડાડી રહ્યા હતા. કોર્ટના દરવાજા ખખડાવીને પણ બાલદીક્ષા સામે પ્રતિબંધ લાવવા તેઓએ કમર કસી હતી. બાળક શેતાન બને તેની સામે કોઈ વિરોધ નહિ અને બાળક સાધુ બને તેની સામે આવો જંગ ખેલાય તે કલિયુગની જ બલિહારી છે. પૂજ્યપાદ આ. દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. તથા પૂજ્યપાદ આ. દેવ શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. આદિ ગુરૂ ભગવંતો આ પ્રચંડ વિરોધથી સ્હેજ પણ ડગ્યા નહિ. કોર્ટના હોલમાં જડબાતોડ જવાબો આપીને વિરોધીઓના વકીલોને ચૂપ કરી દીધા અને જંગી તોફાનો સામે પણ અડગ રહીને બાલદીક્ષાઓ ચાલુ જ રાખી. આ પૂજ્યોએ બાલદીક્ષા સામે આવતા કાનૂની પ્રતિબંધને અટકાવી શાસનરક્ષાનું અદ્ભુત પરાક્રમ કર્યું.

આવી તો શાસન પર જયારે જયારે આફતો આવી ત્યારે તન-મન લગાવીને તેની સામે પ્રબળ પ્રયત્નો પૂજ્ય ગુરૂદેવશ્રીએ કર્યા છે. વગવાળી રાજદ્વારી વ્યક્તિઓને નિજની સંયમ શુદ્ધિથી

પ્રભાવિત કરીને જૈનસિદ્ધાન્તોની સત્યતા સમજાવીને તે સિદ્ધાન્તોની રક્ષા કરાવી.

શાસન રક્ષાના વિશિષ્ટ પ્રસંગો જ્યારે ઉપસ્થિત થતા ત્યારે તે અંગે જૈન સંઘમાં જાગૃતિ લાવવા પ્રભાવક શિષ્ય પ્રશિષ્યોના પ્રવચનોની હારમાળાઓ ગોઠવાવીને સંઘમાં ઉપદેશ અપાવતા, તપ-જપ-આદિ અનુષ્ઠાનોની પ્રેરણા દ્વારા સકલ સંઘમાં આરાધનાનું પ્રચંડ બળ ઉભુ કરાવતા. આમ અનેક રીતે શાસનની અદ્ભુત સેવા તેઓશ્રીએ કરી છે, કારણ કે તેઓશ્રીના રોમરોમમાં શાસન-પ્રીતિ ઠાંસી ઠાંસીને ભરી હતી. તરણતારણ જહાજ સમા કલ્યાણકર શાસન સામે કોઈ લાલ આંખ કરે તે તેઓશ્રી માટે અસહ્ય હતું.

ઘરઘરમાં પરમાત્મશાસનનો અદ્ભુત અહોભાવ તેઓશ્રીએ પેદા કરાવ્યો હતો. તેઓશ્રીના ઉપદેશથી થયેલા અનેક ભવ્ય શાસન-પ્રભાવક કાર્યો લોકોના દિલમાં પરમકલ્યાણકર જૈન શાસનની પ્રીતિ ઉગાડવાનું કાર્ય કરતા. પૂજ્યપાદશ્રીના તારક સાંનિધ્યમાં અનેક ચિરસ્મરણીય પદયાત્રા સંઘોના આયોજન થતા હતા. સં. ૨૦૦૧ ના પીંડવાડાના યાદગાર ચાતુર્માસ બાદ સં-૨૦૦૨ ના કારતક-વદ ૫ ના શુભ દિને પિંડવાડાથી મરૂધરની નાની પંચતીર્થીના છ'રી પાલિત સંઘનું મંગલપ્રયાણ થયું હતું. છ દિવસના આ સંઘે પણ મરૂદેશમાં અજબની શાસન પ્રભાવના કરી.

તે જ સાલના માગશર માસમાં પાડીવથી શ્રી જીરાવલા તીર્થનો છ'રી પાલિત તીર્થયાત્રા સંઘ પૂજ્યપાદશ્રીની નિશ્રામાં યોજાયો.

આ પ્રભાવક યાત્રાસંઘોના દર્શન કરીને અનેક ભવ્યાત્મા-ઓના દિલમા સંઘપતિ બનવાના અરમાન થવા લાગ્યા. મુક્તિની વરમાળા સમી સંઘમાળ પહેરવા જાણે તેમના દિલ ઉત્કંઠિત બન્યા. માગશર સુદ ૧૩ના દિવસે શ્રેષ્ઠીવર્યશ્રી રીખવચંદજી મન્ના-

લાલજી તરફથી લુણાવાથી ગોડવાડની પંચતીર્થીના સંઘનું પ્રયાણ થયું. પ્રભાવક સંઘોની એ પરંપરા હજુય આગળ વધી. ફાગણ સુદ ૧૨ના દિવસે વિસલપુરથી રાતામહાવીરજી તીર્થના સંઘનું પ્રયાણ થયું.

સં. ૨૦૧૩ ના ફાગણ સુદ ૫ ના દિને મુંબઈ દાદર-નિવાસી શેઠ શ્રી દામજી પદમશી વગેરે કેટલાક ભાગ્યવાનો તરફથી શ્રી શંખેશ્વરજી તીર્થથી શ્રીશત્રુંજય તીર્થના ૨૮ દિવસના છ'રી પાલિત સંઘનું પૂજ્યપાદશ્રીની નિશ્રામાં પ્રયાણ થયું. ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક ગામોમાં આ યાત્રા સંઘે અદ્ભુત પ્રભાવના કરી. આ સંઘ યાત્રા દરમ્યાન ધરમડ ગામમાં જૈનેતરોએ ૨૫૦ ગુંહલીઓ કરીને હાર્દિક પ્રભુભક્તિ અને ગુરૂભક્તિને પ્રદર્શિત કરી.

અને શ્રેષ્ઠીવર્યશ્રી ચેલાજી-વનાજી પરિવાર તરફથી પૂજ્યપાદશ્રીની તારક નિશ્રામાં નીકળેલો ચડવાલથી તીર્થાધિરાજશ્રી શત્રુંજય-નો અત્યંત પ્રભાવક તીર્થયાત્રા સંઘ ઇતિહાસના પાનાઓ પર સુવર્ણાક્ષરે અંકિત થયો છે. એ ભવ્યતીર્થયાત્રા સંઘના મધુર સંભારણાને ગામે ગામના લોકો હજુંય યાદ કરતા હશે! એ તીર્થયાત્રા સંઘનાં દર્શનથી કેંક યોગ્ય જીવોના હૃદયમાં પડેલા ધર્મના બીજ પાંગરીને પલ્લવિત, પુષ્પિત અને ફલિત બન્યા હશે. સં ૨૦૧૫ ના પોષ સુદ ૧૨ ના શુભ મુહૂર્તે ચડવાલથી આ ભવ્ય યાત્રાસંઘનું મંગલ પ્રયાણ થયું હતું. એ સંઘનું મંગલ પ્રયાણ થતાંજ પ્રભુજીના રથ પાસેથી પસાર થઈને એકશ્વેત નાગરાજે શુકન આપ્યા. ૧૫૦૦ થી પણ વધુ યાત્રિકોની સંખ્યા ધરાવતા આ સંઘના પ્રયાણ દિને ૭૦૦થી વધુ યાત્રિકોએ માંગલિક આયંબીલ કર્યું હતું! ગામોગામ આ ભવ્ય યાત્રાસંઘના શાનદાર સ્વાગત થતા રહ્યા. તીર્થાધિરાજને ભેટવા ભક્તિની ઉર્મીઓથી

છલકાતા હૃદયસાથે ઉત્સાહપૂર્વક ચાલી રહેલા યાત્રિકોને સહુ વંદી રહ્યા. નશ્વર લક્ષ્મીનો સદ્વ્યય કરી આ મહાન સુકૃત કરનાર સંઘવી પરિવારને સહુ અભિનંદી રહ્યા. ૮૫ જેટલા પૂજ્ય સાધુ ભગવંતો અને ૨૫ જેટલા પૂ. સાધ્વીજી ભગવંતોની નિશ્રાથી શોભતા આ સંઘનો મહાવદ ૧૪ ના દિવસે પાલીતાણા નગરમાં મંગળ પ્રવેશ થયો. આ યાત્રાસંઘ પૂજ્યપાદશ્રીના સાંનિધ્યમાં થયેલા અનેક શાસન પ્રભાવક કાર્યોમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

પૂજ્યપાદ ગુરૂદેવશ્રીની તારક નિશ્રામાં મંગલમય ઉપધાન તપ અનુષ્ઠાનો પણ અનેકવાર થયા. સં. ૧૯૮૭ ના માગશર માસમાં સકલાગમ રહસ્યવેદી પૂજ્યપાદ આ-દેવશ્રીમદ્વિજય દાન સૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય-ઉપા.શ્રી પ્રેમવિજયજી ગણિવર મ.સા.આદિની નિશ્રામાં અંધેરીમાં થયેલા ઉપધાન તપની આરાધનામાં ૩૦૦ આરાધકો જોડાયા હતા. સં ૧૯૮૭માં કોલ્હાપુરમાં પણ ઉપધાન થયા. સં-૧૯૯૮નાં માગશર સુદ ૯ ના દિવસે અંધેરીના આંગણે ઉભા કરવામાં આવેલા વિશાળ નિવૃતિનગરમાં શ્રેષ્ઠિવર્ય શ્રી માણેકલાલ ચુનીલાલ તરફથી અભુતપૂર્વ ઉપધાન તપ અનુષ્ઠાનનો પ્રારંભ થયો. આ અનુષ્ઠાનમાં ૧૦૬૬ થી વધુ આરાધકો જોડાયા હતા. આ સમગ્ર અનુષ્ઠાન પણ અનેક ભવ્યાત્માઓના જીવનનું અવિસ્મરણીય સંભારણું બની રહ્યું.

સં. ૨૦૧૧ ના વિજયાદશમીના પવિત્ર દિને પૂનાસીટીમાં સિલંદર નિવાસી શા. રત્નજીત તથા મોરાજી નામના બે બાંધવો તરફથી શ્રી ઉપધાન તપની મંગળ આરાધનાનો પ્રારંભ થયો. પૂજ્યપાદશ્રીની નિશ્રામાં થયેલા આ ઉપધાન તપમાં ૫૦૦ આરાધકો જોડાયા હતા. અનેક જૈનેતર રાજકીય આગેવાનો આ તપસ્વીઓની અપ્રતિમ આરાધના નિહાળી મુગ્ધ બનતા. તેજ બાંધવ બેલડી તરફથી રાજસ્થાન સિલદર મુકામે પણ સં. ૨૦૧૭ માં મહાસુદ

૫ થી આરંભ પામેલા ઉપધાન તપ અનુષ્ઠાનમાં ૪૨૫ થી વધુ આરાધકો જોડાયા હતા.

પૂજ્યપાદશ્રીની છત્રછાયામાં શિવગંજ, દાદર આદિ સ્થળોમાં પણ ઉપધાનતપના આયોજન થયા હતા. ઠેર ઠેર થયેલા આ ઉપધાન તપ અનુષ્ઠાનોમાં આરાધકો થોડા દિવસો પૂરતો નિષ્પાપ સંયમ જીવનનો મધુર આસ્વાદ પામતા. તપ ત્યાગનો અપૂર્વ વૈભવ અને જપ ધ્યાનનો આનંદ માણીને તેઓ ખૂબ પ્રસન્નતા પામતા. વિરતિનો સંગ માણીને તે સહુ આરાધકોને વિરતિ પ્રત્યે વધુ પ્રીતિ થતી. અને તેમાંના કેંક આરાધકો સર્વ વિરતિધર સાધુ બન્યા, કેંક આરાધકો દેશવિરતિધર શ્રાવક બન્યા, તો કેંક આરાધકો દૃઢ સમકિતધારી બન્યા.

પૂજ્યપાદશ્રીની નિશ્રામાં અનેક ભવ્ય અંજન શલાકા મહોત્સવો તથા પ્રતિષ્ઠા મહોત્સવો પણ ઉજવાયા. પૂજ્યપાદશ્રીનાં પવિત્ર હસ્તે અંજન પામેલી અને પ્રાણપ્રતિષ્ઠા પામેલા જિનબિંબો આજે ભવ્યજીવોના અંતરમાં અધ્યાત્મમસ્તી જમાવી રહ્યા છે. વિ. સં. ૧૯૯૫ મહામાસમાં મુંબઈ લાલબાગમાં ભવ્ય અંજન-શલાકા મહોત્સવ ઉજવાયો. શ્રી મહાવીર સ્વામિ આદિ જિનબિંબોની અંજન શલાકાનો આ ભવ્ય ઉત્સવ અભુતપૂર્વ ઉજવાયો. તેજ સાલના વૈશાખ માસમાં ખાપોલીમાં જિનમંદિરની પ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ પૂજ્યપાદશ્રીની તારક નિશ્રામાં ઉજવાયો.

સં. ૧૯૯૭ના મહામાસમાં કર્ણાટક રાજ્યના નિપાણી ગામમાં પૂજ્યપાદશ્રીની તારક નિશ્રામાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. મહાસુદ ૧૪ ના દિવસે પૂજ્યપાદશ્રીના પુનિત હસ્તે જિનબિંબોની અંજન વિધિ તથા પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઇ.

તેજ સાલમાં, તેજ માસમાં કોલ્હાપુરમાં ભવ્યાતિભવ્ય અંજન શલાકા મહોત્સવ ઉજવાયો. જૈન જૈનેતર જનતાના દિલમાં

આનંદ અને આશ્ચર્યની ભરતી જગાવનારા આ ઉત્સવની ઉજવણી માટે ઉભું કરાયેલું અતિભવ્ય 'રાજારામનગર' અત્યંત આલિશાન બન્યું હતું. કોલ્હાપુરના શ્રેષ્ઠીઓએ પાણીની જેમ પૈસા વેરીને આ મહોત્સવને અત્યંત દેદીપ્યમાન બનાવ્યો. ફાગણસુદ ૨ ના દિવસે અંજન શલાકાની પવિત્ર વિધિ પૂર્ણ થઇ અને ફાગણસુદ ૩ ના પવિત્રદિને દેવવિમાનસદૃશ નયન મનોહર શ્રીમનઃસંતુષ્ટ જિનપ્રાસાદમાં શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોને પૂજ્યપાદ શ્રી ના પવિત્ર હસ્તે ગાદીનશીન કરવામાં આવ્યા. આ મહોત્સવ દરમ્યાન જૈન ધર્મની ગરવી ગરિમાથી અત્યંત પ્રભાવિત બનેલા કોલ્હાપુરના નરેશે અત્યંત ઉદારતા દાખવીને અનેક રીતે સહકાર આપ્યો હતો. પ્રતિષ્ઠા દિન ફાગણસુદ ૩ ના દિવસે સમગ્ર કોલ્હાપુર રાજ્યમાં કતલખાના અને મટન માર્કેટો બંધ રાખવાનો હૂકમ તેમણે રાજ્યમાં જાહેર કર્યો હતો. પૂજ્યપાદશ્રીની પવિત્ર પ્રતિભાનોજ આ બધો પ્રતાપ હતો.

સં. ૧૯૯૯ ના ફાગણ સુદ ૩ના દિને શાંતાક્રુઝમાં નયનમનોહર જિનમંદિરમાં શ્રી કુંથુનાથ સ્વામી આદિ મનોહર જિન બિંબોની પૂજ્યપાદશ્રીના વરદ હસ્તે પરમપાવની પ્રતિષ્ઠા થઇ.

સં. ૨૦૦૦ ના મહાવદ ૪ ના દિવસે રાજકોટનગરમાં ભવ્ય અંજન શલાકા મહોત્સવનો પ્રારંભ થયો અને ફાગણ સુદ ૪ના દિવસે પૂજ્યપાદશ્રીના વરદહસ્તે શ્રીમુનિસુવ્રત સ્વામી આદિ જિનબિંબોની અંજન વિધિ તથા પ્રતિષ્ઠા વિધિ થઇ.

સિનોર નજીકના પ્રતાપનગર ગામના ભવ્ય જિનાલયમાં પૂજ્યપાદશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઇ હતી.

સં. ૨૦૧૬ના ચૈત્ર-વૈશાખ માસમાં આ પૂજ્યપાદશ્રીની તારક નિશ્રામાં પિંડવાડાનગરમાં અતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા

મહોત્સવ ઉજવાયો. નૂતન નિર્મિત ભવ્ય વર્ધમાનનગરમાં આત્માનંદ ચોક, સંપ્રતિસભામંડપ, કુમારપાળ ઉદ્યાન, મહાગિરિ મેરૂ, ભરતવાટિકા આદિ અનેક મનોહર સ્થાનોથી આ નગર અદ્‌ભુત શોભી ઉઠયું. નયનરમ્ય વિવિધ રચનાઓએ સહુને મુગ્ધ કર્યા. ગીત સંગીત અને વાજિંત્રોના નાદોથી પિંડવાડા ગૂંજી ઊઠયું. સકલ સંઘના હૈયામાં હર્ષના પૂર ઉમટયા હતા. શતાધિક શ્રમણ ભગવંતોના તારક સાનિધ્યમાં અભુતપૂર્વ ઉત્સવ ઉજવાઈ રહ્યો. તે મહોત્સવનો માત્ર પ્રત્યેક દિવસ નહી, પણ પ્રત્યેક ક્ષણ જાણે આનંદનો ઝરો બની ગઈ. વૈશાખ સુદ દ્વિતીય ત્રીજની પવિત્રતમ રાત્રીમાં પૂજ્યપાદશ્રીએ નૂતન જિનબિંબોની અંજન શલાકા વિધિ કરી. વૈશાખ સુદ ૪ના દિવસે રેલ્વે સ્ટેશન પર બંધાયેલા નૂતન જિનપ્રાસાદમાં શ્રીનમિનાથપ્રભુ આદિ જિનબિંબોની પાવની પ્રતિષ્ઠા થઇ. વૈશાખ સુદ ૬ના શુભ દિને બાવન દેવકુલિકાઓથી પરિવૃત દેવવિમાન સદૃશ શ્રીવીરવિક્રમ જિનપ્રાસાદમાં શ્રી મહાવીરસ્વામી પરમાત્મા આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. હર્ષવિભોર બનેલી ચીકાર જનમેદની આ ધન્ય પ્રસંગ નિહાળી ધન્ય બની. આ ભવ્ય પ્રસંગ માત્ર પિંડવાડા નહિ સમગ્ર રાજસ્થાનમાં અભુતપૂર્વ બની રહ્યો.

શિવગંજમાં સં. ૨૦૧૭ માં માગશર સુદ ૬ના દિવસે ભવ્ય મહોત્સવપૂર્વક ચાર દેવકુલિકાઓમાં પરમાત્મબિંબોને ગાદીનશીન કરવામાં આવ્યા.

આ પૂજ્યપાદશ્રી તથા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય ઉદય સૂરીશ્વરજી મહારાજના શુભહસ્તે ભવ્ય મહોત્સવપૂર્વક અમદાવાદ ઉસ્માનપુરા આશ્રમરોડ પરના નવનિર્મિત ભવ્ય જિનાલયમાં શ્રી સંભવનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા વિધિ થઇ.

સંવત ૨૦૨૩ ના વૈશાખ સુદ ૩ના દિવસે પાલિતાણા શ્રાવિકા-

શ્રમ જિનાલયમાં શ્રી આદિનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા વિધિ પૂજ્યપાદશ્રીના વરદહસ્તે થઈ.

આમ આ પરમ પવિત્ર મહાપુરુષના પવિત્ર હસ્તોથી અંજન વિધિ પામેલા અને પ્રતિષ્ઠિત થયેલા પરમાત્મબિંબો ઠેર ઠેર આજે પણ અનેક ભક્તોના અંતરમાં સમ્યગ્દર્શનનાં અજવાળા પાથરી રહ્યા છે.

આર્યપ્રજાને પણ પશ્ચિમના વિલાસી વાતાવરણનો ચેપ લાગી રહ્યો હતો. જમાનાવાદ અને ભૌતિક વાદના કેટલાય તૂતો આર્ય પ્રજામાં પણ પ્રવેશ પામવા લાગ્યા. રહેણી કરણી, પહેરવેશ, ખાનપાનાદિ આદિ બધા જીવન વ્યવહારમાં પશ્ચિમની વિકૃતિઓ પેસવા લાગી. સહુના અંતરમાંથી ધર્મભાવના ભૂંસાતી ચાલી. શિક્ષણ આદિના માધ્યમથી નાસ્તિકતા જનમાનસનો ભરડો લેવા લાગી. યુવા પેઢી તો ધર્મ સ્થાનોથી અત્યંત વિમુખ બનવા લાગી. નાસ્તિકતા અને ભૌતિકવાદના પૂરમાં તણાઇ જતી યુવા પેઢીને નિરખીને આ કરૂણાસિંધુ પૂજ્પાદશ્રીનું હૃદય વલોવાઈ ઉઠયું. ઉત્તમ ધાર્મિક સંસ્કારોથી યુવા હૃદયને શણગારી દેવાના અરમાનો તેઓશ્રીના હૃદયમાં ઉગ્યા. તેઓશ્રીના આ મંગલ મનોરથોનું પ્રતિબિંબ શ્રાવક સંઘમાં પડયું. યુવાનોના જીવનમાં અધ્યાત્મનો પ્રકાશ રેડવાના આયોજનો સૂચવવા સંઘના અગ્રગણીઓએ પૂજ્ય-પાદશ્રીને વિનંતી કરી. ઉનાળા તથા દિવાળીના વેકેશનમાં ધાર્મિક શિક્ષાયતનોનું આયોજન કરવાનો નિર્ણય થયો.

વિદ્વાન પૂજ્ય મુનિરાજશ્રી ભાનુવિજયજી આદિ મુનિભગવંતોને પૂજ્યપાદશ્રીએ આ ગ્રીષ્મકાલિન શિક્ષાયતનોમાં વાચના માટે મોકલ્યા. અધ્યાત્મની અદ્ભુતવાતો સુણીને ધર્મ વિમુખ યુવાનો ધર્મરક્ત બનવા લાગ્યા. કેંક યુવાનો મોહના ઝેર ઓકીને સંયમના પુનિત-પંથે સંચરવા લાગ્યા. પૂજ્યપાદશ્રીની પ્રેરણાથી પ્રારંભ પામેલા

શિક્ષાયતનો આજદિન સુધી વેકેશનોમાં યોજાય છે. સેંકડો યુવાનો આવી શિબિરોના માધ્યમથી જીવનને સુસંસ્કારોના સ્વસ્તિકથી શણગારી શકયા છે. ધાર્મિક શિક્ષણ શિબિરના આ આયોજનો વર્તમાન કાળના વિષમ વાતાવરણમાં અત્યંત આશીર્વાદ રૂપ પુરવાર થયા છે. સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીનો જ આ રૂડો પ્રતાપ છે.

આમ પૂજ્યપાદ ગુરૂદેવશ્રી મહાપ્રભાવક મહાપુરુષ હતા. પૂજ્યપાદશ્રીના પગલે પગલે પ્રભાવનાના સ્વસ્તિક રચાતા. ઠેર ઠેર ઉત્સવો, ઉદ્યાપનો, ઉપધાનો, અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, શિબિરો, સામૈયાઓ, ઉપાશ્રયાદિના ઉદ્ઘાટનો, તપશ્ચર્યાઓ, અનુષ્ઠાનો, ઉજમણાઓ, તીર્થયાત્રા સંઘો, ઉછામણીઓ આદિ શાસન પ્રભાવનાના મંડાણ થતા. વર્તમાનકાળમાં અદ્વિતીય કોટિના પ્રભાવક પુરુષ તેઓશ્રી થઈ ગયા. હજારો અને લાખોના હૈયામાં ધર્મનાં બીજ તેઓશ્રીએ વાવ્યા છે. તેઓશ્રીનું અસ્તિત્વ માત્ર પણ પ્રભાવનાનું પ્રેરક હતું. આ મહાપ્રભાવક પુરુષની યશોગાથા જૈન ઇતિહાસના પાનાઓ પર સુવર્ણાક્ષરે અંકિત થઈ છે. યુગોના યુગો સુધી એ પુણ્યગાથાઓને યાદ કરી ભાવિ પેઢીઓ આ પ્રભાવક પુરુષનું સ્મરણ કર્યા કરશે.

### સુવિશુદ્ધ સંયમ સાધનાથી વર્ષોના વર્ષો સુધી હજારોના હૈયામાં અધ્યાત્મની ચેતના રેડનારા સંયમૈકપ્રાણ પૂજયપાદ ગુરૂદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ધન્યતમ જીવનના અંતિમદિવસોનું હૃદયમર્મભેદી વર્ણનને ચિત્રિત કરતી

## * ઢાળ સાતમી *

(રાગ–ધન ધન તે દિન કયારે આવશે જપશું જિનવર નામ...)

અડસઠ વર્ષ સંયમ શુદ્ધ પાળ્યું વરસ પંચ્યાસી આય
તેત્રીસ વરસ સૂરિપદ નિર્મલ પ્રમત્તપણું નહિ પ્રાય. ૧

ચરમ ચોમાસું સ્થંભન પુરમાં બેંતાલીશ મુનિ સાથે
ગચ્છાધિપ સૂરિવરજી આપની આણા ધરતા માથે ૨

પૂર્ણ થયું ચોમાસું લગભગ ભવ્ય આરાધન સાથે
સંવત બે હજાર ચોવીસના નૂતન વર્ષ પ્રભાતે ૩

શ્રી ગુરુ મુખથી સુણી શ્રી સંઘે મંગલ જિનવર વાણી
ગુરુ પૂજન કરી નિજ નિજ હસ્તે કીધી દિવ્ય કમાણી ૪

કાર્તિક સુદી ચોથ–પંચમી પૂર્વ કરમના ઉદયે
દેહ પીડા ઉપડી બહુ ભારે દીનતા નહિ તુજ હૃદયે ૫

સ્વાસ્થ્ય અસ્વાસ્થ્યે માસ વીતાવ્યા ચાર ચાર સમતાથી
શિષ્ય પ્રશિષ્યાદિક સહુ આવ્યા તુજ ચરણે લાંબેથી ૬

સ્વાસ્થ્ય કંઈક તુજ ઠીક દેખાતાં વિહાર કરી કેઈ જાવે
શ્રવણ સ્વાધ્યાય સંશોધન કરી તું માસ ત્રણેક વહાવે ૭

કાલ કરાળને કોણ પીછાણે રોગ વળી કેઈ વાધ્યો
શ્વાસ થયો બહુ શમે નહિ ઝટ શુદ્ધ ઉપચારે સાધ્યો ૮

શ્વાસ શમ્યો પણ સ્વાસ્થ્ય ન દીસે દેહ શિથિલતા આવી
સુણી ભાવીને દઢ તેં કરેલી ભેદભાવના ભાવી ૯

સમાધિવિચાર શ્રી પંચસૂત્રને ઉપમિતિ પ્રમુખના માંડયા
શ્રવણુ અવિરત એક ચિત્તથી કર્મ કઠિન બહુ ખાંડયા ૧૦

ચિદાનંદછત્રીસી વિનતિને સ્તવન સજઝાયને ધ્યાવે
દેહ અનેરો આત્મ અનેરો ભાવ શુદ્ધ મન ભાવે ૧૧

નિત નિત નિજ આતમને નિંદે અહો આરાધી ન આણા
દોષ વિષ સેવું છું નિશ દિન કિમ થાશે ઉદ્ધરણા ૧૨

ચિત્ત સ્વાસ્થ્ય તુજ ઉજ્જવલ દીસે ઝંખે સતત સમાધિ
આતમ આરાધનનો અર્થી ભૂલી ગયો તે વ્યાધિ ૧૩

વૈશાખવદ અગિઆરશ આવી સ્વાસ્થ્ય સરસ તુજ દીઠું
તુજ મુખમુદ્રાને નિરખંતાં થયું અમ મનડું મીઠું ૧૪

દિવસ ગયો તે સુખ સમાધે આવી રાતડી કાળી
આવશ્યક ઉપયોગ કર્યા પછી તેં વેદના અંદર ભાળી ૧૫

જાગ્રત તેં તો જાણી લીધું શું એ મુજ અંતિમ કાળ
મન સમજીને બાહ્ય તણી તેં કીધી જરા નહિ ભાળ. ૧૬

અરિહંતાદિક શરણ સ્વીકાર્યા નમસ્કાર ચિત્ત ધાર
ક્ષમાપના કીધી સર્વેથી વીર વીર ઉદ્દગાર ૧૭

સંઘ સાધુ બહુ દુખિત હૃદયે સેવી રહ્યા નિરધાર
છ એ કરણ આતમમાં કરીયાં તિમ તુજ એક વિચાર ૧૮

ચિત્ત સ્વાસ્થ્ય તુજ અજબ અનેરું દેહ પીડા બહુ તોય
ગચ્છાદિકની ચિંતા ત્યાગી આતમમાં લીન હોય ૧૯

પૂછે શિષ્યો જબ હે સાહેબજી જાગૃત હશો નિશંક
તવ સંવદતો વચન ચેષ્ટાથી તું જાગૃત ગતપંક ૨૦

અરિહંતાદિક શરણુ સુણાવે શિષ્ય વર્ગ ચિત્ત લાઈ
નમસ્કારની શ્રેણી વહાવે તુજ શ્રવણાંની માંહિ ૨૧

ઈષ્ટ સિદ્ધિ તુજ હાથ ચડંતાં દેહ મૂકી તું ચાલ્યો
જાણંતા અમનયણે અશ્રુનો વેગ રહ્યો નહિ ઝાલ્યો ૨૨

નાના મ્હોટા ગીતારથ મુનિઓ અશ્રુધાર વહાવે
નિજ ગુણમંદિર સ્તંભ તૂટે કહો દુઃખ કેને નવિ થાવે ૨૩

કોણ કોના અશ્રુ લૂંછે તિંહા સૌ દુઃખ વેગ વહંતા
દુઃખભાર નહિ કેઈ સહંતા મુનિ જગત વિલપંતા ૨૪

## 卐 વિવેચન 卐

પૂજ્યપાદશ્રીએ સંયમને જ પોતાનો પ્રાણ માન્યો છે. તે સંયમની રક્ષા અને શુદ્ધિ કાજે જ તેઓશ્રીએ જીવનભર સાધના કરી છે. તેઓશ્રીના શરીરનો પ્રત્યેક પરમાણુ ૬૮ વર્ષની સુવિશુદ્ધ સંયમ સાધનાથી નિર્મળતમ બનેલો હતો. તેઓશ્રીના દેહના પ્રત્યેક રૂંવાડામાંથી પરમ પાવિત્ર્યની સુવાસ પ્રસરતી. ૩૩ વર્ષ સુધી જિનશાસનનું ગૌરવવંતુ સૂરિપદ શોભાવીને સંઘ અને શાસનની તેઓશ્રીએ અદ્દભુત સેવા કરી છે. અપ્રમત્તપણે સંયમયોગોની અદ્દભુત સાધના કરનારા આ મહાસાધકે જીવનના ૮૫ વર્ષ દરમ્યાન જે અધ્યાત્મના અજવાળા પાથર્યા તેની આછી ઝાંખી રાસની છ ઢાળમાં કરાવ્યા પછી અંતિમ દિવસોની અદ્દભુત સમાધિ, અપાર સહિષ્ણુતા અને અનન્ય સંયમ નિષ્ઠાનો કવિવરશ્રી આ ઢાળમાં ખ્યાલ કરાવી એક ગોઝારી પળનું કારમું દૃશ્ય દેખાડવા ઇચ્છે છે.

સં. ૨૦૨૩ના જેઠ સુદ ૧૦ ના દિવસે ભારે ઠાઠથી પૂજ્ય પાદશ્રીનો વિશાલ શ્રમણવૃંદ સાથે ખંભાતનગરમાં ચાતુર્માસાર્થે પ્રવેશ થયો. તે સાથે જ વાના ભયાનક દુ:ખાવાનો પણ તેઓશ્રીના દેહમાં પ્રવેશ થયો. ભક્ત શ્રાવકોએ નિષ્ણાત વૈદ્ય અને ડૉકટરોને હાજર કર્યા, ભકત શિષ્યો દિવસરાત ખડેપગે રહી અદ્ભુત સેવા કરી રહ્યા. પણ તેઓશ્રીને દેહની બિમારીની કાંઇ પરવા નહોતી. તેઓશ્રીતો ત્યારે પણ સંયમની તંદુરસ્તી માટે જ ચિંતિત હતા. માટે ઉપચાર કે અનુપાન રૂપે પણ દોષિત ચીજ લેવા તેઓશ્રી તૈયાર નહોતા. કર્મસાહિત્યના પાનાં એજ એમને મન અકસીર ઔષધ હતુ. તેથી દુ:સહ્ય દુખાવામાં પણ શાસ્ત્રના પાનાઓ લઇને સ્વાધ્યાય તરબોળ રહેતા. જીવનના છેલ્લા દિવસોમાં પ્રાણપ્યારા એકાસણા છોડવા પડયા તેનો ભારે રંજ તેઓશ્રી અનુભવી રહ્યા. દુ:ખાવામાં રાહત માટે થતો ગરમ પાણીની કોથળીનો શેક પણ બંધ કર્યો. ત્રણ આસન થી વધુ આસન ન વાપરવાનો સંકલ્પ કરી લીધો.

તે ચાતુર્માસમાં શાસનપ્રભાવક અનેક વિશિષ્ટ કાર્યક્રમો સંઘમાં યોજાયા. શ્રમણવૃંદમાં પણ તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાનની અનુમોદનીય આરાધનાઓ થઇ.

સં. ૨૦૨૪ના નૂતન સંવત્સરનો પ્રારંભ થઇ ગયા પછી પૂજ્યપાદશ્રીની શારીરિક અસ્વસ્થતા વધવા લાગી. તે સમાચાર સાંભળતાજ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મેવાડ અને ગુજરાતના દૂરના પ્રદેશોમાંથી પૂજ્યપાદશ્રીના શિષ્ય/પ્રશિષ્યોએ ઉગ્ર વિહાર કરીને ખંભાતની દિશા પકડી અને ઠેર ઠેરથી ટૂંક સમયમાંજ શિષ્ય-પ્રશિષ્યો પૂજ્યપાદશ્રીની સેવામાં હાજર થઇ ગયા.

સ્વસ્થતા અને અસ્વસ્થતાની સંતાકૂકડી ચાલુ રહી. કયારે'ક

શરીરમાં ઘણી સ્વસ્થતા વરતાય તો અચાનક ક્યારે'ક શરીર ભારે અસ્વસ્થતા અનુભવે.

ચૈત્રવદ ૮ના દિવસે શ્વાસ ચડવાની અતિશય તકલીફ થઇ. શ્વાસ રોગના આ પ્રચંડ હુમલા પછી શરીર ખૂબ શિથિલ બન્યું. આપમેળે વાંચન કરવાનું પણ મુશ્કેલ બન્યું. પણ સ્વાધ્યાયના તારક યોગને જીવનભર જેમણે ઘૂંટયો હોય, તે વ્યાધિ કે વેદનામાં પણ તેની ઉપેક્ષા કરે ? મુનિવરોના પાસે હવે તેઓ શાસ્ત્રોનું શ્રવણ કરવા લાગ્યા. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મહારાજ પાસે શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાના બન્ને ભાગોનું શ્રવણ કર્યું.

શરીર તેનો સ્વભાવ બજાવતું હતું અને આ મહાસાધક આત્મા સમતા અને સહિષ્ણુતાનો અંતમ સ્વભાવ બજાવી રહ્યા હતા. તો ભકત શિષ્ય અને ભકતશ્રાવકો વ્યાધિગ્રસ્ત પરમપાવન પૂજ્યપાદશ્રીના રોગ નિવારણ માટે સર્વ પ્રયત્નો કરી છૂટવા તત્પર બન્યા. વેદનાની ઉપશાન્તિ અર્થે શ્રમણવૃંદમાં મંગલમય આયંબિલ તપનો જુવાળ ઉમટયો. નમોજિણાણં જિઅભયાણં નો જાપ મોટી સંખ્યામાં ચાલ્યો. બીજી બાજુ નિષ્ણાત ડૉક્ટરો અને અનુભવી વૈદ્યો ભક્તિથી અવારનવાર આવી જઇને પૂજ્યપાદશ્રીનું સ્વાસ્થ્ય તપાસી જતા. મુનિશ્રી જયસોમવિજયજી આદિ મુનિવરો ખડે પગે પૂજ્યપાદશ્રીની ચાકરી કરતા.

શરીર વેદનાગ્રસ્ત હતું. જ્યારે આ સાધક પુરુષ ભગવદ્ વંદનામાં મસ્ત હતા અને પાપ નિકંદનામાં વ્યસ્ત હતા.

સમાધિ વિચાર, શ્રી પંચસૂત્ર, ચિદાનંદ છત્રીસી, શ્રી સીમંધર જિનને વિનંતી, સ્તવનો અને સજ્ઝાયોના શ્રવણમાં પૂજ્યપાદશ્રી લયલીન હતા. આ દેહ એ તો પાડોશી છે. પાડોશીના ઘરમાં આગ લાગે તોય મારૂં કાંઇ બળતું નથી. દેહના અણુએ અણુમાં વ્યાપેલો

મારો આત્મા દેહથી અળગો છે. દેહ રોગી છે. આત્માતો પરમ આ-રોગ્યનો સ્વામી છે. દેહ વેદનાનો દરીયો છે, આત્મા તો આનંદનો ઉદધિ છે. દેહ ભંગુર છે, આત્મા તો શાશ્વત છે. હાડ અને ચામના બનેલા આ દેહમાં સડો ફેલાવવા વ્યાધિ ભલે સમર્થ હોય, આ તનડાને અશક્ત, ગ્લાન કે મ્લાન બનાવવા રોગ ભલે સમર્થ હોય પણ પરમ આનંદના ધામ સ્વરૂપ મારા આત્માનો એક પ્રદેશ પણ ખેરવવાની તાકાત કોઈ વ્યાધિમાં નથી. જો હું સાવધાન રહુ તો મારા આત્મદ્રવ્યમાં કોઇ સડો ફેલાવવાની તાકાત વ્યાધિમાં નથી.

ઓપરેશન કરતાં પહેલા ઈન્જેકશન આપી ડોકટર જે ભાગમાં ઓપરેશન કરવાનું હોય તે ભાગને બધિર કરે છે. પછી ડોકટરના શસ્ત્રોની તીક્ષ્ણ અણીઓ ભોંકાવા છતાં કોઇ વેદનાનો અનુભવ દરદીને થતો નથી. કારણકે, શરીરના તે ભાગના જ્ઞાનતંતુઓ છુટા કરી તે ભાગનો આત્મા સાથે સંપર્ક તોડી નાખવામાં આવે છે. તેમ આ મહાપુરુષે પણ દેહ આત્માના ભેદજ્ઞાન રૂપ ઈન્જેકશનથી શરીર અને આત્માનો અભેદભાવ જાણે સંપૂર્ણ તોડી નાંખ્યો ! શરીર પર વ્યાધિના હુમલા થતાં રહ્યા. દુઃખાવા પણ થયા, શ્વાસ પણ ચડયો, અશક્તિ પણ આવી પણ દુઃસહ્ય વ્યાધિની કોઇ વેદ-નાને અનુભવતા જ ન હોય તેમ આ મહાપુરુષ તો સમતા સાગ-રમાં મસ્ત બનીને ઝીલવા લાગ્યા. સમાધિના અમૃતકુંડ પળે પળ આરોગીને અદ્‌ભુત પ્રસન્નતા અનુભવી રહ્યા.

આત્મભાવમાંજ જાગૃત રહીને અનાદિ સંસારમાં ભટકતા પોતાના આત્માએ કરેલા સર્વ દુષ્કૃત્યોને ગદ્‌ગદ્ બનીને નિંદી રહ્યા. જાણુતા કે અજાણુતા થયેલા સર્વ અપરાધો બદલ સકલ જીવરાશીને અંતઃ-કરણુથી ખમાવી રહ્યા. પરમારાધ્ય પંચપરમેષ્ઠી ભગવંતનું પરમતારક શરણું પ્રત્યેક પળે તે સેવી રહ્યા. સ્વાધ્યાય યોગમાંજ મસ્ત રહીને વર્ધમાન વિરાગ અને સંવેગના મનોહર રંગોથી આતમની ચાદરને

મઢી રહ્યા. જીવનભરમાં જિનાજ્ઞાની અનાભોગથી પણ વિરાધનાઓ કે અજાણતા'ય સેવાયેલા દોષો બદલ અરિહંત પરમાત્મા સમક્ષ આંસુ સારીને ક્ષમા યાચી રહ્યા.

આમ વ્યાધિની વેદનાના દિવસો એટલે જાણે સીઝન આવી ગઈ અને આ મહાપુરુષે ચતુશરણ, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના, જીવક્ષમાપના, ભેદજ્ઞાનની ભાવના, સ્વાધ્યાયરક્તતા, સહિષ્ણુતા સમતા આદિ રૂપ અનેક પેઢીઓ ખોલી દીધી. અને વેદનાની એ સીઝનમાં કર્મનિર્જરાની અઢળક કમાણી તેઓશ્રીએ કરી લીધી.

વૈશાખસુદમાં શરીરમાં સ્વસ્થતાનો સંચાર થયો. વ્યાધિ ઉપશાંત બન્યો. વેદના અને પીડા શમ્યા. દેહમાં નબળાઈ પણ ઘટી. સહુના અંતરમાંથી હતાશા દૂર થઈ. હવે સૌ નિશ્ચિંત બન્યા. પૂજ્યપાદશ્રીએ પ્રભાવક અનેક શિષ્યોને શાસન સેવા આદિ કાર્યો માટે દૂર દૂર મોકલવા માંડયા.

શ્રી અંતરીક્ષજી તીર્થની રક્ષા માટે પૂ. આ દેવ શ્રીમદ્વિજય યશોદેવ સૂરીશ્વરજીનો મુંબઈ તરફ વિહાર થયો. ૩૪ વર્ષ સુધી લગભગ નિરંતર સેવારત અનન્ય કૃપાપાત્ર શિષ્યરત્ન પૂ. પં પ્રવરશ્રી ભાનુ વિજયજીગણિવરને ધાર્મિક શિક્ષણ શિબિર માટે અમદાવાદ મોકલ્યા. પ્રખર વકતા પૂજ્ય મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજીને ઉપચાર માટે ચુડા મોકલ્યા. કર્મ સાહિત્યના કાર્ય માટે મુનિરાજશ્રી જિતેન્દ્ર વિજયજીને પિંડવાડા તરફ વિહાર કરાવ્યો.

પૂજ્યપાદશ્રીથી છૂટા પડવાનું કોઇનું દિલ તો માનતું નહોતું પણ પૂજ્યપાદશ્રી કરતાં પણ વધુ પ્રિય હતી તેઓશ્રીની પરમતારિણી આજ્ઞા. સ્વાર્થ કરતાં વધુ વહાલું હતું શાસન અને સંઘ પ્રત્યેનું કર્તવ્ય. અને વળી પૂજ્યપાદશ્રીની વ્યાધિ અને વેદનાના પાણી ઉતરતાં દેખાઇ રહ્યા હતા તેથી આ ભકત શિષ્યો પ્રશિષ્યોએ વિહાર લંબાવ્યો. પણ તેમને ખબર નહોતી કે આ તેજ

ઝગારાતો બૂઝાતા દિપના હતા ! તેમને ખબર નહોતી ગુરૂવિરહનો વજાઘાત સહવા અસમર્થ શિષ્યોને દૂર કરવાનો કરુણાસિંધુ પૂજ્યપાદશ્રીનો કદાચ આ એક કીમીયોજ હતો.

અને કૃષ્ણપક્ષની એકાદશી કેલેન્ડરમાં ડટ્ટા પર ચમકી રહી હતી. પૂજ્યપાદશ્રીના મુખારવિંદ પર પ્રસન્નતા પણ ખૂબ ચમકી રહી હતી. પૂજ્યપાદશ્રીએ ભકત શિષ્ય શ્રી જયઘોષ વિજયજીને કહ્યું જયઘોષ ! આ મકાનમાં માંકડ વધી ગયા છે. તેથી મારે આજે મકાન બદલવાનું છે."

ગહન શાસ્ત્રોની ગૂઢ પંક્તિઓના પણ ઐદંપર્યાર્થ સુધી પહોંચવા સમર્થ આ મુનિરાજ આ ગુરૂવચનના ઐદંપર્યને ન પામી શકયા ! જિનવચનમર્મજ્ઞ આ વિદ્વાન શિરોમણી આ ગુરૂવચનના મર્મને ન સ્પર્શી શકયા.

આજે તો કરુણાસિંધુમાં કરુણારસની ખૂબ ભરતી આવી હતી. સહુશ્રમણો અને શ્રમણોપાસકો પર કૃપા વરસાવતા રહ્યા. પ્રસન્નચિત્તે સહુને પુનિત પ્રેરણા પીરસતા રહ્યા. સાંજે છ વાગે એક રૂમમાં પધરાવેલા સમાધિના દાતાર શ્રી પાર્શ્વનાથ સ્વામીના દર્શન કરીને ખંભાતની જૈનશાળાના પાછળના હોલમાં પધાર્યા. ભાવસહિત પ્રતિક્રમણ કરીને દોષ શુદ્ધિ કરી આત્મજાગૃતિના ઘોષણા પત્રક જેવી સંથારો પોરસી ભણાવી.

"જઈમેહુજ્જપમાઓ, ઇમસ્સ દેહસ્સિમાઇ રયણીએ
આહાર મુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસીરિઅં"

" એગોહં નત્થિ મે કોઇ..." બોલીને એકત્વ ભાવનાથી પણ આત્માને ભાવિત કર્યો. સકલ જીવરાશિને ખમાવીને અને મન-વચન અને કાયાથી થયેલા પાપોને શમાવીને આત્માને પવિત્ર કર્યો.

પછી તો નિત્યકર્મ અનુસાર મુનિવરો સમાધિવિચાર, આધ્યાત્મિક પદો, સજ્ઝાયો આદિનું શ્રવણ કરાવવા લાગ્યા.

સાડાનવના સુમારે સૂરિમંત્રના જાપ માટે સજ્જ બન્યા. જાપમાં બેસતા પહેલા લઘુ શંકા ટાળવા બેઠા પણ પ્રોસ્ટેટ ગ્લેન્ડની તકલીફ થઇ, શરીર પ્રસ્વેદના રેલાઓથી નીતરી રહ્યું, છાતીમાં ભયાનક દુઃખાવો ઉપડયો, શ્વાસપણ ચડયો, મુનિવરોએ પૂજ્યપાદ શ્રીને સુવડાવ્યા.

પરમ ભકત શ્રી ગુણરત્ન વિજયજી શાંતસુધારસની અન્યત્વ ભાવના તથા જ્ઞાનસારનું વિવેક અષ્ટક સવિવેચન સંભળાવવા લાગ્યા. પૂજ્ય આચાર્યદેવશ્રી રામચંદ્ર સૂરીશ્વરજી આદિ સહુ શ્રમણો દોડી આવ્યા. ગામના ખૂણે ખૂણેથી શ્રાવકો'ય દોડી આવ્યા. જીવનભર અણમોલ આરાધના કરાવનાર આ પૂજ્યપાદશ્રીને સકલ સંઘ અદ્ભુત આરાધના કરાવી રહ્યો. વીર વીરનું રટણ સતત ચાલુ હતુ. વેદનાનો પાર નહોતો અને સમાધિનો સુમાર નહોતો. પૂજ્યપાદશ્રીના વેદનાગ્રસ્ત દેહને સ્હેજ શાતા રહે તે માટે એક મુનિ પૂજ્યશ્રીની આગળ પંખો વીંજવા લાગ્યા. અંતિમ પળોમાં પણ અતિજાગ્રત આ મહાત્મા પોતાની અશાતા કરતા વાયુકાયના જીવોની અશાતા સહી ન શકયા. વાયુકાયની વિરાધનાથી બચવા તુરત પંખાના વીંઝણા અટકાવ્યા. પોતાની અંતિમ પળોને તેઓશ્રીએ પારખી લીધી હતી. તેથી અત્યંત આત્મજાગૃતિ કેળવી લીધી. સકલ જીવરાશિને અંતઃકરણથી ફરી ફરી ખમાવી લીધા. વીર વીરની રટણામાં આ વીરપુરૂષે તન–મન અને વચનને પરોવી દીધાં.

પૂજ્યપાદશ્રીના જયેષ્ઠ શિષ્ય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ગુરૂદેવશ્રીના કાનમાં પરમ કલ્યાણકારી શ્રી નમસ્કાર મહામંત્રની ધૂન ચાલુ કરી. સુકૃતની સરવાણી વહેતી મૂકાઇ. ૧૦–૪૦ મિનિટે નિરંતર ત્રણ હેડકી આવી અને

એ હેડકીના ઝપાટામાં પૂજ્યપાદશ્રીનો ઝળહળતો જીવનદીપ બૂઝાઇ ગયો ! અને જાણે ચોમેર ગાઢ અંધારા છવાઈ રહ્યા.

વૈશાખ વદ ૧૧ની કાળી રાત્રીને અમાસની શ્યામલતાની ઇર્ષ્યા થઈ આવી તેથી તેનાથી'ય વધુ કાળી બનવા તેણે આ કાળું કલંક વહોરી લીધું જાણે !

વર્ષોની સંયમ સાધનાથી પવિત્ર બનેલો પૂજ્યપાદશ્રીનો પાર્થિવ દેહ જૈન શાળાના હોલમાં પડી રહયો, પણ તે દેહને પવિત્ર કરનારો આતમરામ તો કોઈ અલખની દુનિયામાં પહોંચી ગયો. શાસન સરોવરની અનુપમ શોભા સમો આ મનોહર હંસલો ઉડી ગયો, સરોવર સૂનું બન્યું. શાસનમાતાના કંઠેથી એક મહામૂલું આભરણ ખરી પડ્યું !

મૃતદેહના મુખારવિંદ પરથીતો તેજ પ્રભાના તેજસ્વી કિરણો પ્રસરી રહયા હતા. બાવીસ દુઃસહ્ય પરિષહોને પણ પ્રસન્નતાથી સહનારા મુનિવરો ગુરૂવિરહની આ ગોઝારી પળને બરદાસ્ત ન કરી શકયા. જગત આખા'યને જીવનની ક્ષણભંગુરતાનો શાણો ઉપદેશ આપનારા આ મુનિવરો ગુરુના દેહની ભંગુરતાને નજ સ્વીકારી શકયા ! સદાય પ્રસન્નતાના વહેણમાં જ મહાલનારા આ મુનિવરો વ્યથાના દરિયામાં ડૂબી ગયા. સહુ વ્યથાને ઘોળીને પી જનારા સત્વશીલ શ્રમણો સાવ ભાંગી પડયા. યુવાન, પ્રૌઢ અને વૃદ્ધ મુનિઓ પણ બાળકને શરમાવે તેવા ચોધાર આંસુએ રડી રહ્યા.

વ્યથાભગ્ન મુનિઓના કાળા કલ્પાંતથી જૈનશાળાની તોતીંગ દીવાલો પણ જાણે ધ્રુજી ઉઠી ! અરે એ તોતીંગ દિવાલો કરતાં'ય કઠણ કેટલાય ત્યાં ઉપસ્થિત ભાવિકોના કાળમીંઢ કાળજા પણ પીગળી ગયા.

જીવનનો આધાર ગયો !

\ મહામૂલો વૈભવ લુંટાયો !

શોકના વાદળોથી સહુના હૈયા છવાઇ ગયા અને મૂશળધાર વર્ષા શરૂ થઇ ગઈ આંસુઓની. પૂજ્યપાદશ્રીના મૃતદેહ પાસે માથું ઢાળીને છાતી ફાટ રૂદન કરવા લાગ્યા આ શ્રમણો ! હૃદય વલોવી નાખે તેવા ભયાનક આક્રંદ કરી રહ્યા આ શ્રમણો ! હૈયું ધ્રુજાવી નાખે તેવા કારમા ચિત્કારો કરી રહયા હતા આ શ્રમણો ! આંખો ભીંજાવી દે તેવો કાળો વલોપાત કરી રહયા આ શ્રમણો !

કોણ કોનું રૂદન બંધ કરાવે ? કોણ કોને મનાવે ? કોણ કોને છાનો રાખે ? કોણ કોને આશ્વાસન આપે ? વ્યથાભગ્ન શિષ્યોના મુખેથી "સાહેબજી ! સાહેબજી !" ના હૃદયવેધક પોકાર નીકળતા રહ્યા, પણ એતો મૃતદેહના કાનની દિવાલોને અથડાઇને જૈન શાળાના હોલમાં પડઘાતા રહયા.

સાહેબજી કોઈ દેવશય્યામાંથી ઉઠીને "જયજયનંદા, જયજય ભદ્દાના" મધુર આમંત્રણોને ઝીલતા હશે, ત્યાં આ પોકારો શું કરે ? સાહેબજી દૈવી રત્નોના તોરણોથી ત્યાં સ્વાગત પામતા હશે, અહીં આંખે આંખે બંધાયેલા આંસુના તોરણો શું કરે ?

જ્ઞાની, પ્રૌઢ અને ગીતાર્થ મુનિઓ પણ બાળકની પેઠે કારમું રૂદન કરી રહ્યા.

ગુરુવિરહના વજ્રઘાતથી શ્રમણોના હૃદયમાં ઉઠેલા વ્યથાના દારૂણ અનલની દાહક જવાલાઓ કારમા વિલાપના કરુણ શબ્દોમાં પ્રતિબિંબિત થતી રહી.

પૂજ્યપાદશ્રીના દેહવિલયથી શ્રમણોના હૃદય વ્યથાના વિરાટ દરીયાનું રૂપાંતર પામ્યા. કુશળ કવિરાજ શબ્દોના છાલકાથી તે વ્યથાના દરીયાને આ રાસની આઠમી ઢાળમાં ઠાલવે છે.

## * ઢાળ આઠમી *

(રાગ – પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું ...)

અહો અહો ગુણસાગર ગુરુજી કિંહા ગયા
ગુણનિધિ તુમે, અમે નિર્ગુણ આધારજો....અહો ૧

સૂરિવર તુમ વિણ જગ સઘળું સૂનું થયું,
તુમ વિણ પ્રસર્યો ચઉદિશિએ અંધકારજો
જગવત્સલ અમ ચારિત્ર–ચક્ષુ તારકા,
સાર્થપતિ અમ મોક્ષનગરની વાટજો....અહો ૨

કર્મરિપુ યોધંતા અમ સેનાપતિ,
સારથી તુમે સંયમરથના પ્રૌઢ જો
દીવાદાંડી અમ સંયમ નાવાતણી,
તુંહિ જ પ્રાણને તુંહિજ અમહૃદયેશ જો....અહો ૩

કહો થયો શો અવગુણ જે બોલો નહિ,
થયો હશે પણ આપ મહા ઉદારજો
માફ કરીતે શ્રવણે ધરો અમ વાતડી,
ક્ષમાનિધિ તુમે છોડો નહિં અમ બાંહ્યજો....અહો ૪

માત વિણા કહો બાલ તણી કિશી દશા,
પડે આખડે અટવાયે નહિ માનજો
સ્વામી તુમ વિણ તિમ જગત આપદ ઘણી,
દુર્ગતિ ખીણે પાત અને વિખવાદ જો...અહો ૫

વિષય વિષ ભખંતા કહો કુણ વારશે,
પ્રમાદ કૂપ પડંતા રાખશે અમ જો
સ્વાધ્યાય સુધા ઢોળંતાં અમ મૂખંને,
હાથ ઝાલી કહો વારણ કરશે કુણજો ?....અહો ૬

પ્રેરણા વમની ફૂલ ઘસારો પાઈને,
ઓકાવશે કુણ દોષ ગરલનાં પાનજો
કષાય ક્રૂર કસાઈ આંગણ ખેલતાં,
સમતા ઘરમાં લાવી પૂરશે કોણજો....અહો ૭

કર્મ સાહિત્યના લેખન મંડાવ્યા તુમે,
પૂરાં થયા વિણ કિમ ચાલ્યા ગુરુરાજજો
પ્રેરણા દેતા નિત નિત તસ લેખનતણી,
થતાં ક્ષતિ તુમે શોધંતા તસ જાણજો....અહો ૮

કરશે કાળજી હવે કહો કુણ એહવી,
સંશોધન પણ કરશે કોણ કૃપાળ જો
રત્નત્રયી તુમે દીધી અમને મોટકી,
થયા વળી તમે તસ કેરા રખવાળ જો...અહો ૯

સમિતિ ગુપ્તિ ચૂકંતાં તુમે બહુ પ્રેરિયા,
આહાર શુદ્ધિના દીધા શિક્ષાદાન જો
વિભુષાવૈરણ પડખે ચડતાં વારિયા,
તુમે કરાવ્યા આગમ અમૃત પાન જો...અહો ૧૦

તુમવિણ ગુરુજી મનશુદ્ધિ કરશુ કિહા,
કિહાકરશું અમે સુખદુ:ખડાની વાતજો
પોકાર સુણશે કહો કુણ અમ બાલકતણો,
જગપ્રસરેપ્રભુનિજદુર્મતિ અંધકાર જો...અહો ૧૧

આશા અમ મન એક હતી બહુ મોટકી,
મસ્તક મૂકી તુજ ખોળે મહારાજ જો
આરાધક જે મહામુનિવર પૂર્વે થયા,
એક ચિત્ત થઇ સમરી તસ અવદાત જો...અહો ૧૨

પાતક કીધાં આલોઇ નિંદી કરી,
ખમાવી સૌ શરણુ ગ્રહી શુભ ચારજો
નિર્યામણુ પામીને તુજ મુખ પદ્મથી,
મૃત્યુ આવે કરશું દેહનો ત્યાગ જો...અહો ૧૩

કેવળ નામથી 'પ્રેમ' નહિ તુમેં દીઠો,
કિન્તુ ભાવ પ્રેમનો સાયર તુંહિ જો
શ્રમપીયૂષ તુજ પાને જગજીવન હસે
પ્રેમ અભાવે જગત રડે જયું બાલજો...અહો ૧૪

હા હા કાલ કરાલે આ શું કર્યું,
ઇર્ષ્યા અમ સુખ કેરી તસચિત્ત જો
રે રે દૈવ અટારો શું ભૂલો પડયો,
કે સહ્યું નહિ અમ ઉત્તમ સૌભાગ્ય જો...અહો ૧૫

કર્મકૃતાન્ત હા હા અમ દુશ્મન થયો,
ઉઠાડ્યો તેણે અકાલે અમ નાથ જો
માર્ગ સૂઝે નહિ દુઃખના સાગર ઉમટયાં,
નિશ્ચેતનતા પ્રસરી છે અમ ચિત્તજો...અહો ૧૬

સ્વર્ગવસંતા ગુરૂજી અમ આતમતણી,
રક્ષાધરી મન કરજો નિત્ય સહાય જો
તુમ સહાયે રત્નત્રયી આરાધના,
નિર્મલ કરતાં થાય જગત ઉદ્ધારજો...અહો ૧૭

## 卐 વિવેચન 卐

"અરે! જમડા! તેં આ શું કર્યું ? સહુની પ્રત્યે નકરી કરુણા વરસાવનારા અમારા તારણહાર ગુરૂદેવે તારો શો અપરાધ કરી નાખ્યો, તે તું તેમને ભરખી ગયો ? ના... આખી દુનિયાના દુશ્મન એવા તને પણ અમારા અજાતશત્રુ ગુરુદેવશ્રી પ્રત્યે કોઈ વૈર વિરોધ ન જ હોય! પણ આ તો અમ પાપીયાના પાપ પોકારી ઊઠયા. વિરહની વ્યથાના કડવા ઘૂંટડા પીવાનું મહા-દુર્ભાગ્ય અમારા લમણે લખાયેલું જ હોય ત્યાં શું થાય ? અમારા ગુરુદેવને હેરાન કરવાનું તો તારૂં'ય કોઈ પ્રયોજન ન હોય!. પણ નક્કી અમને રંજાડવા જ તેં આ કાળુ કરતૂત કર્યું છે. તારી કલંકિત કારકીર્દિ પર એક મહાકલંક અમને પરેશાન કરવાજ તેં વહોર્યું છે! પણ તને ખબર છે, તેં એકના પ્રાણ નથી હર્યા, અનેકના જીવનપ્રાણ તેં હરી લીધાં! તું મહાહત્યારો!

હે તારક ગુરૂદેવ! આપ જ અમારા પ્રાણ હતા! આપ જ અમારા ત્રાણ હતા! આપ જ અમારા જીવનના આધાર હતા! ગુરુદેવ અમારા જીવનની મહેલાત કાંઇક ભવ્ય બની હોય તો આપના જ પ્રતાપે! આપની જ કરૂણાના પીયૂષ તેના પાયામાં રેડાયા હતા. આપની કૃપાના જ ઇંટ-ચૂના તેમાં વપરાયા હતા. આપની જ પ્રેરણાના પ્લાસ્ટર તેમાં થયા હતા. અને એકજ મજબૂત જીવનસ્તંભ પર અમારા જીવનની આખી આ મહેલાત ઊભી હતી. આપનું કલ્યાણકર અસ્તિત્વ એજ અમારો જીવનસ્તંભ હતો. આપશ્રીનું પરમોત્કૃષ્ટ આલંબન એજ અમારા જીવન-ભુવનનો આધાર હતો.

હે જીવનસ્તંભ! તું અચાનક ક્યાં ખર્યો ? અમારી જીવન મહેલાત ઘડીકમાં કડડભૂંસ થઇને તૂટી પડશે! હે અમ નોંધારાના

આધાર ! ક્યાં ચાલ્યા ? હવે તો શહેર પણ ભેંકાર સીમ જેવું લાગશે. ધમધમતું નગર પણ હવે વેરાન વગડા જેવું લાગશે. સો જેટલા શ્રમણોની ઉપસ્થિતિને વરેલો ઉપાશ્રયનો આલિશાન હોલ પણ એક હવે સૂનું ખંડેર લાગશે. નાથ ! આપના વિરહથી આખી દુનિયા એક નિર્જન બેટ જેવી લાગે છે. આપ નથી તો કોઇ જ નથી. ક્યાંય ગોઠતું નથી. કાંઇજ સૂઝતું નથી. આપનું પાવન વ્યક્તિત્વ સહુમાં અને સર્વત્ર પથરાયેલું રહેતું તેથી આજે સહુ નિશ્ચેતન છે. તેથી આજે આપના વિના સર્વત્ર સૂનકાર છે. પ્રકાશનો પુંજ અસ્ત થતાં સર્વત્ર કાળમીંઢ અંધકાર છવાઇ ગયો છે, જાણે ! હવે આ ગાઢ અંધારામાં જ અમારે આથડયા કરવાનું ? હવે આ ભેંકાર તિમિરમાંજ અમારે ફુંફોળીયા માર્યા કરવાનાં ? હવે તો આકાશમાં સો સૂર્યો એકી સાથે ઉગે તો'ય આ અંધારૂં મટાડી શકવાના છે ? તોરણે તોરણે અને ટોડલે ટોડલે તારલાઓ ચમકી ઉઠે તો'ય આ અંધકાર વિલય પામવાનો છે ?

ગુરુદેવ ! મોક્ષના મંગળ માર્ગ પર આપે અમને ચડાવ્યા. અમે તો અબુધ ! મોક્ષનો માર્ગ શું અમને કાંઈ સૂઝ ન પડે, અમારે મન તો આપ એજ મોક્ષમાર્ગ. આપ ચીંધ્યા કરો અને અમે ચાલ્યા કરીએ. પણ હવે આટલું ચાલ્યા પછી માર્ગ જ દૂર થઈ ગયો. અમે અટવાઇ ગયા ! હવે એ રાહ ચીંધણા કોણ કરશે ? હવે આંગળી પકડીને કોણ દોરશે ?

આપ જેવા મહાપરાક્રમી સેનાપતિ સાંપડયા એટલે અમને'ય ચાનક ચડી. કાયર અને પાંગળા છતાં આપના ભરોસે અમે'ય કર્મશત્રુ સામે મહાસંગ્રામ માંડી દીધો. પણ, અડધા સંગ્રામમાં અમને લડતા મૂકી આપતો ક્યાં ચાલ્યા ? પેલો કર્મચોરેય અમને ટીપી નાંખશે ! મોહચંડાલ અમને કૂકી નાંખશે. કર્મશત્રુ સામેના સંગ્રામમાં સંયમરથ પર આરૂઢ થઇને અમે આગેકૂચ

કરી રહ્યા હતા, અમારા જીવનરથના સારથી આપ હતા તેથી અમે નિશ્ચિંત હતા. આપ જેવા પીઢ, કુશળ અને અનુભવી સારથીની દોરવણીથી અમારા જીવનરથને કોઈ અડચણો, અંતરાયો કે વિઘ્નોનો ડર નહોતો. ગુરુદેવ ! હવે શું થશે ? સારથી વગરનો જીવનરથ જયાં ત્યાં ભટકાઈને ટકરાઈને તૂટી જશે. આપજ અમારી સંયમ-નાવના સુકાની હતા અને માર્ગની દોરવણી આપનાર દીવાદાંડી પણ આપજ હતા. આપજ અમારી આંખનું તેજ હતા, આપજ અમારા હૃદયનો પ્રાણ હતા, આપજ અમારા જીવનનું સત્ત્વ હતા!

પણ....હવે હે ગુરુદેવ ! આપ કેમ કાંઈ બોલતા નથી? વાત્સલ્ય નીતરતા શબ્દોથી આપ કેવું વહાલ વેરતા'તા... અત્યારે કેમ ચૂપ છો? થોડુંક તો વહાલ વેરો ! આમરીસામણા કાં લીધા નાથ? અમારો અપરાધ તો અમને કહો ! આપ તો ક્ષમાના ભંડાર છો! ગમેતે બીજી શિક્ષા કરો નાથ ! પણ આમ અબોલા ન લેશો ! કાંઇક બોલો, થોડુંક બોલો ગુરૂદેવ ! આ નથી ખમાતું. આંસુથી આપના ચરણ પખાલીને અપરાધોની ક્ષમા માંગીએ છીએ. ક્ષમાનિધિ ગુરુદેવ ! માફ કરો, પણ આમ અમને છોડો નહિ. આમ અમને તરછોડો નહિ.

મા વિના બાળક કોના ખોળામાં ખેલે? માનાં વહાલ વિના તો બાળકની શું દશા થાય? એ બિચારૂં તરફડી મરે, માની કાળજી વિના એ તો ગમે ત્યાં પડે, આખડે અને ભટકાય. અને સ્વામી! આપના અમે બાલુડા, અમે'ય નહિ જીવી શકીયે, આપના વિના દુર્ગતિની ખીણમાં પડતાં અમને કોણ રોકશે ?

ગુરુદેવ! કેવી આપની કરુણા હતી! કેવી આપની કાળજી હતી! કોઈ શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શના ફાંસલામાં અમે ફસાઈ ન જઈયે તેની કેવી તકેદારી આપ રાખતા! એ જાલિમ વિષના ઘૂંટડા અમે ગળી ન જઇએ એ માટે કેવી સાવધાની આપ

રાખતા! વિષયોના ગોળીબારમાં અમે ઘવાઈ ન જઈએ માટે અંતમુંખતાના બખ્તર આપેજ પહેરાવેલા ને! પણ હવે એ દારૂણ વિષયોના જાલીમ વિષ પીતાં અમને કોણુ રોકશે! એક વાત્સલ્ય નીતરતી દૃષ્ટિ ફેંકીને અમારી બધી'ય મોહ ઘેલછા ને કોણુ ઓગાળી નાંખશે! ટુંકો મીઠો ઠપકો દઈ વિષયોના કાળોતરા નાગની દોસ્તી કરતાં અમને કોણુ રોકશે!

આ પ્રકૃષ્ટ આલંબન, અપાર કરૂણા અને મીઠી પ્રેરણા પછી પળનો'ય પ્રમાદ અમને નહોતો પાલવતો. પણ હવે સ્વાધ્યાય સુધાનાં કૂંડા અમે પ્રમાદની ગટરમાં ઢોળી દઇશું તોય અમને કોણુ રોકવાનું? પ્રમાદના જંગી કતલખાનામાં કેટલી'ય કિંમતી ક્ષણોની ક્રૂર કતલ થઈ જશે ત્યારે આપ કરુણાનિધિ વિના એ મહામૂલી ક્ષણોને કોણુ અભયદાન આપશે? અને મોહ, અજ્ઞાન કે અનાભોગના જોરથી કોઇ દોષવિષના ઘૂંટડા પીવાઇ ગયા તો'ય આપશ્રી પ્રેરણાની પડીકી એવી પાઇ દેતા કે ક્ષણમાં જ વમન કરીને બધા દોષ અમે ઓકી નાખતા. પણ હવે એ વમન કોણુ કરાવશે? અને પીવાઈ ગયેલા વિષ જો ઓકાશે નહિ તો અમારા શું હાલ થશે?

ગુરુદેવ! કેટકેટલી કાળજી આપે અમારી કરી છે? સમિતિ-ઓના પાલનમાં આપે જ અમને એક્કા બનાવ્યા. નીચું જોઈને ચાલતા આપે જ અમને શીખવ્યું, ગુપ્તિઓના ઓઠા નીચે જાતનું રક્ષણ કરવાનું આપે જ અમને શીખવ્યું. પ્રમાદી કે રસલંપટ બનીને આહારના દોષ સેવી ન લઇએ એટલે આહાર શુદ્ધિના પાઠ આપેજ અમને ભણાવ્યા. મલ પરિષહનાં રૂડા અલંકારનો પ્રેમ આપેજ અમારામાં ઉભો કર્યો. કપડાની ટાપટીપ અને દેહની વિભૂષાના રવાડે ચડતા આપેજ અમને રોકયા. નવવાડની રખેવાળીથી બ્રહ્મચર્ય ગુણની રક્ષા કરવાનું સત્વ આપેજ અમને

પીરસ્યું. વિનય અને વૈયાવૃત્યના આદર્શ આપેજ અમને દીધા. હવે ઉદ્ધત અને ઉચ્છૃંખલ બનશું તો'ય આપના વિના કોણ અટકાવશે ? અનાદિથી પૂંઠે પડેલી શેતાનિયત સળવળી ઉઠશે તો એને કોણ ઠોકીને બહાર કાઢશે ? આપે દીધેલા સહાયતાના પાઠો ભૂલી જઇને કદાચ પરસ્પર ટકરાશું તો ક્ષમાપનનાં અમૃત પાઇને અમને સાજો કોણ કરશે ? સ્વાધ્યાયના અમૃત આપેજ પાયા છે. આગમની અમૃતવાણી અમારા કાનમાં આપેજ રેડી છે. હવે એ અમૃત કોણ પાશે ? વિકથાના વિષ ઘોળશું તો અમને કોણ વારશે ?

હૈયાની વાતલડી હવે કોની આગળ જઇને કરશું ? મનના મૂંઝારા હવે કોની કને ઠાલવશું ? અંતરના ઉચાટ હવે કોની પાસે ખાલી કરશું ? સાધનાની મસ્તીમાં ઉદ્ભવેલા અપૂર્વ આનંદની અભિવ્યક્તિ હવે કોની આગળ કરશું ? સુખદુઃખના ગીતડાં હવે અમે કોના કાનમાં જઇને ગાશું ?

બાહ્ય ભાવોના ગંદવાડમાં અમારા જીવન રગદોળાઈ ન જાય એટલે કર્મસાહિત્યના સર્જનમાં આપે અમને જોડયા. એ ઊંડા તત્ત્વજ્ઞાનની ગહન ગહરાઇ સુધી આપે અમને પહોંચાડયા અને કૃપાના જાદુથી અમ જેવા અબુધ પાસેથી પણ આપે કેવું કામ કઢાવ્યું ? પણ આપના મનોરથો હજુ કયાં પૂરા થયા છે ? આપે ધારેલું બધું'ય સાહિત્ય હજુ કયાં સર્જન પામી ગયું છે ? હવે આપના વિના એ ધ્યેયની સિદ્ધિ કેવી રીતે થવાની ? નિત નિત પ્રેરણાઓ દઇને લેખનના જોસ કોણ પૂરશે ? બધા'ય મેધાવી સાધુઓને એક દોરથી જોડી રાખીને આ સહકારી સર્જનમાં વ્યસ્ત કોણ રાખશે ? સૂક્ષ્મ પણ ક્ષતિનું સંશોધન આપ કરી આપતા તે કાળજી હવે કોણ કરશે ?

આપેજ અમને જીવન આપ્યું. આપેજ અમારૂં જીવન શિલ્પ ઘડયું. આપના જ સાંનિધ્યમાં આખું'ય જીવન વીતાવવાનો અમારો સંકલ્પ હતો. એક ક્ષણ પણ આપથી વેગળા નહિ પડવાનો અમારો નિર્ધાર હતો. આપના ચરણોની સેવા જીવનભર નહિ છોડવાના અમારા મનોરથ હતા. અને જીવન આખું'ય આપના ચરણોમાં વીતાવીને આપનાજ ખોળામાં માથું મૂકીને મૃત્યુને ભેટવાની ભાવના હતી. કેવી કેવી ઉન્નત ભાવનાઓ અમે ભાવેલી ! કેવા કેવા રૂડા અરમાનો કરેલા !

અંત સમયે દેહમાં અપાર વેદના અને પીડા ભલે હોય, દેહભાન ભૂલી આત્મભાવમાં સ્થિર થઇશું. આપ તારકના ખોળામાં માથુ ઢાળી દઇશું. આપના નિર્મળ નયનોને નીરખ્યા કરશું. આપનો પવિત્ર હાથ માથે ફર્યા કરશે. આપના મુખેથી નવકાર શ્રવણ કરતાં હોઇશું. આપની સાક્ષીએ ગદ્‌ગદ્‌ કંઠે સકલ જીવરાશિને ખમાવી દઈશું. આપની પાસે જીવનભરના બધા'ય પાપોની આલોચના કરી દઈશું. આપના શ્રીમુખેથી શુદ્ધ થઇને વ્રત સ્વીકાર કરી લઇશું. આપ અદ્‌ભુત નિર્યામણા કરાવતા હશો. આત્મા મહામંત્રના શુભધ્યાનમાં સ્થિર બન્યો હશે. અદ્‌ભુત સમાધિના હોજમાં આતમરામ ના'તો હશે અને ત્યારે હસતા હસતા મૃત્યુને સ્વીકારી લઇશું. આપ તારક ગુરૂદેવશ્રીના ખોળામાંજ સમાધિ મરણને હાંસલ કરશું.

પણ એ અમારા રૂડા અરમાનોની ઇમારત આમ એક એક ધરાશાયી કાં બની ? હવે એ સમાધિના ઘૂંટડા કોણ પાશે ? પારાવાર વેદના વચ્ચે પણ પ્રસન્નતાનું અમૃત કોણ પાશે ? અંત સમયે આત્મભાવમાં સ્થિર કરી ઉત્તમ નિર્યામણા કોણ કરાવશે ?

નાથ ! આપતો પ્રેમનો મીઠો સાગર હતા. અમેતો પ્રેમના મીઠા ઘૂંટડા પીધાજ કરતાં. આપના પ્રેમપીયૂષે જ અમારા

જીવનમાં જોમ રેડેલું. આપના પ્રેમપીયૂષેજ અમારા ખોળીયામાં જીવતર રેડેલું. આ પ્રેમપીયૂષેજ અમારી આંખમાં તેજ પૂરેલું. આ પ્રેમપીયૂષે જ અમને સત્ત્વ અને શૌર્યની ભેટ ધરેલી. એ પ્રેમપીયૂષના પાનથી જ જાણે અમે જીવતા હતા. અમારા જીવનના કયારામાં પ્રેમ પીયૂષ સીંચાયા તેથીજ અમારા મુખ પર સ્મિત ઉગતું, તેથીજ અમારા હયામાં પ્રસન્નતાનો પરમાટ પથરાતો અને તેથીજ અમારા જીવનછોડને કલંક કે વ્યથાના કોઈ કાંટા નહોતા ઉગ્યા.

પણ હે પ્રેમ ! તું ગયો અને તારો એ પ્રેમ પણ ગયો. પ્રેમના પ્રેમ વિના અમ છોડવાઓ સુકાઇ જઇશું. પ્રેમના પ્રેમ વિના અમ બાળ કરમાઇ જઇશું. પ્રેમ વિના અમ દિપક ઓલવાઇ જશું. હવે તો કોણ આધાર ? હવે તો કોનો સહારો ? હવે તો આંસુ એજ આધાર. હવે તો આંસુ એજ ઉપાય. રડી લઇએ....રડ્યા કરીએ....વેદનાના ખડકોને આંસુના રેલાઓમાં ઓગાળી દઇએ. અમને આમ નિરાધાર રઝળતા મૂકીને આપ ચાલ્યા જશો એમ અમે કયારેય ધાર્યું નહોતું. સ્વર્ગથીય ચડીયાતા આપના શુભંકર સાંનિધ્યના ઉચ્ચતમ સુખ કો'ક વાર છોડવા પડશે તેવી તો અમને સ્વપ્નમાંય કલ્પના નહોતી. પણ હા, અમારા મહાસુખની કાળપુરુષને ઈર્ષ્યા થઈ. ઇર્ષ્યાની આગથી દાઝેલા તેણે તેથી જ અમારા પ્રાણેશ ગુરુદેવને ઉપાડયા ! એ અધમ કાળપુરુષે તેથી જ આ મહા અધમતા આચરી. અમારું આ ઉચ્ચસૌભાગ્ય તેનાથી સહન ન થયું તેથી જ તેણે અમારૂ સૌભાગ્ય ઝૂંટવી લીધું.

હવે તો કશુંય સૂઝતું નથી ? કોઈ કર્મો એકાએક ઉદયમાં આવી ગયા છે તેથી જ વેદનાનો આ મહાસાગર ઉમટયો છે. જીવનનો પ્રાણ જ જતો રહયો છે. હવે તો જીવવુંય કેવી રીતે ?

ગુરુદેવ ! ગયા તો કહીને કેમ ન ગયા ! આપના દિવ્ય સુખોમાં શું અમે ભાગ પડાવત ? આપની પૂંઠે પડીને શું અમે આપની પાછળ આવત ? આપને અમારા પર એટલોય વિશ્વાસ નહોતો ? આપ કયાં પધાર્યા છો તે તો જણાવો ? આપનું સરનામું તો આપો ?

ના....ગુરુદેવ આપ કયાંય નથી ગયા. આપતો અમારા હૃદયમાંજ છો. કાળા કાળની'ય તાકાત નથી કે અમારા હૃદયના સિંહાસન પરથી આપને પદભ્રષ્ટ કરી શકે. આપ સદા'ય એવીને એવી કરૂણા વરસાવ્યા કરજો. કૃપાસિંધુ ! કૃપાની વર્ષાથી અમને સદા'ય ભીંજવ્યા કરજો. અમારા સારથિ અને સુકાની પરોક્ષ રીતે પણ રહીને અમને માર્ગ આપજ સૂઝાડયા કરજો. અમારૂં રક્ષણ આપ જ કરજો. સાધનામાં સહાય આપ જ કરજો. આપની કરૂણાથી એવી જ નિર્મળ આરાધના કરી આપની વધુ ને વધુ કૃપા પામતા રહીશું.

કોણ કહે છે આપ ગયા ? આપે દીધેલો કર્મસાહિત્યનો વિરાટ ખજાનો એ આપજ છો. આ આપેલ બહુમૂલ્ય શ્રમણ-રત્નોનો વિપુલ વારસો એ આપજ છો. આપે સર્જેલો આત્મ-સાધનાનો ઉજજવલ ઇતિહાસ એ આપ જ છો. આપે આપેલો ઉચ્ચગુણોનો ઉત્તમ આદર્શ એટલે આપ જ છો. આપે પૂરેલી ચેતનાથી જીવતો સંઘનો ઉત્સાહ એટલે આપ જ છો. આપે પૂરૂ પાડેલું ગુણગણની ગરિમાનું વિરલ દૃષ્ટાંત એટલે આપજ છો.

આપના ઉપકારોને વાગોળ્યા કરશું.
આપના ગુણોને ગાયા કરશું.
આપના વચનોને આરાધ્યા કરશું.
આપના આત્માને નમ્યા કરશું.
આપના નામને જપ્યા કરશું."

મુનિઓના કરુણવિલાપનું તાદશ ચિત્ર આઠમી ઢાળમાં ખડું કરી દીધા પછી સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીના પાર્થિવ દેહની અંતિમ વિધિનો આખરી અધિકાર અંતિમ ઢાળમાં વર્ણવી કવિવરશ્રી કળશની રચના કરે છે.

## * ઢાળ નવમી *

### —દુહા—

ઈત્યાદિક વિલપન બહુ કરી તુજ ગુણના જાણ
ગુણ પક્ષપાતે કરી કરે નિજ કર્મની હાણ—૧

તુજ વિરહાલંબન ગ્રહી ભવિ કરે ધર્મ વિધાન
લેશથી તે અબ વર્ણવું સુણજો થઇ સાવધાન—૨

(રાગ-નવો વેશ રચે તિણિ વેળા, વિચરે આદીશ્વર ભોળા)

હવે અવસર જાણી તામ તુજ શિષ્ય વડેરા રામ
પરિષ્ઠાપન વિધિ જેહ કરે દેહ તણી તુજ તેહ—૧

શ્રાવક સંઘને દેહ તે દીધો શોક ભક્તિ હૈયે તેને લીધો
સ્થાને સ્થાપી નિશિએ કીધ નમસ્કારાદિ ધૂન વિવિધ—૨

ગામનગર દૂર સુદૂર વાત પ્રસરતાં ઉલટયાં પૂર
સંઘ આવી પડયા તવ પાય રજચરણની શિરે લગાય—૩

હવે ઉચિત જેહ આચાર કરે સંઘ સકલ સુવિચાર
દેહ અંતિમ ક્રિયા કરંતા મન ભકિત ભાવે ભરંતાં—૪

ધરી તનમન અતિ ઉલ્લાસ ધનવ્યય કરે બહુ રાશ
દાનાદિક વિવિધ કરંતા જય જય નંદા એમ ભણંતા—૫

થયો પ્રવચન જય જયકાર કેઇ ધર્મ પામ્યા નિરધાર
એમ તન મન ધન શુભયોગ સાધ્યો અશુભ કરમ વિયોગ-૬

તુજ ગુણાનુમોદન કાજ ગામનગરના જૈન સમાજ
જિન ભક્તિ મહોત્સવ મોટા કરતા જસ ન દીસે જોટા—૭

વ્રત નિયમ કેઇ કરંતાં તુજ ભક્તિ ચિત્ત ધરંતા
ગુરુ મંદિર કેઈ કરાવે તુજ મૂરતિ તિંહા પધરાવે—૮

બહુ ભવ્યજીવો તિહાં આવે તુજ દર્શન ધ્યાન લગાવે
નામ મન્ત્ર જપે ગુરુ તુજ, યાચે ગુણ ગણ હોજો મુજ—૯

ઇમ વિરહે પણ જે થાવે, તુજ અદ્દભુત માહાત્મ્ય જણાવે
એમ ગાઈ જગત ગુણગાન, પામે સુખ સદાય અમાન-૧૦

□ કળશ □

સેવી ગુરુપદ વર્ષ ષોડશ કૃપાભર તસ પાઇને,
કર્મસાહિત્ય નૂતન હેતુ પિંડવાડા ઠાઇને
દોય સહસ પચવીસ વિક્રમાબ્દે રાધમાસે[1] નિર્મલો,
કૃષ્ણ એકાદશીએ ગાયો પ્રેમસૂરિ ગુરુ જગ ભલો ૧

તસશિષ્ય ભાનુવિજય ગુરુપદ પંકજે જે મધુકરો
પંન્યાસ પ્રવરો નિપુણ ન્યાયે શિષ્ય તસ ગુણ આકરો
પંન્યાસ પદ્મવિજય સ્વર્ગત સાધુશિક્ષણકુશલો
તસશિષ્ય ગુરૂ પદ પદ્મ અલિસમ જગચ્ચન્દ્ર મુનિપદ ધરો ૨

---

૧ વૈશાખ માસ

## 卐 વિવેચન 卐

ગુરુ વિરહની વ્યથાથી નંખાઈ ગયેલા મુનિવરોએ કારમો વિલાપ કર્યો પણ એ વ્યથા મોહમૂલક નહોતી. સ્વાર્થ, મોહ કે રાગના કાદવ છાંટણાં એ કરુણ વિલાપોને લાગ્યા નહોતા. કારણ કે ગુણવંતા ગુરુદેવના અનુપમ ગુણોનો નર્યો પક્ષપાત એ વિલાપમાંથી ધ્વનિત થતો હતો. તારક ગુરુદેવશ્રી પ્રત્યેનો પરમ ભક્તિભાવ તે વિલાપમાંથી વ્યક્ત થતો હતો. તેથી આ વ્યથા અને વિલાપથી પણ મુનિવરોએ કોણ જાણે કેટલાં'ય કઠિન કર્મોનો કચ્ચરઘાણ બોલાવી દીધો હશે ?

સ્વ. ગુરુદેવશ્રીના જ્યેષ્ઠ શિષ્ય પૂ. આ દેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પરિષ્ઠાપનની વિધિ કરી મૃતદેહને વોસીરાવીને શ્રાવક સંઘને સોંપ્યો. જૈનશાળાના વ્યાખ્યાન હોલમાં પૂજ્યપાદશ્રીના મૃતદેહને પધરાવવામાં આવ્યો. મૃતદેહની સમક્ષ નમસ્કાર મહામંત્રની ધૂન તથા ભક્તિગીતોની રમઝટ બોલાવવામાં આવી. ગામના ખૂણેખૂણેથી અડધી રાત્રે લોકોના ટોળે ટોળા જૈન શાળા પાસે ઉમટવા લાગ્યા. અશ્રુપૂર્ણ લોચનોથી સહુ પૂજ્યપાદશ્રીના મૃતદેહને નીરખી રહ્યા. વર્ષોના વર્ષો સુધી જે દેહદ્વારા પૂજ્યપાદશ્રીએ અણમોલ સાધના કરી તે પવિત્રતમ દેહના દર્શન કરી સહુ કૃતાર્થ બનવા લાગ્યા. એકીટસે સહુ નિર્મળ દેહને નીરખી રહ્યા. દર્શનાર્થીઓની આંખમાં જાણે મૃગજળ જેવી આશા ચીતરાયેલી હતી.

" હમણાં મુખમાંથી ગુરુદેવ વાત્સલ્યમયબોધના બે વચનો કહેશે કદાચ ! હમણાં એ નિર્મળ આંખોમાંથી કૃપામય દ્રષ્ટિ આપણી ઉપર પડશે કદાચ ! નિશ્ચેતન પડેલો પેલો હાથ વાત્સલ્યથી હમણા આપણા માથા પર ફરવા માંડશે કદાચ !"

પણ...એ આશા હવે વ્યર્થ હતી. વાસ્તવિકતાનો સ્વીકાર કરવાનો જ હતો. તેથી સહુના હૃદય ભરાઈ ઉઠેલા.

પછી તો પૂજ્યપાદશ્રીના કાળધર્મના સમાચાર ટેલીફોન આદિ માધ્યમો દ્વારા ગામોગામ પહોંચવા લાગ્યા. સકલ સંઘના ક્ષેમ-કુશળની ધરી સમા આ આ શાસન શિરતાજ સૂરિદેવના કાળ-ધર્મના સમાચારથી ગામોગામના સંઘોએ વજ્રાઘાત સમો આંચકો અનુભવ્યો.

દૂર દૂરના ગામ અને શહેરોમાંથી રાતોરાત વાહનો પકડીને ભક્તજનોએ ખંભાતની દિશા પકડી. સવાર પડતા તો ટોળે ટોળા ઉભરાવા લાગ્યા. પૂજ્યપાદશ્રીના મૃતદેહના દર્શન કરી સહુ પાવન થવા લાગ્યા. પૂજ્યપાદશ્રીનો ચરણ સ્પર્શ કરી સહુ પોતાની જાતને ધન્ય બનાવી રહ્યા.

સ્વર્ગસ્થ પૂજ્યપાદશ્રીની ભવ્યતમ સ્મશાનયાત્રાની જોરદાર તૈયારીઓ ચાલુ થઇ ગઇ. અંતિમવિધિ માટેની ઉછામણીઓ બોલાવાની શરૂ થઇ. જે દેહના અણુએ અણુમાં સાધનાની પ્રક્રિયાની ઉચ્ચકોટિની પવિત્રતા પ્રગટેલી છે અને જે દેહના થીજેલા લોહીના બુંદ બુંદમાંથી સાધનાની પવિત્ર પ્રક્રિયાઓનો સંચાર થયો હતો તે દેહની અંતિમ વિધિનો લાભ લેવાનો હતો. તે લાભની આગળ પૈસાની મહત્તા કોણ આંકે? મન મૂકીને સહુ બોલવા લાગ્યા. મોટી રકમની ઉછામણીઓ થઇ. મનોહર પાલખી તૈયાર થઈ. પાલખીમાં મૃતદેહને પધરાવવામાં આવ્યો. દર્શનાર્થીઓનો મોટો જુવાળ ઉપડયો હતો. જૈનશાળાની ચારેકોર મોટો મહેરામણ ઉભરાયો હતો.

જયજયનંદા જયજયભદ્દાના પોકારોથી વાતાવરણ ગૂંજી ઉઠયું. ગુલાલના ગોટાઓથી દશે દિશાઓ ભરાઇ ગઇ. સહુશ્રમણોએ

રૂદન કરી કરીને સૂજી ગયેલી અશ્રુ પૂર્ણ આંખોથી અંતિમ દેહના દર્શન કરી લીધા. હજારો ભાવુકોની સાથે દેવવિમાન સદૃશ શોભતી પાલખીથી યુક્ત ભવ્ય સ્મશાન યાત્રાનો પ્રારંભ થયો. ગાંડાતુર બનીને ભકતજનો નાચવા લાગ્યા. ગીતો અને ધૂનોની રમઝટ જમાવતા ચાલ્યા અને અનુકંપા દાનની વર્ષા કરતા ચાલ્યા. ગલીએ ગલીએ જૈનેતરોના ટોળા એકત્ર થયા હતા. મહાપુરુષના પુણ્ય-દેહને નીરખીને કૃતાર્થતા અનુભવી રહયા. આ સ્મશાન યાત્રાના દર્શને પણ કેંક જીવોના અંતરમાં અધ્યાત્મનો પ્રકાશ રેડયો, જૈન શાસનનો જયજયકાર થયો. ગુણગિરીશ ગુરુદેવની ગુણગાથા ગાઇ સુણીને સહુ કોઇ મુખ અને કાન સફળ કરી રહ્યા. કલાકો સુધી ખંભાતના રાજમાર્ગો પર ફેરવી પૂજ્યપાદશ્રીની આ ભવ્ય અંતિમ યાત્રા પૂરી થતા પૂર્વે નિશ્ચિત સ્થળે અંતિમ-વિધિ થયો.

ઠેર ઠેરથી સંઘો તરફથી, પૂજ્યો તરફથી અને ભાવુકો તરફથી શોકની લાગણી પ્રદર્શિત કરતા તાર, ટેલીફોન અને ટપાલ આવવા લાગ્યા. ઠેર ઠેર ગુણાનુવાદની સભાઓના આયોજન થયા. હાર્દિક રીતે સહુકોઇએ શ્રદ્ધાંજલીઓ આપી.

પૂજ્યપાદશ્રીના ગુણગણથી ભરેલા અનુપમ જીવનની અનુ-મોદનાર્થે ખંભાતમાં અને ઠેર ઠેર ભકિત મહોત્સવના આયો-જન થયા.

ખંભાતમાં પૂજ્યપાદશ્રીની અંતિમવિધિ થઈ તે સ્થાને સમાધિ મંદિરનું નિર્માણ થયું. તેજ રીતે બીજા પણ અનેક ગામો અને શહેરમાં ગુરુમંદિરના નિર્માણ થયા. પૂજ્યપાદશ્રીની મૂર્તિનું ભાવસહિત પૂજન અર્ચન કરીને આજે પણ ભાવુકો અધ્યાત્મનો પ્રકાશ પામે છે.

પૂજ્યપાદશ્રીનું નામ પણ એક મહામંત્ર છે. એ નામ-મંત્રના પ્રભાવે અનાદિના કુટીલસંસ્કારો પણ વિલય પામે છે. મોહના કાતિલ ઝેર પણ ઉતરી જાય છે. વિષયની કારમી લગન પણ મોળી પડે છે અને અમૂલ્ય ગુણ સંપત્તિ પ્રાપ્ત થાય છે. કવિ પણ આ રાસ દ્વારા પૂજ્યાપાદશ્રીના ઉત્તમ ગુણોનું કીર્તન કરીને ગુણ ગણની યાચના કરે છે. રાસકર્તા પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજે સોળસોળ વર્ષ સુધી પૂ. સૂરિદેવના સાંનિધ્યનું સૌભાગ્ય મેળવ્યું છે. પૂજ્યપાદશ્રીના વર્ષ સુધી પડખા સેવીને કૃપાઅમૃતના પાન કર્યા છે.

પૂજ્યપાદશ્રીના દેહવિલય બાદ પૂજ્ય મુનિરાજશ્રી નૂતન કર્મ સાહિત્યના સર્જનના શેષ કામ માટે પિંડવાડા પધાર્યા. તે સ્વ. પૂજ્યપાદશ્રીની જન્મભૂમિ પિંડવાડામાં વિ. સં. ૨૦૨૫ ના વૈશાખ વદ ૧૧ ના દિને આ ગુરૂગુણઅમૃતવેલી નામના રાસની તેઓ-શ્રીએ રચના કરી છે.

સિધ્ધાન્ત મહાદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમાદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના અનન્ય કૃપાપાત્ર અને અનન્ય ગુરૂ-ભકત ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પૂજ્ય પંન્યાસશ્રી ભાનુ-વિજયજી ગણિવર (હાલ. પૂ. આ. દેવશ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી) વિશાળ શ્રમણ સમુદાયના ગચ્છનાયક છે. અપ્રમત સંયમયોગી આ પૂજ્યશ્રીનો જીવન વૈભવ પણ નિહાળવા જેવો છે. દિવસ ભર અપ્રમત્તપણે સંયમયોગોમાં વ્યસ્ત રહે છે. રાત્રે પણ અલ્પ નિદ્રાથી સંતોષ માની શેષરાત્રિ જ્ઞાન ધ્યાનમાં વીતાવે છે. ચંદ્રના ઝાંખા પ્રકાશમાં પણ અંતરમાં ઉદ્‌ભવેલું અદ્‌ભુત ચિંતન ભવ્ય-જીવોના ઉપકાર અર્થે આલેખે છે. વર્ધમાનતપની ૧૦૮ ઓળીની આરાધના કરનાર તેઓશ્રી ઉગ્ર તપસ્વી છે. જીવનની એક પણ

પળ, વાણીનો એક પણ શબ્દ, શરીરના લોહીનું એક પણ બુંદ નિરર્થક ન વેડફાઇ જાય તે માટે સાવધાન બની સતત સાધનારત રહે છે. સકલ સંઘના તેઓશ્રી મહાન હિતચિંતક છે. સંઘરક્ષા અને સંઘની એકતા માટે તેઓશ્રી સદા'ય પ્રયત્નશીલ રહે છે. શ્રમણોના જીવનઘડતર માટે તેઓશ્રી શાસનની અનેક જવાબદારીઓ વચ્ચે પણ ખૂબ કાળજી કરે છે. સ્વપર દર્શનનો તેઓશ્રીને ઊંડો અભ્યાસ છે. અનેક મહાન ગુણ રત્નોના ભંડાર તેઓશ્રી છે. જૈન શિક્ષણ શિબિર દ્વારા સેંકડો યુવાનોના જીવનમાં તેઓશ્રીએ અધ્યાત્મનો પ્રકાશ પાથર્યો છે. દિવ્ય દર્શન સાપ્તાહિક દ્વારા તેઓશ્રીના ચિંતનો આજે પણ પ્રસિદ્ધ થાય છે.

આ સંઘધોરી પૂજ્યશ્રીના સંસારી લઘુબંધુ અને જયેષ્ઠ શિષ્યરત્ન સ્વ. પૂ. પંન્યાસ પ્રવરશ્રી પદ્મવિજયજીગણિવર એક અવ્વલ કોટિના સંયમ સાધક હતા. જિનેશ્વર દેવના પરમ ભક્ત હતા. ગુરુવચનના પરમ ઉપાસક હતા અને સાધુ ભક્તિના વ્યાસંગી હતા. શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરી પ્રચંડ જ્ઞાન ગરિમા પામેલા પરિણતિપૂર્ણ જ્ઞાની હતા. વળી અધ્યાપન કળામાં પણ કુશળ હતા. શ્રમણોના જીવન ઘડતરનું અદ્ભુત કૌશલ્ય ધરાવતા હતા. તેમજ ઉગ્ર તપસ્વી હતા અને મહાસહિષ્ણુ હતા. કેન્સરના અસાધ્ય વ્યાધિને પ્રસન્નતાથી સહનારા સમતાસાગર હતા. તે સ્વ. પૂજ્યશ્રીના વિનિત વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્ર વિજયજીએ (હાલ પૂ. આ. દેવશ્રી જગચ્ચંદ્રસૂરિજી) અપાર ઉપકારોની કૃતજ્ઞતા રૂપે અને ગુરૂભક્તિના પ્રતિક રૂપે આ મનોહર રાસની રચના કરી છે.

આ મનોહર કાવ્ય કૃતિ યુગોના યુગો સુધી જીવતી રહે અને ભાવિ પેઢીઓને ઇતિહાસ પથ પર થયેલા એક વિરલવિભૂ-

તિના ઉચ્ચ જીવનની ઉચ્ચતમ ઉન્નતિનો પુનિત પરિચય કરાવતી રહે તેજ અંતરની અભ્યર્થના.

આ રાસ વિવેચનમાં અલ્પોકિત આદિ દોષોથી સ્વ. પૂજ્યપાદ ગુણનિધિ ગુરુદેવની અનાભોગથી પણ કાંઈ આશાતના થઇ ગઈ હોય, અજ્ઞાનવશ અપૂર્ણ કે ગલત હકિકતોનું આલેખન થઈ ગયું હોય તો અંતઃકરણથી ક્ષમા પ્રાર્થું છું.

# બેંગ્લોર મુકામે

દ્વિતીય જેઠ સુદ ૧૦ ના મંગળ દિને આચાર્યપદે
આરુઢ થનાર વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી
મહારાજાના શિષ્યરત્ન સમતાસાગર પૂજ્ય પંન્યાસજી
શ્રી પદ્મવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન
સંયમૈકલક્ષી પૂજ્ય પંન્યાસજી

## શ્રી જગચ્ચંદ્રજીવિજયજી ગણિવરશ્રીની

# જીવનરેખા

# ગુરુકૃપાનું મંગલ મંદિર

## બહુરત્ના વસુંધરા :

પ્રત્યેક વ્યક્તિ જ્યારે જન્મે છે ત્યારે બાળક જ હોય છે. પણ પૂર્વજન્મોમાં ઉભી કરેલી યોગ્યતાના આધારે તથા વર્તમાન જન્મની પ્રચંડ સાધનાના આધારે કોઈક વ્યક્તિ 'મહાન' વિશેષણને યોગ્ય બને છે. વ્યકિતની ઉત્તમતામાં કુટુંબના સંસ્કારો અને કોઈ પુણ્યપુરુષોના પ્રભાવનો ઉમેરો થતાં તે વ્યક્તિ મહાનતાને વરે છે. કાળે કાળે અને ક્રમે ક્રમે વિશિષ્ટ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓના અવતરણ થતાં જ રહે છે. શિષ્ટ સમાજ તેવી વ્યક્તિઓની મહાનતાને બિરદાવે છે. અધિકૃત ઉત્તમ વ્યક્તિઓ તેવી પાત્ર વ્યક્તિઓને યોગ્ય પદથી અલંકૃત કરી સન્માને છે.

## એક કુશળ જીવન શિલ્પી :

કલિકાળના કલ્પતરુ સમા સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સુવિહિત શ્રમણોનું સર્જન કરવાનો જાણે ભેખ લીધો હતો. કુશળ ઝવેરી સમા એ મહાપુરુષ રત્નતુલ્ય વ્યક્તિએની ઉત્તમતાને એક જ નજરમાં પારખી લેતા. તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પ્રવચનગારૂડી પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી વિરાગ નીતરતી દેશના વહેતી મૂકતા અને આ મહાપુરુષોની અપાર કરૂણાથી કૈંક યુવાનો મોહામણો સંસાર રચવાના મધુર અરમાનોને ફગાવીને વિરાગમગ્ન બનતા. આ રીતે સંસારના સઘળા સંગોને ત્યજીને કૈંક યુવાનો નિઃસંગી બન્યા. આ પૂજ્યોએ ઘડેલા અનેક મનોહર જીવન શિલ્પો આજે પણ સહુનાં ચિત્તનું હરણ કરે છે.

આ પૂજ્યોની કૃપાથી છેલ્લા ૩૬ વર્ષથી સુવિશુદ્ધ સંયમની સુંદર આરાધના કરી રહેલા સ્વ. પૂ. સમતાસાગર પંન્યાસ પ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. પંન્યાસ પ્રવર શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવર પણ એક આદર્શ મહાત્મા છે. તેઓશ્રીની વિશિષ્ટ યોગ્યતા પેખી વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ જૈન શાસનના ગૌરવવંત સૂરિપદથી તેઓશ્રીને અલંકૃત કરવાનો શુભ નિર્ધાર કર્યો છે. ચાલો ! સૂરિપદના પ્રાંગણમાં આવી ઉભેલા આ પંન્યાસજી ભગવંતના મનોહર ગુણ પુષ્પોથી ભરેલા જીવન ઉદ્યાનને ભક્તિ સભર નજરે નિહાળીને કૃતાર્થ બનીએ.

## શૈશવના પ્રાંગણમાં :

ઉત્તર ગુજરાતના કરબટીયા (વડનગર) ગામે શ્રાદ્ધવર્ય શ્રી કેશવલાલ માનચંદના ધર્મપત્ની ચંદનબેનની કૂખે સં. ૧૯૮૫ ના પોષ વદ અમાસના દિવસે તેજસ્વી બાળકનો જન્મ થયો. જયંતિલાલ તેનું નામ પાડ્યું. ઉત્તમ ધાર્મિક સંસ્કારોથી ઝળહળતા આ કુટુંબમાં જયંતિલાલનું સુંદર સાંસ્કારિક ઘડતર થયું. માતા-પિતાની ધાર્મિકતા અને પ્રતિષ્ઠા ગામમા સુખ્યાત હતી. આ કુટુંબને સહુ ગ્રામજનો અત્યંત આદરથી જોતા.

બાલ્યવયથી જ જયંતિને ધાર્મિક શિક્ષણ અને ધર્મઅનુષ્ઠાનોનો અત્યંત રસ હતો. શૈશવના પ્રાંગણમાં રમતા રમતા જ તેણે પાંચ પ્રતિક્રમણના સૂત્રો, અતિચાર, જીવવિચાર, નવતત્ત્વ આદિ અનેક સૂત્રો કંઠસ્થ કરી લીધા. જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ત્યાગ, આદિ કુટુંબ પ્રદત્ત સંસ્કારો તેના જીવનમાં સહજ વણાઇ ગયા હતા. સામાયિક પૌષધ આદિ અનુષ્ઠાનો કરતા બાળ જયંતિલાલ અનેકવાર ઉલ્લસિત બનતો.

પિતાશ્રી કરબટીયાથી અમદાવાદ આવીને વસ્યા. તેથી ધર્મ ભાવનાને વધુ પ્રોત્સાહન મળ્યું. ધર્મજિજ્ઞાસુ જયંતિલાલ ધાર્મિક અભ્યાસ કરવા અમદાવાદની ત્રણ પાઠશાળાઓમાં રોજ જવા લાગ્યો. ઘરના કોઈ સ્વજન બહારગામ જઈને આવે તો બાળક મીઠાઈ કે રમકડાની પ્રતીક્ષા કરે, પણ આ બાળક તો સાવ નોંખો હતો. એ તો બહારગામથી પૂજાની જોડ કે ચરવળો કે કટાસણું આવવાની રાહ જોતો હોય ! વ્યકિતની ઉત્તમતા શૈશવની બાળચેષ્ટાઓ વચ્ચે છૂપી રહેતી નથી.

## તપનો પ્રભાવ :

બાલવયમાંથી જ તપ ત્યાગનો રસ ખૂબ કેળવાયો. ૧૨ વર્ષના બાળ જયંતિલાલને હાથ પર એક મસો થયો. ઘણા ઉપચાર છતા તે મટયો નહિ. શ્રદ્ધાળુ મોટા બહેને ઉપાય સૂચવ્યો. "નવપદ આયંબીલની આરાધનાથી મહારાજા શ્રીપાલનો કોઢ રોગ મટેલો, તો તારો આ નાનો મસો તો શી વિસાતમાં ? નવપદજીની ઓળી કર તો મટી જશે."

બ્હેનના વચનથી દિલમાં શ્રદ્ધાનો દીપ ઝળહળ્યો અને, "ઓળીમાં ઓછામાં ઓછા ત્રણ આયંબીલ તો કરવા જ" તેવો સંકલ્પ કર્યો. આ પવિત્ર સંકલ્પના પ્રભાવે જ તે રોગ શીઘ્ર દૂર થવાનો ચમત્કાર સર્જાયો. તે ઓળીના ત્રણ આયંબીલ કરી તપનો અભ્યાસ શરૂ કર્યો, પછી

તો નવપદજીની ઓળીઓ એક ધાન્યથી અને એક દ્રવ્યથી પણ કરવાની રઢ લાગી.

## સાદગીપૂર્ણ બાલ્યપણ :

એક વિરાગી આત્મા તરીકેનું તેઓશ્રીનું ઉમદા વ્યક્તિત્વ બાલ્યવયથી દેખાતું હતું. બાળક જયંતિલાલની ભોજનની વૃત્તિ જુઓ તો'ય તેમાં એક વિરાગી આત્માના દર્શન થતા, તેના પહેરવેશ આદિની પસંદગી તરફ દ્રષ્ટિ કરો તો'ય એક વિરાગી આત્માના દર્શન થાય, તેની વાણીમાંથી નિતરતો વિનય અને સભ્યતા પણ એક આત્માની ઉત્તમતાની સાક્ષી પૂરતા. રમતગમતની બાળસહજ આતુરતાની પણ આ બાળકમાં ન્યૂનતા દેખાતી.

## બુદ્ધિની તેજસ્વીતા :

જયંતિલાલની તેજસ્વી બુદ્ધિમત્તા શાળાની પરીક્ષાના પરિણામોમાં પ્રતિબિંબિત થવા લાગી. અમદાવાદની મનસુખભાઈની શાળામાં આઠમા ધોરણ સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યો. તેજસ્વીબુદ્ધિમત્તાથી ગણિતના કઠિન કોયડાઓ કે વિજ્ઞાનની સૂક્ષ્મ વાતો તેમને તરત સમજાઈ જતી. શાળામાં ચાલેલો પાઠ ઉપસ્થિત કરીને ધારાબદ્ધ સંભળાવી દેતા. તેની આ તેજસ્વીતાથી શિક્ષકો પણ અંજાઇ જતા.

૨૦૦–૩૦૦ પાનાની કથાની ચોપડી વાંચી લીધા પછી તુરત સળંગ અને સંપૂર્ણ તે સંભળાવી શકતા આવી. અદ્‌ભુત સ્મરણ શક્તિ અને બુદ્ધિની તેજસ્વીતાને કારણે શાળામાં તેમનો પ્રથમ નંબર જ રહેતો હતો.

## મોહમયીમાં આગમન :

૧૮ વર્ષની ઉંમરે વ્યવસાયાર્થે મુંબઈની ધરતીપર પગ મૂકયો. પાંચ વર્ષ સુધી વ્યવસાય આદિમાં વ્યસ્ત રહ્યા પણ મોહમયીના મોહ નાટકો તેમના દિલમાં મોહના ઉન્માદ જગાડી શકયા નહિ, બાહ્ય વિલાસી વાતાવરણ વચ્ચે પણ તેમની ધર્મભાવના વૃદ્ધિ જ પામતી રહી. મુનિ મહાત્માઓના સત્સંગનો સુંદર શોખ તેમણે કેળવ્યો. એક સહકારી જૈન ભોજન કલબના તે હોદ્દેદાર હતા. અન્ય સભ્યોનો કલબમાં અભક્ષ્ય ભોજન શરૂ કરવાનો અત્યંત આગ્રહ થવા છતાં પ્રબળ વિરોધ દાખવી તેમ ન થવા દીધુ. જિનાજ્ઞાની દ્દઢ વફાદારી અને સત્ત્વશીલતા પ્રારંભથી જ હતા.

## વિરાગનું ગાન :

પાયધુની પરના શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં પૂજ્ય આચાર્યદેવશ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં ઉપધાન તપની આરાધના કરી. દિવસો સુધી વિરતિનો આસ્વાદ ચાખીને અંતરમાં વિરતિની પ્રીતિ ખૂબ વિકસાવી. અંતરમાં વૈરાગ્યનું બીજ પડેલું જ હતું અને અનુકૂળ સંયોગો પ્રાપ્ત થઈ ગયા. સિદ્ધાન્ત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો પરમતારક પરિચય થયો. લાલબાગમાં તેઓશ્રીની વાત્સલ્યસુધાના વહેણમાં સ્નાન કરતા તેમના દિલમાં અપૂર્વ જોમ પ્રગટયું. ન્યાયવિશારદ પૂજ્ય મુનિરાજ શ્રી ભાનુવિજયજી મ. સા. ની વૈરાગ્ય નીતરતી વાણીની વર્ષાએ વૈરાગ્યના બીજને અંકુરિત કર્યું. ક્રમશઃ તે બીજ પલ્લવિત પુષ્પિત અને ફલિત થયું.

## કુટુંબના વિઘ્નો :

પરમપાવની પ્રવજ્યા અંગીકાર કરવાના મનોરથો અંતરમાં ઉભરાવા લાગ્યા. સર્વ સંગથી મુક્ત બની વિરાગી બનવાના કોડ અંતરમાં ઊઠયા અને પ્રબળ બન્યા. હવે સંસારવાસની ક્ષણક્ષણ અકારી લાગવા માંડી. સંયમની ભાવના કુટુંબીજનો સમક્ષ પ્રદર્શિત કરી. પણ મોહવશ સ્વજનો એમ તુરત હા કયાંથી ભણે ? દીક્ષા માટે તેમને કુટુંબીજનો તરફથી સખત પ્રતિષેધ થયો. તેની ભાવના ઉગ્ર બનતી ચાલી તેમ કુટુંબીજનોના વિઘ્નો પણ ઉગ્ર બન્યા. તેનું સગપણ કરી દેવા માટે કુટુંબીજનોના પ્રયત્નો ચાલુ થઇ ગયા. પણ આ જાગ્રત આત્મા મોહના જાળામાં એમ ફસાય ખરો ?

## મોહરાજા અપંગ બન્યો :

પરમારાધ્યપાદ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પાવન સાનિધ્યમાં દ્વિતીય ઉપધાન તપની મંગલ આરાધના કરી પૂજ્યોની અસીમકૃપા ઘૃતના પૂરણથી વૈરાગ્યની જ્યોત વધુ પ્રજ્વલિત બની અને આત્મામાં અપૂર્વ સત્વ વિકસ્યુ. ઉંબરે આવી ઉભેલા આ તેજસ્વી જયંતીલાલે આજીવન ચતુર્થવ્રતનો સ્વીકાર કરી મોહરાજાને અપંગ બનાવી દીધો.

## એકાસણાની પ્રીતિ :

પ્રથમ ઉપધાન કર્યા ત્યારથી જ ગૃહસ્થ જીવનમાં પણ મોટે ભાગે એકાસણા જ કરતા. ગૃહસ્થ જીવનથી જ બાંધેલી એકાસણાની પ્રીતિ આજ દીન લગી જાળવી રાખી છે.

## તારક તીર્થોની યાત્રા અને ભીષ્મ સંકલ્પ :

પૂજ્યપાદશ્રીના ઉપદેશથી વિરક્ત બનીને કૈંક યુવાનો સંયમ-પ્રાપ્તિની અભિલાષા સેવવા લાગ્યા હતા. રાગ વિલાસના ઘેનમાં ચકચૂર બનીને યૌવનને ચીમળી નાંખવાને બદલે યૌવનના આંગણામાં સાધનાના સ્વસ્તિક પૂરવા તેઓ સજ્જ બન્યા.

યુવાન મુમુક્ષુઓ પૂજ્યોની પાસે રહીને સંયમની તાલિમ લેવા લાગ્યા. સ્વાધ્યાય, વિનય, તપ આદિ યોગોમા રક્ત રહીને આ યુવાનો સંયમની તાલિમ પામ્યા.

આ મુમુક્ષુ મંડળ બિહાર-બંગાળની તારક કલ્યાણક ભૂમિઓની યાત્રા માટે નીકળ્યું. જયંતિલાલ પણ આ મુમુક્ષુઓની મંડળીમાં જોડાયા. તારક તીર્થોની સ્પર્શના કરતા તેના અંતરમાં ઊર્મિઓના પૂર ઉમટયા. રાજગૃહીના ડુંગરા પર ધન્ના શાલિભદ્રની દેરી પાસે અંતરની ઊર્મિઓ બેકાબુ બનતા ભાવવિભોર બનીને જયંતિલાલ તે જ ચાલુ વર્ષમાં પોતાની દીક્ષા ન થાય તો આયંબીલ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો અને યાત્રા પૂર્ણ કરીને મુંબઈ પાછા ફર્યા.

આ ભીષ્મ સંકલ્પ જણાવવા છતાં કુટુંબીજનો તરફથી વિઘ્નો યથાવત્ ચાલુ રહ્યા. પોતાની સાથેના અન્ય મુમુક્ષુઓની તો તે સંવત ૨૦૦૮ ની જેઠ સુદ ૫ ના દિક્ષાઓ થઈ ગઈ. જયંતિલાલનું અંતર રડી રહ્યું. પણ તે પોતાના સંકલ્પમાં દ્રઢ હતા. અષાડ સુદ ૧૪ સુધી જ પ્રતીક્ષા કરવાની હતી. ત્યાં સુધીમાં દીક્ષા ન જ લઈ શકાય તો આયંબીલ પર ચડી જવાનો દ્રઢ નિરધાર હતો. તેમની આ દ્રઢ ટેકથી સ્વજનોના મોહપાશ શિથિલ બન્યા અને મનને મારીને પણ દીક્ષા માટે જયંતિલાલને કુટુંબીજનોએ આશીર્વાદ પૂર્વક અનુમતિ આપી.

## ધન્ય પળનું આગમન :

અને એ ધન્ય પળ આવી ગઈ. સં. ૨૦૦૮ના અષાડ સુદ ૧૪ના દિવસે વાત્સલ્ય મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ મુમુક્ષુ જયંતિલાલના હાથોમાં તરણ-તારણ રજોહરણ રમતું મૂકયું. વર્ષોની ઝંખના સફળ થઈ. જાણે ચૌદ રાજલોકના સામ્રાજયનો મહાતાજ આવી ગયો હોય તેમ જયંતિલાલ હર્ષવિભોર બનીને નાચી ઉઠયો. પૂજ્ય મુનિરાજ શ્રી ભાનુવિજયજીના શિષ્યરત્ન સમાતામગ્ન પૂજ્ય મુનિરાજ શ્રી પદ્મવિજયજીના શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી તરીકે તેમને ઘોષિત કરવામાં આવ્યા.

## અંતમુખતાના ઓરડામાં :

નૂતન મુનિરાજ શ્રી જગચ્ચંદ્રવિજયજી દીક્ષા બાદ અંતમુખતાના ઓરડામાં પૂરાઈ ગયા. બહિર્મુખતાને દૂર કરીને આત્મ સાધનામાં અત્યંત મગ્ન બન્યા. વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, તપ આદિ સંયમયોગોમાં તે મસ્ત બની ગયા. શ્રમણજીવનમાં વિષ રેડનારા ગૃહસ્થસંસર્ગથી તેઓ સતત પરાઙ્મુખ રહેવા લાગ્યા. પરપ્રવૃત્તિમાં બધિરાન્ધમૂક બનીને આત્મપ્રવૃત્તિમાં અત્યંત જાગૃત બન્યા. પૂજ્ય ગુરુવર્યો પ્રત્યે અત્યંત ભક્તિ, વિનય અને બહુમાન દાખવી સંયમ સાધનામાં તેઓ પ્રગતિ સાધવા લાગ્યા. પૂજ્યોની અસીમકૃપા તેમના પર ઉતરવા લાગી.

## સ્વાધ્યાયઃ પરમો ધર્મઃ

પૂજ્ય મુનિરાજશ્રીની સ્મરણશક્તિ પણ અદ્ભુત હતી. ૪ પ્રકરણ, ત્રણ ભાષ્ય, ૫ કર્મગ્રન્થ, શ્રી તત્વાર્થ સૂત્ર, વીતરાગસ્તોત્ર, યોગશાસ્ત્ર, શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ઇન્દ્રિય પરાજય શતક, ધર્મરત્ન પ્રકરણ, તર્કસંગ્રહ, બૃહદ્ સંગ્રહણી, સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, સિદ્ધહેમ વ્યાકરણના ચૂંટેલા સૂત્રો, યતિજિતકલ્પ આદિ અનેક શાસ્ત્રો અને પ્રકરણો કંઠસ્થ કરી લીધા છે. શિયાળાની ઠંડી રાત્રીમાં મોડે સુધી આ સૂત્રોનું પારાયણ કરતા તેઓ અત્યંત ઉષ્માનો અનુભવ કરે છે.

શ્રમણ જીવનના પ્રારંભમાં સંસ્કૃત, પ્રાકૃત, કાવ્યો, વ્યાકરણ આદિનો પ્રાથમિક અભ્યાસ પોતાના ગુરૂદેવશ્રી પદ્મવિજયજી મહારાજાએ કરાવ્યો.

પૂજ્ય દાદા ગુરૂદેવશ્રી ભાનુવિજયજી મહારાજાએ ન્યાયના ગ્રન્થોનું અધ્યયન કરાવ્યું. ન્યાયના ગહન વિષયમાં તેમની તીક્ષ્ણમતિ ખૂબ ઊંડાણ સુધી પહોંચતી. તર્ક અને ઊહાપોહથી ન્યાયની પંક્તિઓના રહસ્યને પામી શકતા. સ્વદર્શન અને પર દર્શનના અનેક ગ્રન્થોનું ઊંડાણથી અધ્યયન કર્યું.

પૂ. પ્રદાદા ગુરૂદેવ કર્મ સાહિત્ય નિષ્ણાત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા પાસે પ્રકરણ ગ્રન્થો, કર્મ ગ્રન્થો તથા અન્ય કર્મ સાહિત્ય, આગમ ગ્રન્થો, છેદસૂત્રો આદિનું અધ્યયન કર્યું. તદુપરાંત અન્ય વિદ્વાન મહાત્માઓ પાસે તેમજ ગુરુદેવોની સમ્મતિથી સ્વયંપણ પૂજ્યપાદશ્રી હરિભદ્રસૂરીશ્વરજીના ગ્રન્થો, પૂજ્યપાદ મહોપાધ્યાયજીના ગ્રન્થો, યોગના ગ્રન્થો, અધ્યાત્મના ગ્રન્થો, ચરિત્રના ગ્રન્થો, વૈરાગ્યના ગ્રન્થો, દાર્શનિક ગ્રન્થો આદિનું વાંચન અને અધ્યયન કર્યું.

## કર્મ સાહિત્ય સર્જન

સિદ્ધાન્ત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ-સૂરીશ્વરજી મહારાજાએ શ્રમણોને અંતર્મુખ કરવા અને સ્વાધ્યાયમગ્ન બનાવવાના તથા ભાવિ પેઢી માટે અમૂલ્ય વારસો આપી જવાના આશયથી વિરાટ નૂતન કર્મ સાહિત્યનું સર્જન કરવાના મનોરથ કર્યા. મેધાવી શ્રમણોની ટુકડીને ઉપલબ્ધ કર્મ સાહિત્યનું અધ્યયન કરાવી નિષ્ણાત બનાવ્યા. પૂ. મુનિરાજશ્રી જયઘોષ વિજયજી, પૂજ્ય મુનિરાજશ્રી ધર્માનંદ વિજયજી, તથા પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી પદાર્થોની સંકલના કરતા. મુનિશ્રી વીરશેખર વિજયજી પ્રાકૃત શ્લોકો રચતા અને બીજા વિદ્વાન સાધુઓ સંસ્કૃત ટીકા રચતા. મુનિશ્રી જગચ્ચંદ્ર વિજયજી પ્રારંભમાં પ્રાકૃતમાં મૂળ ગાથાઓ રચતા પરંતુ પાછળથી ગુરૂ ભગવંતોના સૂચનથી સંસ્કૃત ટીકા રચવા માંડયા. આ સાહિત્ય સર્જનના કાર્યમાં તે અત્યંત મગ્ન બની જતા. કયારે'ક તો સાંજે પાણી ચૂકવવાનું પણ વિસ્મૃત થઈ જતું.

પૂજ્યપાદ સ્વર્ગસ્થ પરમ ગુરૂદેવશ્રીની પ્રેરણાથી કુલ સવા બે લાખ શ્લોક પ્રમાણ નૂતન કર્મ સાહિત્યનું સર્જન થયું. તેમાં સ્થિતિબંધના વિષય પર પૂજ્ય મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજીએ રચેલી ૬૦ હજાર શ્લોક પ્રમાણ ત્રણ દળદાર ગ્રન્થોમાં પ્રગટ થયેલી વિસ્તૃત ટીકા તેમની ગૌરવગાથા બની ગઈ છે.

આ પૂજ્ય વિદ્વાન મુનિરાજશ્રીએ બીજા પણ સ્વોપજ્ઞ ટીકા યુકત પ્રકરણ ગ્રન્થોની રચના કરી છે.

સત્પદાદિ અનુયોગદ્વારોમાંના દ્રવ્ય પ્રમાણાદિ ત્રણ દ્વારો તેમજ ક્ષેત્ર સ્પર્શના પ્રકરણની તેમણે રચના કરી છે.

તાલપત્રીય પ્રતાધારે સટ્ટીપન કર્મપ્રકૃતિ તથા ચૂર્ણિનું પુનઃ સંપાદન તેઓશ્રીએ કર્યું છે.

## અધ્યાપનની કુશળતા :

જેમ અધ્યયનનો રસ અને બુદ્ધિની તીક્ષ્ણતા હતી, તેમ આ મુનિ-રાજશ્રી અધ્યાપન કળામાં પણ અત્યંત કુશળ હતા. તેઓશ્રીએ અનેક તેજસ્વી શ્રમણોને સંસ્કૃત, પ્રાકૃત કાવ્યો, વ્યાકરણ, પ્રકરણો, કર્મગ્રન્થ, કમ્મપયડી, આગમગ્રન્થો, ઓઘનિર્યુક્તિ, પિંડવિશુદ્ધિ, વિશેષાવશ્યકભાષ્ય, આવશ્યક નિર્યુક્તિ, છેદસૂત્રો, અધ્યાત્મ મતપરીક્ષા, ધર્મપરીક્ષા, ઉપદેશ રહસ્ય,

ભાષા રહસ્ય, બત્રીસબત્રીસી, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, યોગવિંશિકા, યોગશતક આદિ અનેક જટીલ ગ્રન્થો ભણાવ્યા છે. મુકતાવલી, વ્યાપ્તિપંચક, સામાન્ય નિરુકિત, દિનકરી, સિદ્ધાન્ત લક્ષણ, સ્યાદ્વાદ મંજરી આદિ ન્યાયના કઠિન ગ્રન્થો પણ તેમણે કુશળતાથી સાધુઓને ભણાવ્યા છે. આમ આ પૂજ્ય મુનિરાજશ્રી ખાસ કરીને નવ્યન્યાયના અધ્યયન અધ્યાપનમાં અગ્રેસર બન્યા. વિદ્વાન મુનિશ્રી જયસુંદરવિજયજી પણ શરૂમાં તેમની પાસે ભણીને તૈયાર થયા છે.

## તપ ત્યાગની સુવાસ

દિક્ષા દિનથી માંડીને આગાઢ માંદગી આદિ અનિવાર્ય કારણો સિવાય તેઓશ્રીના એકાસણા અવિરત ચાલુ છે, વૃતિસંક્ષેપ અને ઉણોદરી પૂર્વકના એકાસણા પ્રત્યેની તેમની નિષ્ઠા ગજબની છે. તેઓશ્રીની આ અદ્દભુત નિષ્ઠાના પ્રભાવે તેમના શિષ્યો આદિ પણ એકાસણાની પ્રીતિવાળા બન્યા છે. તેઓશ્રીના આલંબનથી તેમના સંસારી બનેવી ઘણા વર્ષો સુધી એકાસણા આદિ તપમાં ચુસ્ત રહીને સમાધિ મરણ સાધી ગયા. તેઓશ્રીના સંસારી બંધુઓને પણ કેટલાય વર્ષોથી એકાસણા ચાલુ છે. પરિચયમાં આવનાર અનેક શ્રાવકો પણ તેઓશ્રીના આલંબનથી એકાસણાના વ્રતધારી બનેલા છે. વર્ધમાન તપની ૩૯ ઓળી તથા એક અઠ્ઠાઇની તપશ્ચર્યા પણ આ પૂજ્યશ્રીએ કરેલી છે.

દીક્ષાબાદ અનેક કઠોર અભિગ્રહો તેમણે કર્યા હતા. સળંગ ૧૦ વર્ષ સુધી મેવા, મીઠાઇ, ફ્રુટ અને ફરસાણનો તેમણે ત્યાગ કર્યો હતો. ૧૦ વર્ષ સુધી તેમણે મહિનામાં પચીસ દિવસ દૂધનો પણ ત્યાગ કર્યો હતો. પૂજ્યપાદ ગુરૂદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ની ૧૦૮ ઓળીની અનુમોદના નિમિત્તે પાંચ વર્ષ સુધી પાંચ દ્રવ્યનો અભિગ્રહ કર્યો.

બિહારના ક્ષેત્રોમાં ઘણીવાર માઇલો સુધી દેરાસર કે જૈનોનાં ઘર ન મળે, પ્રભુદર્શન વિના અન્નજળ ન વાપરવાની તેઓશ્રીની તીવ્ર ભાવનાથી આત્મામાં એવું સત્વ વિકાસ પામતું કે ઘણીવાર વૈશાખ જેઠની ગરમીના દિવસોમાં પણ ૨૫/૩૦ કી. મી. થી વધુ પણ ચાલી લેતા, પણ જિનદર્શન વિના મુખમાં પાણીનું ટીપું પણ ન મૂકતા.

તેજ રીતે અનેકવાર નિર્દોષ આહારની ખેવનાથી માઇલોના વિહાર એક સાથે ખેંચી લેતા. નિર્દોષ ગોચરીનો આગ્રહ દીક્ષા દિનથી માંડીને આજ લગી તેમણે જાળવી રાખ્યો છે. પાણી પણ પ્રાયઃ નિર્દોષ વાપરવાની ટેક ૨૫ વર્ષ સુધી તેમણે ટકાવી હતી.

એક વાર ટાઈફોઈડની મોટી માંદગીએ શરીરમાં થાણા નાખ્યા. ૨૧ દિવસ સુધી સંપૂર્ણ પથારીવશ રહ્યા. આ ગંભીર માંદગીમાં પણ એકે દિવસ દોષિત દ્રવ્ય કે ફ્રુટ આદિનો ઉપચાર કે અનુપાન રૂપે પણ ઉપયોગ કર્યો નહિ.

એક વાર તે કહેતા હતા કે ઓછા પેટ્રોલે વધુ અંતર કાપે તે ગાડી સારી કહેવાય છે. તેમ ઓછા ખોરાકથી વધુ કામ આપે તે શરીર પણ તંદુરસ્ત કહેવાય. માટે ઊણોદરી આદિ તપથી શરીરને આપવું ઓછું પણ અપ્રમત્ત રહીને તેની પાસેથી કામ વધારે લેવું.

માઈલ જેટલું દૂર જવું પડે તો પણ શુદ્ધ સ્થંડિલ ભૂમિમાં જ સ્થંડિલ જવાનું તેઓશ્રી પસંદ કરે છે.

## ઉપયોગ પ્રધાન જીવન :

ઝીણી ઝીણી બાબતોમાં પણ તેઓ ઉપયોગશીલ છે. જીવનરક્ષામાં ખૂબ સહાયક બને તેવા ઉપકરણો વાપરવાના આગ્રહી છે. ઉઠતા, બેસતા, લેતા, મૂકતા પ્રમાર્જના આદિનો ઉપયોગ તેમના જીવનમાં સહજ બન્યો છે. સંયમના ઉપકરણોને આદરપૂર્વક વ્યવસ્થિત રાખવાનો આગ્રહ તેમણે પહેલેથી રાખ્યો છે. જીવનમાં સાદગીને મુખ્યતા આપી છે. ઉપકરણો સાધ્વીજી ભગવંતો પાસે તૈયાર કરાવવાથી તેમના સ્વાધ્યાય આદિમાં અંતરાય ઊભો થાય, તેથી શકયતયા તે સર્વ કાર્યો પોતે જ કરવાના તે હિમાયતી છે. અને તે અંગેની સુંદર કળા પણ તેમને હસ્તગત છે.

પોતાની ઉપધિ અથવા કોઇપણ ચીજ પર ઉજઈ આવે તો તુરત ઉપયોગશીલ બને છે. તેઓશ્રી ઘણીવાર કહે છે કે આજના જમાનામાં લોકો લોકલ ટ્રેનથી મુસાફરી નથી કરતા ફાસ્ટ ટ્રેઇન પણ ઓછી પસંદ કરે છે હવે તો એરમાં જ મુસાફરી કરે છે. પણ એરની કે ફાસ્ટ ટ્રેઈનની મુસાફરી આપણને ન પાલવે. એક ટૂકડો પણ માંડલીમાં દૂર બેઠેલા સાધુને પહોંચાડવો હોય તો સીધો ન ફેંકાય વચ્ચેના બધા સ્ટેશન કરીને આપણો ટૂકડો ત્યાં પહોંચવો જોઇએ. ફેંકાફેંક થાય તો વાયુકાયની ખૂબ વિરાધના થઈ જાય.

વડીલ પૂજ્યોના આસનને પગનો અંગૂઠો અડી જાય તો તેઓશ્રી પ્રાયશ્ચિત કરી લે છે. અત્યંત અલ્પ પાણીમાં યતનાપૂર્વક કાપ કાઢવાની તેમની આવડત સહુ શ્રમણોને માટે આદર્શરૂપ છે.

૩૬ વર્ષનો દીર્ઘ પર્યાય થવા છતા આજે પણ તેઓશ્રી સાંજે માત્ર પરઠવવાની વસ્તી જોઈ આવે છે.

## પૂ. પંન્યાસ પ્રવર સમતાસાગર ગુરૂદેવ શ્રી પદ્મવિજયજી મહારાજા :

પૂજ્ય મુનિરાજશ્રીના ગુરૂદેવ પૂ. પંન્યાસ પ્રવર શ્રી પદ્મવિજયજી મહારાજા એક વિશિષ્ટ સંયમી પુરુષ હતા. અત્યંત આદરથી તેઓશ્રી તારક સંયમ ચર્યાઓનું રૂડું પાલન કરતા હતા. તેઓશ્રીના વિચાર વાણી અને વર્તમાનમાંથી નર્યો વિરાગ નીતરતો. મધુર કંઠે વૈરાગ્યની સજ્ઝાયો ગાતા ત્યારે શ્રોતાઓના દિલ વૈરાગ્યથી ભીના થતા. તપ, ત્યાગ અને સંયમના એ અપૂર્વ આરાધક સાધક અજોડ બુદ્ધિ પ્રતિભાને કારણે શ્રુતસાગરના ઊંડાણ સુધી પહોંચીને પ્રકાંડ પાંડિત્ય પામેલા. તેઓશ્રીએ કુશળતા પૂર્વક અનેક શ્રમણોને સુંદર અધ્યયન કરાવ્યું. અનેક શ્રમણોના જીવન ઘડતરમાં તેમનો ઘણો ફાળો હતો. તેઓશ્રીની સહિષ્ણુતા પણ આશ્ચર્યજનક હતી. કેન્સરના અસાધ્ય વ્યાધિની અસહ્ય વેદનાઓને તેમણે પ્રસન્નતાથી સહી હતી. તે વ્યાધિની વેદના વચ્ચે પણ તેમણે ૩૦ ઉપવાસ જેવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરી હતી. અત્યંત સહિષ્ણુતા જોઈને ડૉકટરો પણ મુગ્ધ બની જતા.

આ ગુણગણનિધિ ગુરુદેવ પૂ. પં. પ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવર પિંડવાડા મુકામે સં. ૨૦૧૭ માં કાળધર્મ પામતાં પૂ. મુનિરાજશ્રી વધુ જાગૃત બન્યા. સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીના અનુપમ ગુણોને પોતાના જીવનમાં સ્થાન આપવા તે કટીબદ્ધ બન્યા.

## મન્ત્રમૂલં ગુરોર્વાક્યમ્ ।

પૂ. પં. પ્રવરશ્રી જગચ્ચંદ્ર વિજયજી મ. સા. સંયમ જીવનના પ્રારંભથી જ ગુરૂ વચનના અવ્વલ ઉપાસક છે. ગુરૂજનોની આજ્ઞાને શિરસાવંદ્ય કરવાનું જ તેઓશ્રી શીખ્યા છે. ન્યાયની પંક્તિઓનું **નનુનચ** કરીને ખંડન કરતા આ તાર્કિક શિરોમણિને ગુરૂવચન ક્યારેય ખંડન પાત્ર લાગ્યું નથી !

સં. ૨૦૧૫ માં સ્વ. પૂ. પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા આદિ વિશાલ મુનિગણની સાથે તેમનો સુરેન્દ્રનગરમાં ચાતુર્માસ પ્રવેશ થઈ ગયો હતો. પૂ. મુનિરાજશ્રી ગુણાનંદ વિજયજી (હાલ પૂ. આ. દેવશ્રી ગુણાનંદસૂરીશ્વરજી) વીસનગર ચાતુર્માસાર્થે પધાર્યા હતા. શરીરની પ્રતિકૂળતાને કારણે વ્યાખ્યાન વાંચવાની તેમને અનુકૂળતા ન હોવાથી પૂજ્યપાદ ગુરૂદેવશ્રીએ જગચ્ચંદ્ર વિજયજીને વીસનગર જવા ફરમાવ્યું. ક્ષણનોય વિચાર કર્યા વિના આ ગુરૂભક્ત

મુનિરાજશ્રીએ ગુરૂવચનને શિરસાવંદ્ય કર્યું. તે દિવસે તો પોતાને ઉપવાસ હતો. બીજા દિવસે પારણું કરીને વીસનગરનો વિહાર આરંભી દીધો. ઉગ્રવિહાર કરી માત્ર ૯ દિવસમાં સુરેન્દ્રનગરથી વીસનગર પહોંચ્યા. અષાઢ સુદ ૧૪ના દિવસે વીસનગરમાં તેઓશ્રીએ પ્રવેશ કર્યો. આ છે આ પૂજ્ય મુનિરાજશ્રીનું અનુકરણ યોગ્ય ગુર્વાજ્ઞાપાલન.

## મોક્ષમૂલં ગુરોકૃપા !

વિનય ભક્તિ અને બહુમાનથી ગુરૂજનોની ખૂબ ઉપાસના કરી. તેથી ગુરૂજનોના અત્યંત કૃપાપાત્ર બન્યા. અદ્ભુત સ્વાધ્યાય પ્રેમ, પ્રકાંડ પાંડિત્ય, વિશિષ્ટ વિનમ્રતા, અને તપ ત્યાગ સંયમપૂર્ણ ઉચ્ચ જીવનને કારણે ગુરુજનોના હૃદયમાં વસ્યા હતા. અમોઘ ગુરુકૃપાના કારણે જ જીવનમાં અનેક રીતે તેઓશ્રી પ્રગતિ સાધી શકયા છે.

પૂજ્યપાદ ગુરૂદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાને વૃદ્ધાવસ્થા તથા વાના દુઃખાવાને કારણે ભક્તિથી શિષ્યો સ્ટ્રેચરમાં ઉચકતા. એકવાર એક સાધુએ સાહેબજીને કહ્યું : "સાહેબજી હવે આપ સ્થિરવાસ કરો તો?" ત્યારે જવાબમાં સાહેબજીએ કૃપાપાત્ર મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજીને આગળ કર્યા.

"આ જગચ્ચંદ્ર કહે તો સ્થિરવાસ કરું."

ગુરૂ મુખેથી પોતાનું નામ નીસરે તે શિષ્યનું પરમ અહોભાગ્ય હોય છે. આ રીતે આ અહોભાગ્ય તેઓશ્રી અનેકવાર પામતા.

## શ્રમણ ઘડતરનું કૌશલ્ય :

સ્વયં તો એક સુવિશુદ્ધ સંયમના આરાધક અને સ્વાધ્યાય વ્યસની હતા જ, તદુપરાંત તેઓશ્રીની સંયમ શુદ્ધિ અને કુશળતા પેખીને ગુરૂવર્યો ઘડતર માટે નૂતન તેજસ્વી શ્રમણો તેમને સોંપતા. આશ્રિત શ્રમણ સંયમી અને સ્વાધ્યાય રસિક બને તેનું તે ખાસ લક્ષ્ય રાખતા. પૂજ્ય મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મ. સા. જેવા અનેક સમર્થ શ્રમણોના ઘડતરમાં તેઓશ્રીનો ઘણો ફાળો છે.

## વ્યથામાંથી સર્જન :

સં. ૨૦૨૪ના વૈશાખ વદ ૧૧ની રાત્રીએ સંઘ કૌશલ્યાધાર સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનો દેહ

વિલય થયો. જીવન સ્તંભ તૂટી પડતાં શ્રમણો ચોધાર આંસુએ કાળો કલ્પાંત કરવા લાગ્યા. વાત્સલ્ય સુધાથી સીંચનારો માળી ચાલ્યો જતા શ્રમણો અત્યંત વ્યથિત બન્યા.

આ પૂજ્ય મુનિરાજશ્રીએ પણ દદંઘેરો આઘાત અનુભવ્યો. પોતાના જીવનઉત્થાનમાં આ સ્વ. પૂજ્યપાદશ્રીનો અપાર ઉપકાર હતો. સ્વ. પૂજ્યપાદશ્રીના અપાર ઉપકારોને અને તેઓશ્રીનાં ગુણગણુથી ભરેલા જીવન વૈભવને તેઓશ્રી યાદ કરતા રહ્યા. પરમોપકારી ગુરૂદેવશ્રી પ્રત્યેની ભકિત વ્યકત કરવા તેઓશ્રીએ "ગુરૂગુણ અમૃતવેલી" નામના એક મનોહર રાસની રચના કરી. સ્વ. પૂજ્યપાદશ્રીના સમગ્ર જીવનને અને સમગ્ર ગુણ વૈભવને આવરી લેતી આ અનુપમ કૃતિ એક વિશિષ્ટ સર્જન છે. નવઢાળના આ રાસમાં સ્વ. પૂજ્યપાદશ્રીના ઉચ્ચત્તમ જીવનનો તો પરિચય થાય જ છે. તદુપરાંત આ પૂજ્ય કવિરાજશ્રીની અદ્ભુત કવિત્વ શકિત અને અસીમ ગુરૂભકિતનો પણ પરિચય થાય છે.

## શાસન પ્રભાવનાના સુકૃતો :

સ્વ. પરમગુરૂદેવશ્રીની હયાતિમાં તો પ્રાયઃ તેઓશ્રીના સાનિધ્યમાં જ રહ્યા. પૂજ્યપાદશ્રીના કાળધર્મ બાદ પૂજ્ય દાદાગુરૂ પૂજ્ય આચાર્ય દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની સાથે જ રહેવા તેઓશ્રી ઇચ્છતા હોવા છતાં સમર્થ હોવાથી ગુર્વાજ્ઞાથી અન્ય ક્ષેત્રોમાં ચાતુર્માસ કરવા જવું પડે છે. ગુરૂવર્યોની અસીમ કૃપાથી જ્યાં જાય ત્યાં તેઓશ્રીની સંયમ નિષ્ઠાની સંઘ પર ઉત્તમ છાપ પડે છે. સંઘમાં આરાધનાનું સુંદર વાતાવરણ જામે છે અને સંઘમાં કોઈ મતભેદ કે મનભેદો હોય તો તે પણ દૂર થાય છે.

તેઓશ્રી રતલામ ચોમાસું બિરાજમાન હતા ત્યારે સંઘમાં ચાલતી પાઠશાળા ધીમે ધીમે આધુનિક શાળામાં રૂપાંતર પામી રહી હતી. તે શાળામાં વ્યાવહારિક શિક્ષણનું પ્રાધાન્ય હતું અને ધાર્મિક શિક્ષણ તદ્દન ગૌણ અને ઉપેક્ષિત હતું. આ પૂજ્યશ્રીના પ્રયત્નથી તે પાઠશાળા પુનઃ ચાલુ થઈ અને તેને કારણે સંઘમાં જાગેલો જુનો સંઘર્ષ પણ દૂર થયો. વળી તે પાઠશાળાના આલંબનથી નજીકના અનેક ગામોમાં પણ પછી પાઠશાળાઓ ચાલુ થઈ ગઈ. અનેક બાળકો ધાર્મિક જ્ઞાન મેળવવાલાગ્યા.

સં. ૨૦૩૦ માં વડાલી ગામે ચાતુર્માસ હતા. સંઘમાં બે સગા ભાઈઓને પરસ્પર વૈર હતું. તે વૈરને પરિણામે સંઘમાં પણ બે ભાગલા પડયા હતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી ચાતુર્માસ દરમ્યાન સંઘમાં થયેલી

મંગળમય આયંબિલ તપની સળંગ આરાધનાના પ્રભાવે તથા પૂજ્યશ્રીની સમજાવટથી વર્ષો જુના તે વૈરનું વિસર્જન થયું.

તેઓશ્રીની પ્રેરણાથી પૂના ભવાની પેઠમાં ટીમ્બર માર્કેટમાં કાયમી વર્ધમાન તપ આયંબિલ ખાતું શરૂ થયું છે.

આ પૂજ્યશ્રીની નિશ્રામાં રતલામથી નાગેશ્વર તથા વડાલીથી તારંગાજીના છ'રી પાલિત પ્રભાવક તીર્થયાત્રાસંઘોના આયોજન થયા હતા.

અમદાવાદ નગરમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ સોસાયટીના જિનાલયમાં તેઓશ્રીના વરદ હસ્તે પરમાત્માને ગાદીનશીન કરાવવામાં આવ્યા હતા.

તેઓશ્રીના પાવન સાનિધ્યમાં કરબટીયા આદિ સ્થાનોમાં મંગલમય ઉપધાન તપના સામુદાયિક અનુષ્ઠાનોનું આયોજન થયું હતું.

## વિહાર ક્ષેત્રો :

ભારત ભૂમિમાં અનેક ખૂણાઓમાં તેઓશ્રી પહોંચ્યા છે. અનેક તારક તીર્થભૂમિઓની તેઓશ્રીએ યાત્રા કરી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મેવાડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક આદિ અનેક રાજ્યોમાં તેઓશ્રી વિચર્યા છે. અનેક પવિત્ર તીર્થભૂમિઓની તેઓશ્રીએ પવિત્ર સ્પર્શના કરી છે. અનેક ગામ અને નગરોની ધરતી તેઓશ્રીના પુનિત પદાર્પણથી પુલકિત બનેલી છે. હજારો માઈલનો વિહાર કર્યો છે. વિહારના દિવસોમાં પણ સંયમના અન્ય યોગોને સીદાવા દીધા નથી.

## વૈયાવૃત્ય તપ ભલો :

૧૨ પ્રકારના તપમાં વૈયાવૃત્ય એ વિશિષ્ટ કોટિનો અભ્યંતર તપ છે. આ પૂજ્ય મુનિરાજશ્રીએ આ તપને સારો સાધ્યો છે. સમર્થ હોવાથી ગુર્વાજ્ઞાથી ચાતુર્માસ માટે અન્યત્ર જવું પડે તેથી ગુરૂચરણની સેવાથી વંચિત રહેવું પડે. સમુદાયના વૃદ્ધ અને અશક્ત શ્રમણોની સેવાનો લાભ તેટલો જ મોટો માનીને પોતાની સાથે ચાતુર્માસમાં આવા એકાદ સેવ્ય સાધુને લઇ જઇને તેમની સેવા કરી સંતોષ માનતા.

પૂજ્ય રત્નાંશુવિજય મ. સા. ની પોતે તથા પોતાના શિષ્ય મુનિશ્રી કનકસુંદરવિજયજીએ અપૂર્વ સેવા કરી. ભારે વ્યાધિમાં પણ ગ્લાન મુનિરાજશ્રીને સમાધિ રહે તે માટે વૈયાવચ્ચ ખૂબ કાળજીપૂર્વક કરતા. અંત સમયે તે મુનિરાજશ્રીને સુંદર નિર્યામણા કરાવીને અદ્ભુત સમાધિ આપી.

તે સ્વ. પૂ. રત્નાંશુવિજય મ. સા. ના શિષ્યરત્ન વયોવૃદ્ધ પૂજ્ય મુનિરાજશ્રી જિતશેખરવિજયજીની પણ છેલ્લા ૧૦ વર્ષ ખૂબ સેવા કરી. ચારથી પાંચ ઓપરેશન થયા અને છેલ્લા પાંચેક વર્ષ તો પથારીવશ રહ્યા. તે મુનિરાજશ્રીની મમતા અને લાગણીપૂર્વક સુંદર સેવા કરી. તે આરાધક આત્મા પણ સંયમ જીવનની સુંદર આરાધના કરીને ૮૪ વર્ષની વયે કાળધર્મ પામ્યા.

આ રીતે બીજા પણ અનેક શ્રમણોની આવી વિશિષ્ટ ભકિતના પ્રસંગો ઉપસ્થિત થતાં તેમણે લાભ લીધો છે. તેમજ તેમના શિષ્યોએ પણ એજ રીતે આ વૃદ્ધ મહાત્માઓની ખૂબ જ સેવા બજાવી છે.

## પ્રભુ મિલનનો સેતુ : પ્રભુ ભક્તિ :

આ પૂજ્ય શ્રી જિનેશ્વરની આજ્ઞાના ઉત્તમ આરાધક તો છે જ સાથે સાથે જિનદર્શન, ભાવપૂજા અને તીર્થયાત્રાના પણ તેવા જ રસિક છે. પરમાત્માનું દર્શન કરતાં લયલીન બની જાય છે. જિનભકિતમાં તરબોળ બનીને તેઓશ્રી પરમાત્મા સાથે દ્રષ્ટિનું ઐકય સાધી લે છે.

## આરાધક શિષ્ય વર્ગ :

આ પૂજ્ય મુનિરાજશ્રી ચાર ઉત્તમ શિષ્ય પ્રશિષ્યોના ગુરૂ છે. શિષ્યોના નામ

૧ મુનિશ્રી કનકસુંદરવિજયજી
૨ મુનિશ્રી અભયચંદ્રવિજયજી
૩ મુનિશ્રી હીરચંદ્રવિજયજી
૪ મુનિશ્રી નિર્મોહચંદ્રવિજયજી

તેઓશ્રીના આલંબન, કૃપા, પ્રેરણા અને માર્ગદર્શનથી શિષ્યોમાં પણ તપ નિષ્ઠા, સંયમ નિષ્ઠા, અને સ્વાધ્યાય નિષ્ઠા સારી નજરે ચડે છે. મુનિશ્રી કનક સુંદરવિજયજીએ એકવાર સળંગ ૩૫૭ આયંબીલ અને એકવાર સળંગ ૫૦૫ આયંબીલની આરાધના કરી છે. વર્ધમાન તપની ૮૬ ઓળીઓ તેમણે પૂર્ણ કરી છે.

મુનિરાજશ્રી અભયચંદ્રવિજયજીએ ૧૮ વર્ષની કિશોરવયમાં ૫૫૫ સળંગ આયંબીલ કર્યા. અને વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના તારક સાનિધ્યમાં અમદાવાદ મુકામે ભવ્ય મહોત્સવપૂર્વક પારણું થયું. તેમના પારણા

પ્રસંગે ૨૪૦૦૦ આયંબીલની ઉછામણીઓ થઇ. અને ૧૦૦૦૦ આયંબીલની આરાધના થઇ હતી. આ મુનિરાજે લઘુ વયમાં જ ૫૫ ઓળીઓ પૂર્ણ કરી દીધી છે.

તેમના સહુ શિષ્યો નિર્દોષ ગોચરી આદિ સંયમ શુદ્ધિની ખેવનાવાળા છે, સ્વાધ્યાયના રસિક છે, અને ગુરૂભકત છે.

આ પૂજ્યશ્રી વાત્સલ્યથી શિષ્યોનું સુંદર ઘડતર કરી રહ્યા છે. શિષ્યોના હૃદયમાં ઉપાસ્ય સ્થાન તેઓશ્રીએ પ્રાપ્ત કર્યું છે. ક્ષણ પણ છૂટા પડવાનું શિષ્યોને આકરૂ લાગે છે.

શિષ્યોને અવારનવાર પ્રેરક હિતશિક્ષા આપી સંયમ યોગામાં વધુ ઉલ્લસિત બનાવે છે.

## સંસારી સ્વજનો સંયમના પંથે :

આ પૂજ્યશ્રીના આદર્શને દ્રષ્ટિ સમક્ષ રાખીને તથા તેઓશ્રીની પાવન પ્રેરણાને ઝીલીને તેઓશ્રીના પગલે પગલે કુટુંબમાંથી કેટલાક અન્ય સભ્યો પણ પ્રવજિત બન્યા છે. તેઓશ્રીના ફોઈની બે દીકરીઓ સાધ્વીશ્રી સુગુણાશ્રીજી અને સાધ્વીશ્રી સુધર્માશ્રીજી તરીકે, માસીની દીકરી સાધ્વીશ્રી સુલસાશ્રીજી તથા મામાની પુત્રવધૂ પણ સાધ્વી શ્રી નિરંજનાશ્રીજી બનીને સંયમ ધર્મની સુંદર આરાધના કરી રહ્યા છે.

## પદવીધર બન્યા :

સુસંયમી જગચ્ચંદ્રવિજયજીની વિશિષ્ટ યોગ્યતા પેખીને વિશાળ શ્રમણગણનેતા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ તેમને ગણિપદ પ્રદાન કરવાનો નિશ્ચય કર્યો. પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રીયશોભદ્રવિજયજી ગણિવરની નિશ્રામાં સં. ૨૦૩૭ના ચાતુર્માસમાં શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન કર્યા. સં. ૨૦૩૮ના મહા સુદ ૬ ના દિવસે પરમતારક પૂજ્ય દાદાગુરૂદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે નડીયાદ મુકામે તેમને ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું.

પૂજ્યપાદશ્રીની આજ્ઞાથી સં. ૨૦૪૧ ના જેઠ સુદ ૧૦ ના દિવસે પાટણ મુકામે સુવિશુદ્ધ સંયમમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે તેમને સર્વ સૂત્રોની અનુજ્ઞા સ્વરૂપ પંન્યાસપદ પ્રદાન કરવામાં આવ્યું. આવા સંયમી અને સુયોગ્ય આત્માને પંન્યાસપદ આપવાનો લાભ પોતાને મળ્યો તેને આ મહાસંયમી પૂજ્ય આચાર્ય ભગવંતે પોતાનું મહાન અહોભાગ્ય માનેલું.

## સૂરિપદના સાંનિધ્યમાં :

પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવરની યોગ્યતા જાણીને પૂજ્યપાદશ્રીએ તેમને ગૌરવવંતા સૂરિપદથી અલંકૃત કરવાનો શુભ નિરધાર કર્યો છે. સંવત ૨૦૪૪ બીજા જેઠ સુદ ૧૦ના પવિત્ર દિને બેંગ્લોર નગરે વર્ધમાન તપોનિધિ સંઘહિતચિંતક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે તેમને આચાર્યપદ પ્રદાનકરવામાં આવશે. વિશાળ શ્રમણ સમુદાયની ઉપસ્થિતિમાં ભવ્ય મહોત્સવ પૂર્વક આ પૂજ્યશ્રીને આચાર્યપદ અર્પણ કરવાના ધન્ય અવસરને બેંગ્લોરના અને બહારગામના હજારો ભાવુકો નિહાળશે.

## મંગલ મનોરથો :

ગુરૂભગવંત તો સુયોગ્યતા પેખીને પદ અર્પણ કરી રહ્યા છે, પણ લઘુતાગુણ સંપન્ન આ પૂજ્ય પંન્યાસજી ભગવંત પોતાની જાતને અયોગ્ય માને છે તે તેમની વિનમ્રતા છે. ગંભીર જવાબદારી સંપન્ન આ ઉચ્ચ પદ પામી સ્વની સાધનામાં વધુ પુરુષાર્થ ફોરવીને તથા પરકલ્યાણને પણ લક્ષ્યમાં રાખીને આરાધનામાં વધુ ઉજમાળ બનવના મનોરથો સેવી રહ્યા છે. આચાર ચુસ્ત આ પૂજ્યશ્રી આચારપાલનમાં વધુ ચુસ્ત બનવાના મનોરથો સેવી રહ્યા છે.

પરિણતિની શુદ્ધિ અને સામાચારી પરંપરાની રક્ષાના ઉદ્દેશથી આશ્રિતો આદિને વધુ આચાર નિષ્ઠ બનાવવાની પણ ભાવના ધરાવે છે.

સમય આદિના અનુકૂળ સંયોગો સાંપડે તો આચાર નિષ્ઠા કેળવવામાં પ્રેરક શ્રુતસારને ગ્રન્થોમાંથી ઉદ્ધૃત કરીને એક સ્વતંત્ર આચાર ગ્રન્થ રચવાના મંગલ મનોરથ આ પૂજ્યશ્રીના દિલ અને દિમાગમાં રમી રહ્યા છે.

## મંગલ કામના :

આવા એક સુસંયમી અને સુયોગ્ય મહાત્માને ગૌરવવંતા સૂરિપદે આરુઢ કરવામાં આવી રહ્યા છે તે સકલ સંઘ માટે આનંદ અને ગૌરવનો વિષય છે. આ સૂરિપદ અર્પણના સમાચારથી સહુના હૃદયમાં હર્ષ વ્યાપ્યો છે.

સકલ સંઘ અને શાસન સમક્ષ ઉપસ્થિત થયેલી અને થતી અનેક ગંભીર સમસ્યાઓની પોતાની શાસ્ત્ર પરિકર્મિત તીક્ષ્ણ બુદ્ધિથી સચોટ ઉકેલ તેઓશ્રી તરફથી મળતા રહે—

સંઘ પર કૃપા, પ્રેરણા અને ઉપદેશનો ધોધ વરસાવીને તેઓશ્રી ઉપકાર કરતા રહે—

વર્તમાન તથા ભાવિપેઢી માટે વિદ્વદ્ શિરોમણી, ભાવિ આચાર્ય ભગવંત સ્વનિર્મિત શ્રુતનો વધુ વારસો આપતા રહે—

અને દીર્ઘાયુ બની જિનાજ્ઞા, ગુર્વાજ્ઞા અને આ ઉચ્ચ પદવીને અત્યંત વફાદાર રહી સ્વપરનું કલ્યાણ સાધતા રહે તેજ અંતરની અભ્યર્થના.

## આનંદમાં ઉમેરો

પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી દ્વિતીય જેઠ સુદ ૧૦ના આ પવિત્ર દિવસે જ કોલ્હાપુર નગરે પરમાત્મ ભક્તિરસિક પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી જયશેખરવિજયજી ગણિવર તથા પાદરલી મુકામે શાસન પ્રભાવક પૂજ્યપાદ પં. પ્રવરશ્રી ગુણરત્ન વિજયજી ગણિવરને પણ આ ગૌરવવંતા તૃતીય પદે આરૂઢ કરવામાં આવશે.

તે બન્ને પૂજ્ય દીર્ઘાયુ બની અનેક રીતે સ્વપરના કલ્યાણ સાધતા રહીને શાસનની સેવા બજાવે તે મંગલ કામના.

# પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી જગચ્ચંદ્રવિજયજી ગણિવરના ચાતુર્માસ સ્થાનો

| સંવત | સ્થળ | |
|---|---|---|
| ૨૦૦૮ | લાલબાગ મુંબઇ | |
| ૨૦૦૯ | દાદર ,, | |
| ૨૦૧૦ | ,, ,, | |
| ૨૦૧૧ | પૂના | |
| ૨૦૧૨ | દાદર મુંબઈ | |
| ૨૦૧૩ | જ્ઞાનમંદિર | અમદાવાદ |
| ૨૦૧૪ | કાળુશીનીપોળ | ,, |
| ૨૦૧૫ | વીસનગર | |
| ૨૦૧૬ | શિવગંજ | મારવાડ |
| ૨૦૧૭ | પિંડવાડા | ,, |
| ૨૦૧૮ | ,, | ,, |
| ૨૦૧૯ | જાવાલ | ,, |
| ૨૦૨૦ | પિંડવાડા | ,, |
| ૨૦૨૧ | પાટણ | |
| ૨૦૨૨ | દશાપોરવાડ સોસાયટી અમદાવાદ | |
| ૨૦૨૩ | ખંભાત | |
| ૨૦૨૪ | ,, | |
| ૨૦૨૫ | મહેસાણા | |
| ૨૦૨૬ | પિંડવાડા | મારવાડ |
| ૨૦૨૭ | જાલોર | ,, |
| ૨૦૨૮ | ઇડર | |
| ૨૦૨૯ | રતલામ | |
| ૨૦૩૦ | વડાલી | |
| ૨૦૩૧ | કરબટીયા | |
| ૨૦૩૨ | ડીસા | |
| ૨૦૩૩ | અહમદનગર | |


| સંવત | સ્થળ : | |
|---|---|---|
| ૨૦૩૪ | ઘાટકોપર | મુંબઈ |
| ૨૦૩૫ | દાદર | ,, |
| ૨૦૩૬ | પૂના | ભવાનીપેઠ |
| ૨૦૩૭ | સાણંદ | |
| ૨૦૩૮ | ઓપેરા સોસાયટી અમદાવાદ | |
| ૨૦૩૯ | વિદ્યાશાળા | ,, |
| ૨૦૪૦ | પગથીયાનો ઉપાશ્રય | ,, |
| ૨૦૪૧ | બરલુટ | મારવાડ |
| ૨૦૪૨ | વડાલી | |
| ૨૦૪૩ | કોલ્હાપુર | |

સિધ્ધાન્ત મહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

- **જન્મ:**
  વિ.સં. ૧૯૪૦/ફાગણ સુદ ૧૫
- **જન્મસ્થળ:**
  નાંદીયા (મોસાળ ગામ)
- **નામ:**
  પ્રેમચંદ
- **માતા/પિતા**
  કંકુબાઈ/ભગવાનજીભાઈ
- **દીક્ષા:**
  વિ.સં. ૧૯૫૭/કારતક વદ ૬
- **દીક્ષાસ્થળ:**
  પાલીતાણા–(તળેટી)
- **ગુરુદેવ:**
  પૂ.આ. શ્રીમદ્વિજય **દાનસૂરીશ્વરજી મહારાજ**
- **ગણિપદ:**
  વિ.સં. ૧૯૭૬/કારતક વદ-૬/ડભોઈ
- **પંન્યાસપદ:**
  વિ.સં. ૧૯૮૧/કારતક વદ-૬/અમદાવાદ
- **ઉપાધ્યાય પદ:**
  વિ.સં. ૧૯૮૭/કારતક વદ-૩/મુંબઈ
- **આચાર્ય પદ:**
  વિ.સં. ૧૯૯૧/ચૈત્ર સુદ-૧૪/રાધનપુર
- **સ્વર્ગવાસ:**
  વિ.સં. ૨૦૨૪/વૈશાખ વદ ૧૧/ખંભાત



એક અંધારી રાત્રે
વાત્સલ્યના મહાસાગરે
પૃથ્વીતલ પરથી આખરી વિદાય લીધી.
ચારેબાજુ વિરહનો રણ પથરાઈ ગયો.
શ્રમણ સરિતાની નાની નાની આંખો
મોટા મોટા આંસુઓથી ઉભરાવા લાગી.
જેમાં રાસકારના આંસુઓએ
એક ચમત્કાર સર્જ્યો
વિરહના રણ પર પડેલા
વ્યથાના એ આંસુઓએ
એક અમૃતવેલને જન્મ આપ્યો.
૯ ઢાળમાં વિસ્તરેલ આ વેલને
જગતે 'ગુરુગુણ અમૃતવેલી' તરીકે જાહેર કરી.



મુદ્રક : જીતેન્દ્ર બી. શાહ ॐ જીગી પ્રિન્ટર્સ • ૩૦૫, મહાવીર દર્શન, કસ્તુરબા ક્રોસ રોડ નં. ૫,
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૬ ફોન : C/o ૩૧૭૮૧૦ / ૨૯૫૫૭૬